رُبَمَا يَوَدُّ الَّذِينَ كَفَرُوا لَوْ كَانُوا مُسْلِمِينَ ﴿٢﴾
ذَرْهُمْ يَأْكُلُوا وَيَتَمَتَّعُوا وَيُلْهِهِمُ الْأَمَلُ فَسَوْفَ
يَعْلَمُونَ ﴿٣﴾ وَمَا أَهْلَكْنَا مِن قَرْيَةٍ إِلَّا وَلَهَا كِتَابٌ
مَّعْلُومٌ ﴿٤﴾ مَّا تَسْبِقُ مِنْ أُمَّةٍ أَجَلَهَا وَمَا يَسْتَأْخِرُونَ ﴿٥﴾
وَقَالُوا يَا أَيُّهَا الَّذِي نُزِّلَ عَلَيْهِ الذِّكْرُ إِنَّكَ
لَمَجْنُونٌ ﴿٦﴾ لَّوْ مَا تَأْتِينَا بِالْمَلَائِكَةِ إِن كُنتَ
مِنَ الصَّادِقِينَ ﴿٧﴾ مَا نُنَزِّلُ الْمَلَائِكَةَ إِلَّا
بِالْحَقِّ وَمَا كَانُوا إِذًا مُّنظَرِينَ ﴿٨﴾ إِنَّا نَحْنُ نَزَّلْنَا
الذِّكْرَ وَإِنَّا لَهُ لَحَافِظُونَ ﴿٩﴾ وَلَقَدْ أَرْسَلْنَا مِن
قَبْلِكَ فِي شِيَعِ الْأَوَّلِينَ ﴿١٠﴾ وَمَا يَأْتِيهِم مِّن
رَّسُولٍ إِلَّا كَانُوا بِهِ يَسْتَهْزِئُونَ ﴿١١﴾ كَذَٰلِكَ نَسْلُكُهُ

**ઘણીએ ઈચ્છા કરશે કાફિરો[૧] (કે ક્યાંક તેઓ) મુસલમાન હોતે (૨) તેમને છોડો કે (તેઓ) ખાય[૨] અને વાપરે[૩] અને આશા[૪] તેમને રમતમાં નાખે. તો હમણાં જ જાણી લેશે[૫] (૩) અને જે ગામ અમે વિનાશિત કર્યું તેનું એક ચોક્કસ લખાણ હતું[૬] (૪) કોઈ ટોળું પોતાના વાયદાથી આગળ વધે ન પાછળ હટે (૫) અને બોલ્યા;[૭] 'અય તે જેના પર કુરઆન ઉતર્યું ! બેશક ! તમે ગાંડા છો[૮] (૬) અમારી પાસે ફરિશ્તાઓ કેમ લાવતા નથી[૯] જો તમે સાચા હોઉ તો ?[૧૦] (૭) અમે ફરિશ્તાઓ બેકાર ઉતારતા નથી, અને તેઓ ઉતરે તો તેમને મહેતલ આપે નહિ[૧૧] (૮) બેશક ! અમે ઉતાર્યું છે આ કુરઆન અને બેશક ! અમે પોતે એને સાચવનાર છીએ[૧૨] (૯) અને બેશક ! અમે તમારાથી પહેલાં આગલી ઉમ્મતોમાં રસૂલ મોકલ્યા (૧૦) અને તેમની પાસે કોઈ રસૂલ આવતો નહિ પણ (તેઓ) તેની ઠેકડી ઉડાડે છે[૧૩] (૧૧) અમે આવી રીતે જ આ**

૧. જીવ નીકળતી વખતે અઝાબ દેખીને આવી ઇચ્છા કરશે જ્યારે કાફિરને વિદિત થઇ જશે કે તે ખોટા માર્ગે હતો. અથવા આખેરતના દિવસે કયામતની સખ્તીઓ અને ભયાનકતાઓ અને પોતાના અંજામ અને પરિણામ જોઇને. ઝુજાજનું કથન છે કે, કાફિર જ્યારે કદી પણ પોતાના અઝાબની પરિસ્થિતિ અને મુસલમાનો પર અલ્લાહની રહમત જોશે ત્યારે દરેક સમયે ઇચ્છા કરશે કે,

૨. અય મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ!

૩. દુનિયાની લિજ્જતો.

૪. નેઅમત લિજ્જત અને લાંબા આયુષ્યની જેના કારણે તેઓ ઇમાનથી વંચિત છે.

૫. પોતાનું પરિણામ. આમાં ચેતવણી છે કે લાંબી આશાઓમાં ફસાઇ જવું અને દુનિયાની લિજ્જત ઢુંઢવામાં ડૂબી જવું ઇમાનદારને છાજતુ નથી. હઝરત અલી રદિયલ્લાહો અન્હોએ ફરમાવ્યું છે કે લાંબી આશાઓ આખેરતને ભૂલાડે છે અને કામનાઓનું અનુકરણ સત્યથી રોકે છે.

૬. લવહે મહફૂઝમાં, તે ચોક્કસ સમયે જ તે હલાક થયું.

૭. મક્કાના કાફિરો હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને.

૮. તેમનું એ કહેવું ઠઠ્ઠા મશ્કરી અને ઠેકડી ઉડાડવા રૂપે હતું જેવું કે ફિરઔને હઝરત મૂસા અલયહિસ્સલામને કહ્યું હતું, ''ઇન્ન રસૂલકુમુલ્લઝી ઉરસિલ ઇલયકુમ મજનૂન (બેશક! તમારા રસૂલ જે તમારી પાસે મોકલવામાં આવ્યા છે તે ગાંડા છે)

૯. જેઓ તમારા રસૂલ હોવાની અને કુરઆન અલ્લાહની કિતાબ હોવાની સાક્ષી આપે.

فِي قُلُوبِ الْمُجْرِمِينَ ﴿١٢﴾ لَا يُؤْمِنُونَ بِهِ وَقَدْ خَلَتْ
سُنَّةُ الْأَوَّلِينَ ﴿١٣﴾ وَلَوْ فَتَحْنَا عَلَيْهِمْ بَابًا مِنَ السَّمَاءِ
فَظَلُّوا فِيهِ يَعْرُجُونَ ﴿١٤﴾ لَقَالُوا إِنَّمَا سُكِّرَتْ
أَبْصَارُنَا بَلْ نَحْنُ قَوْمٌ مَسْحُورُونَ ﴿١٥﴾ وَلَقَدْ
جَعَلْنَا فِي السَّمَاءِ بُرُوجًا وَزَيَّنَّاهَا لِلنَّاظِرِينَ ﴿١٦﴾ وَ
حَفِظْنَاهَا مِنْ كُلِّ شَيْطَانٍ رَجِيمٍ ﴿١٧﴾ إِلَّا مَنِ اسْتَرَقَ
السَّمْعَ فَأَتْبَعَهُ شِهَابٌ مُبِينٌ ﴿١٨﴾ وَالْأَرْضَ
مَدَدْنَاهَا وَأَلْقَيْنَا فِيهَا رَوَاسِيَ وَأَنْبَتْنَا فِيهَا مِنْ
كُلِّ شَيْءٍ مَوْزُونٍ ﴿١٩﴾ وَجَعَلْنَا لَكُمْ فِيهَا مَعَايِشَ
وَمَنْ لَسْتُمْ لَهُ بِرَازِقِينَ ﴿٢٠﴾ وَإِنْ مِنْ شَيْءٍ إِلَّا
عِنْدَنَا خَزَائِنُهُ وَمَا نُنَزِّلُهُ إِلَّا بِقَدَرٍ مَعْلُومٍ ﴿٢١﴾

**ઠેકડીને એ ગુનેહગારોના દિલમાં માર્ગ આપીએ છીએ (૧૨) તેઓ[૧૪] આના પર ઈમાન લાવતા નથી. અને આગલાઓનો રસ્તો પડી ચૂક્યો છે[૧૫] (૧૩) અને જો અમે એમના માટે આકાશમાં કોઈ દરવાજો ખોલી આપીએ કે દિવસે એમાં ચઢે (૧૪) તો પણ એવું જ કહેત કે; 'અમારી નજર બાંધી દેવામાં આવી છે બલ્કે અમારા પર જાદુ કરવામાં આવ્યું છે'[૧૬] (૧૫) અને બેશક! અમે બનાવ્યા આસ્માનમાં બુરજો[૧૭] અને જોનારાઓ માટે તેને શણગાર્યા[૧૮] (૧૬) અને તેને અમે પ્રત્યેક હાંકી કઢાએલા શયતાનથી જાળવ્યા[૧૯] (૧૭) પણ જે ચોરીથી સંતાઇને સાંભળવા જાય તો તેની પાછળ પડે છે સ્પષ્ટ અંગારો[૨૦] (૧૮) અને અમે પૃથ્વી ફેલાવી અને તેમાં લંગર નાખ્યા[૨૧] અને તેમાં દરેક વસ્તુ અંદાજથી ઉગાડી (૧૯) અને તમારા માટે એમાં રોજી કરી આપી[૨૨] અને તે કરી આપ્યા જેમને તમે રોજી આપતા નથી[૨૩] (૨૦) અને કોઈ વસ્તુ (એવી) નથી જેના અમારી પાસે ભંડારો ન હોય[૨૪] અને તેને અમે એક ચોક્કસ અંદાજથી ઉતારીએ છીએ (૨૧)**

૧૦. અલ્લાહ તઆલા એના જવાબમાં ફરમાવે છે.

૧૧. તરત જ અઝાબમાં સપડાવવામાં આવે.

૧૨. ફેરબદલ વધારા અને ઘટાડાથી એને સાચવીએ છીએ. બધા માનવીઓ અને જિન્નાત અને બીજી તમામ મખ્લૂકની મગદૂર નથી કે એમાં એક અક્ષરનો પણ વધારો ઘટાડો કરે અથવા ફેરબદલ કરી શકે. અને અલ્લાહ તઆલાએ કુરઆન કરીમની હિફાઝતનો વાયદો કર્યો છે એટલા માટે આ વિશેષતા માત્ર કુરઆન મજીદની જ છે બીજી કોઇપણ કિતાબને આ વસ્તુ પ્રાપ્ય નથી. આ હિફાઝત ઘણી જાતની છે, એક એ કે કુરઆન શરીફને મોઅ્જિઝો બનાવ્યો કે માનવી (વિ.)નું કલામ એમાં ભળી શકે જ નહીં, એક એ કે એને મૂકાબલા અને હરિફાઇથી બચાવ્યું કે કોઇપણ એના જેવું કલામ બનાવવા શક્તિમાન થાય નહિ, એક એ કે સમગ્ર મખ્લૂકને એને નાબૂદ કે અસ્તિત્વહિન કરી દેવા શક્તિહિન કરી દીધી, કાફિરો સખ્ત દુશ્મની હોવા છતાં આ પવિત્ર કિતાબને નાબૂદ કરી દેવાની તાકાત ધરાવતા નથી.

૧૩. આ આયતમાં કહેવામાં આવ્યું કે જે રીતે મક્કાના કાફિરોએ સૈયદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે જહાલતની વાતો કરી અને આપને મજનૂન કહી આપની બેઅદબી કરી તો જુના ઝમાનાથી કાફિરોની ટેવ પૈગમ્બરો સાથે આવી જ રહી છે અને તેઓ રસૂલોની ઠેકડી ઉડાડતા જ રહ્યા છે. આમાં રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને આશ્વાસન આપવામાં આવ્યુ છે.

૧૪. અર્થાત મક્કાના મુશ્રિકો.

૧૫. કે તેઓ નબીઓને જૂઠાડીને અલ્લાહના અઝાબથી નાશ પામ્યા, એ જ હાલત એમની છે તો

**અને અમે વાદળોને ફળદ્રુપ કરનારી હવાઓ મોકલી[૨૫] તો અમે આકાશમાંથી ઉતાર્યું પછી તે તેમને પીવા આપ્યું અને તમે કંઈ તેના ખજાનચી નથી[૨૬] (૨૨) અને બેશક ! અમે જ જીવાડીએ અને અમે જ મારીએ અને અમે જ વારસદાર છીએ[૨૭] (૨૩) અને બેશક ! અમને ખબર છે તેમની જેઓ તમારામાં આગળ વધ્યા અને બેશક ! અમને જાણ છે તેમની જે તમારામાંથી પાછળ રહ્યા[૨૮] (૨૪) અને બેશક ! તમારો રબ જ તેમને કયામતમાં ઉઠાડશે[૨૯] બેશક ! તે જ ઈલ્મ અને હિકમતવાળો છે (૨૫) અને બેશક ! અમે માનવીને[૩૦] ખખડતી માટીથી બનાવ્યો જે અસલમાં એક કાળો ગંધાતો ગારો હતી[૩૧] (૨૬) અને જિન્નાતને ત્યાર પહેલાં બનાવ્યા ધુમાડા વગરની આગ થી[૩૨] (૨૭) અને યાદ કરો જ્યારે તમારા રબે ફરમાવ્યું ફરિશ્તાઓને; 'કે હું આદમીને બનાવનાર છું ખખડતી માટીથી જે ગંધાતા કાળા ગારાની છે (૨૮) તો જ્યારે હું એને ઠીક બનાવી લઉં અને તેમાં પોતાના તરફની ખાસ આબરૂદાર રૂહ ફૂંકું[૩૩] તો તેના[૩૪] માટે સિજદામાં પડી જજો' (૨૯) તો જેટલાં ફરિશ્તાઓ હતા તે બધા જ સિજદામાં પડયા (૩૦) સિવાય કે ઈબ્લીસ, તેણે**



وَأَرْسَلْنَا الرِّيَاحَ لَوَاقِحَ فَأَنزَلْنَا مِنَ السَّمَاءِ مَاءً
فَأَسْقَيْنَاكُمُوهُ وَمَا أَنتُمْ لَهُ بِخَازِنِينَ ﴿٢٢﴾ وَإِنَّا لَنَحْنُ
نُحْيِي وَنُمِيتُ وَنَحْنُ الْوَارِثُونَ ﴿٢٣﴾ وَلَقَدْ عَلِمْنَا
الْمُسْتَقْدِمِينَ مِنكُمْ وَلَقَدْ عَلِمْنَا الْمُسْتَأْخِرِينَ ﴿٢٤﴾
وَإِنَّ رَبَّكَ هُوَ يَحْشُرُهُمْ إِنَّهُ حَكِيمٌ عَلِيمٌ ﴿٢٥﴾ وَلَقَدْ
خَلَقْنَا الْإِنسَانَ مِن صَلْصَالٍ مِّنْ حَمَإٍ مَّسْنُونٍ ﴿٢٦﴾
وَالْجَانَّ خَلَقْنَاهُ مِن قَبْلُ مِن نَّارِ السَّمُومِ ﴿٢٧﴾ وَإِذْ
قَالَ رَبُّكَ لِلْمَلَائِكَةِ إِنِّي خَالِقٌ بَشَرًا مِّن
صَلْصَالٍ مِّنْ حَمَإٍ مَّسْنُونٍ ﴿٢٨﴾ فَإِذَا سَوَّيْتُهُ
وَنَفَخْتُ فِيهِ مِن رُّوحِي فَقَعُوا لَهُ سَاجِدِينَ ﴿٢٩﴾
فَسَجَدَ الْمَلَائِكَةُ كُلُّهُمْ أَجْمَعُونَ ﴿٣٠﴾ إِلَّا إِبْلِيسَ

એમણે (પણ) અલ્લાહના અઝાબથી ડરવું જોઇએ.

૧૬. અર્થાત આ કાફિરોની હઠ એટલી હદે પહોંચી ગઇ છે કે જો એમના માટે આકાશમાં દરવાજો ખોલી દેવામાં આવે અને એમને તેમાં ચઢવાનું મળે અને દિવસ (ના અજવાળા)માં ત્યાંથી પસાર થાય અને આંખોથી જુએ તો પણ માને નહીં અને એવું કહી દે કે અમારી નઝરબંદી કરી દેવામાં આવી છે અને અમારા પર જાદૂ થયો છે. તો જ્યારે પોતાની આંખે જોયા પછી પણ તેમને શ્રદ્ધા સાંપડે નહિ તો પછી ફરિશ્તાઓના આગમન અને સાક્ષી આપવાથી જેની માંગણી તેઓ કરે છે એમને શું ફાયદો થશે ?

૧૭. જે સિતારાઓની રાશીઓ છે અને તે ૧૨ છે (૧) હમલ (મેખ) (૨) સોર (વૃખ) (૩) જવઝા (મિથુન) (૪) સરતાન (કૃક) (૫) અસદ (સંઘ) (૬) સુંબુલા (કન્યા) (૭) મીઝાન (તુલા) (૮) અકરબ (વૃચ્છિક) (૯) કૌસ (ધન) (૧૦) જદી (મક્ર) (૧૧) દલ્વ (કુંભ) (૧૨) હૂત (મીન).

૧૮. તારાઓ વડે.

૧૯. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું, શયતાનો આસ્માનોમાં પ્રવેશતા હતા અને ત્યાંની ખબરો જોષીઓને આપતા હતા, જ્યારે હઝરત ઇસા અલયહિસ્સલામ પેદા થયા ત્યારે શયતાનો ત્રણ આસ્માનોમાં જવાથી રોકી દેવામાં આવ્યા, જ્યારે સૈયદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની પેદાઇશ થઇ ત્યારે તેઓને બધા જ આસ્માનોમાં પ્રવેશવાથી રોકી દેવામાં આવ્યા.

૨૦. 'શિહાબ' તે સિતારાને કહે છે જે અંગારાની જેમ ચળકતો હોય છે, ફરિશ્તાઓ તેનાથી શયતાનોને મારતા હોય છે.

أَبَىٰٓ أَن يَكُونَ مَعَ ٱلسَّٰجِدِينَ ﴿٣١﴾ قَالَ يَٰٓإِبْلِيسُ
مَا لَكَ أَلَّا تَكُونَ مَعَ ٱلسَّٰجِدِينَ ﴿٣٢﴾ قَالَ لَمْ أَكُن
لِّأَسْجُدَ لِبَشَرٍ خَلَقْتَهُۥ مِن صَلْصَٰلٍ مِّنْ حَمَإٍ
مَّسْنُونٍ ﴿٣٣﴾ قَالَ فَٱخْرُجْ مِنْهَا فَإِنَّكَ رَجِيمٌ ﴿٣٤﴾
وَإِنَّ عَلَيْكَ ٱللَّعْنَةَ إِلَىٰ يَوْمِ ٱلدِّينِ ﴿٣٥﴾ قَالَ رَبِّ
فَأَنظِرْنِىٓ إِلَىٰ يَوْمِ يُبْعَثُونَ ﴿٣٦﴾ قَالَ فَإِنَّكَ مِنَ
ٱلْمُنظَرِينَ ﴿٣٧﴾ إِلَىٰ يَوْمِ ٱلْوَقْتِ ٱلْمَعْلُومِ ﴿٣٨﴾ قَالَ رَبِّ
بِمَآ أَغْوَيْتَنِى لَأُزَيِّنَنَّ لَهُمْ فِى ٱلْأَرْضِ وَلَأُغْوِيَنَّهُمْ
أَجْمَعِينَ ﴿٣٩﴾ إِلَّا عِبَادَكَ مِنْهُمُ ٱلْمُخْلَصِينَ ﴿٤٠﴾ قَالَ
هَٰذَا صِرَٰطٌ عَلَىَّ مُسْتَقِيمٌ ﴿٤١﴾ إِنَّ عِبَادِى لَيْسَ
لَكَ عَلَيْهِمْ سُلْطَٰنٌ إِلَّا مَنِ ٱتَّبَعَكَ مِنَ ٱلْغَاوِينَ ﴿٤٢﴾

**સિજદાવાળાઓનો સાથ સ્વીકાર્યો નહિ[૩૫] (૩૧) ફરમાવ્યું; 'અય ઈબ્લીસ ! તને થયું શું કે સિજદો કરનારાઓથી જુદો રહ્યો ?' (૩૨) બોલ્યો; 'મને છાજતું નથી કે બશર (માનવી) ને સિજદો કરૂં જેને તેં ખખડતી માટીથી બનાવ્યો જે ગંધાતા કાળા ગારાની હતી' (૩૩) ફરમાવ્યું; 'તુ જન્નતમાંથી નીકળી જા તુ મરદૂદ છે (૩૪) અને બેશક ! કયામત સુધી તારા પર લાઅનત છે'[૩૬] (૩૫) બોલ્યો; 'અય મારા રબ ! તુ મને મહેતલ આપ તે દિવસ સુધીની કે તેઓ ઉઠાવવામાં આવે'[૩૭] (૩૬) ફરમાવ્યું; 'તુ તેમનામાં છે જેમને મહેતલ છે (૩૭) તે ચોક્કસ સમયના દિવસ સુધી'[૩૮] (૩૮) બોલ્યો; 'અય મારા રબ ! કસમ તેની કે તેં મને ભટકાવ્યો હું તેમને ધરતીમાં ભૂલામણીમાં નાખીશ[૩૯] અને અવશ્ય હું એ બધાને[૪૦] માર્ગવિનાના કરી દઈશ (૩૯) પરંતુ જે એમનામાં તારા ચુંટાએલા બન્દા છે[૪૧] (૪૦) ફરમાવ્યું; 'આ રસ્તો સીધો મારી તરફ આવે છે (૪૧) બેશક ! મારા[૪૨] બન્દાઓ પર તારો કશો કાબૂ નથી તે ગુમરાહો સિવાય જે તારો સાથ આપે[૪૩] (૪૨)**

૨૧. પહાડોના જેવી મજબૂત અને અચળ રહે અને હલે નહિ.

૨૨. અનાજ ફળ વિગેરે.

૨૩. લોંડી, ગુલામ, જાનવરો વિગેરે.

૨૪. ભંડારો હોવાનો મતલબ સત્તા અને અધિકાર છે. અર્થ એ છે કે અમે પ્રત્યેક વસ્તુ પેદા કરવા શક્તિમાન છીએ જેટલી ઇચ્છીએ તેટલી અને જેટલો અંદાજો રહસ્ય અને હિકમત મુજબ હોય તેટલી.

૨૫. જે વસ્તીઓને પાણીથી ભરી દે છે અને તૃષા સંતોષે છે.

૨૬. કે પાણી તમારા તાબામાં હોય તમને એની હાજત છે છતાં આમાં અલ્લાહની કુદરત અને બન્દાઓની લાચારીનું અનેરૂ વર્ણન છે.

૨૭. અર્થાત બધી જ મખ્લૂક ફના થનારી છે અને અમે જ બાકી રહેનાર છીએ અને માલિકીનો હક દાવો કરનારાઓની માલેકી ખતમ થઇ જશે અને તમામ માલિકોનો માલિક બાકી રહેશે.

૨૮. અર્થાત આગળની ઉમ્મતો અને ઉમ્મતે મોહમ્મદીયહ જે બધી ઉમ્મતોમાં પાછલી છે. અથવા તે જેઓ આજ્ઞાપાલન અને સહકાર્યોમાં આગળ વધનારા છે અને તે જેઓ આળસના કારણે પાછળ પડી જાય છે. અથવા તેઓ જે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા આગળ વધનારા છે અને તેઓ જે કારણસર પાછળ રહી જનાર છે.

**શાને નુઝૂલ** : હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમા દ્વારા રિવાયત બયાન થઇ છે કે, હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે જમાઅતની નમાઝમાં પહેલી સફની ફઝીલતો બયાન ફરમાવી ત્યારે સહાબા

**અને બેશક ! જહન્નમ એ બધાનો વાયદો છે[૪૪] (૪૩) તેના સાત દરવાજાઓ છે[૪૫] દરેક દરવાજાઓ માટે તેમનામાંથી એક ભાગ વહેંચાએલો છે[૪૬] (૪૪) બેશક ! ડરવાળાઓ બગીચાઓ અને ઝરણાઓમાં છે[૪૭] (૪૫) એમાં પ્રવેશો સલામતીની સાથે શાંતિમાં[૪૮] (૪૬) અને અમે તેમના સીનાઓમાં જે કંઈ[૪૯] કીના હતા તે બધા ખેંચી લીધા,[૫૦] અંદરો અંદર ભાઈ ભાઈ છે[૫૧] ગાદીઓ પર રૂબરૂ બેઠેલા (૪૭) ન એમને એમાં કશી તકલીફ પહોંચે ન તેઓ એમાંથી કાઢવામાં આવે (૪૮) ખબર આપો[૫૨] મારા બન્દાઓને કે બેશક ! હું જ માફ કરનાર મહેરબાન (૪૯) અને મારો અઝાબ જ દુ:ખદાયક અઝાબ છે (૫૦) અને તેમને એહવાલ સંભળાવો ઈબ્રાહીમના મેહમાનોનો[૫૩] (૫૧) જ્યારે તેઓ તેની પાસે આવ્યા ત્યારે બોલ્યા; 'સલામ'[૫૪] કહ્યું; 'અમને તમારી બ્હીક લાગે છે'[૫૫] (૫૨) તેમણે કહ્યું; 'ડરશો નહિ, અમે તમને એક વિદ્વાન દીકરાની ખુશખબર આપીએ છીએ'[૫૬] (૫૩) કહ્યું; 'શું મને ખુશખબર આપો છો જ્યારે કે મને વૃદ્ધાવસ્થા લાધી, હવે શાની બશારત આપો છો ?'[૫૭] (૫૪) કહ્યું; 'અમે આપને સાચી ખુશખબર આપી છે[૫૮] આપ નિરાશ થાઓ નહિ'**



وَاِنَّ جَهَنَّمَ لَمَوْعِدُهُمْ اَجْمَعِيْنَ ﴿٤٣﴾ لَهَا سَبْعَةُ
اَبْوَابٍ لِكُلِّ بَابٍ مِّنْهُمْ جُزْءٌ مَّقْسُوْمٌ ﴿٤٤﴾ اِنَّ الْمُتَّقِيْنَ
فِيْ جَنّٰتٍ وَّعُيُوْنٍ ﴿٤٥﴾ اُدْخُلُوْهَا بِسَلٰمٍ اٰمِنِيْنَ ﴿٤٦﴾
وَنَزَعْنَا مَا فِيْ صُدُوْرِهِمْ مِّنْ غِلٍّ اِخْوَانًا عَلٰى سُرُرٍ
مُّتَقٰبِلِيْنَ ﴿٤٧﴾ لَا يَمَسُّهُمْ فِيْهَا نَصَبٌ وَّمَا هُمْ مِّنْهَا
بِمُخْرَجِيْنَ ﴿٤٨﴾ نَبِّئْ عِبَادِيْٓ اَنِّيْٓ اَنَا الْغَفُوْرُ الرَّحِيْمُ ﴿٤٩﴾
وَاَنَّ عَذَابِيْ هُوَ الْعَذَابُ الْاَلِيْمُ ﴿٥٠﴾ وَنَبِّئْهُمْ عَنْ
ضَيْفِ اِبْرٰهِيْمَ ﴿٥١﴾ اِذْ دَخَلُوْا عَلَيْهِ فَقَالُوْا سَلٰمًا قَالَ
اِنَّا مِنْكُمْ وَجِلُوْنَ ﴿٥٢﴾ قَالُوْا لَا تَوْجَلْ اِنَّا نُبَشِّرُكَ بِغُلٰمٍ
عَلِيْمٍ ﴿٥٣﴾ قَالَ اَبَشَّرْتُمُوْنِيْ عَلٰٓى اَنْ مَّسَّنِيَ الْكِبَرُ فَبِمَ
تُبَشِّرُوْنَ ﴿٥٤﴾ قَالُوْا بَشَّرْنٰكَ بِالْحَقِّ فَلَا تَكُنْ مِّنَ

પહેલી સફમાં સ્થાન મેળવવા ઘણા જ પ્રયત્નો કરવા લાગ્યા અને તેમની ભીડ વધવા લાગી અને જે સહાબાના ઘરો મસ્જિદથી દૂર હતાં તેઓ પોતાના ઘરો વેચીને નજીકમાં ઘરો ખરીદવા તૈયાર થયા જેથી પહેલી સફમાં જગ્યા મેળવવાથી કદી વંચિત રહે નહિ. ત્યારે તે બાબત આ આયતે કરીમા નાઝિલ થઇ અને તેમને આશ્વાસન આપવામાં આવ્યું કે સવાબ નિય્યતો પર છે, અલ્લાહ તઆલા આગળવાળાઓને પણ જાણે છે અને કારણસર પાછળ રહી જનારાઓને પણ જાણે છે તેમની નિય્યતોની પણ તેને જાણ છે અને તેના પર કશું છુપુ નથી.

૨૯. જે હાલત પર તેઓ મર્યા હશે.

૩૦. અર્થાત હઝરત આદમ અલયહિસ્સલામને સુકી

૩૧. અલ્લાહ તઆલાએ જ્યારે હઝરત આદમ અલયહિસ્સલામને બનાવવાનો ઇરાદો કર્યો ત્યારે જમીનમાંથી એક મુઠ્ઠી માટી લીધી અને પાણીમાં ભેળવી ગારો બનાવ્યો જ્યારે તે ગારો કાળો થઇ ગયો અને તેમાં ગંધ પેદા થઇ અને તેમાં આદમીની શિકલ બનાવી પછી તે સુકાઇ ગયો પછી જ્યારે પવન તેમાં પેસતો ત્યારે તે (સીટીની જેમ) વાગતું અને તેમાંથી અવાજ નીકળતો પછી જ્યારે સૂર્યની ગરમીથી તે પાકો થઇ ગયો તો તેમાં રૂહ ફૂંકવામાં આવી અને તે ઇન્સાન બન્યો.

૩૨. જે પોતાની ગરમી અને લતાફતના કારણે છિદ્રોમાં પ્રવેશી જાય છે.

૩૩. અને તેને જીવન અર્પણ કરૂં.

૩૪. સન્માન અને તઅ્ઝીમ.

૩૫. અને હઝરત આદમ અલયહિસ્સલામને સિજદો કર્યો નહિ તો અલ્લાહ તઆલાએ...

૩૬. કે આકાશો અને ધરતીવાળાઓ તારા પર લઅનત કરશે અને જ્યારે કયામતનો દિવસ આવશે ત્યારે એ લઅનત સાથે કાયમના અઝાબમાં સપડાવવામાં આવશે જેનાથી કદી છુટકારો મળશે નહિ. આ સાંભળીને શયતાન....

૩૭. અર્થાત કયામતના દિવસ સુધી. આનાથી શયતાનનો હેતુ એ હતો કે તે કદી મરે નહિ કારણ કે કયામત પછી કોઇ મરવાનું નથી અને કયામત સુધીની તેણે મહેતલ માંગી જ લીધી. પરંતુ તેની દુઆને અલ્લાહ તઆલાએ એ રીતે કબૂલ કરી કે....

૩૮. જેમાં બધી મખ્લૂક મરી જશે, અને તે પહેલું સૂર છે. તો શયતાનને મરેલો રહેવાની મદ્દત પહેલાં સૂરથી બીજા સૂર સુધીની, ચાલીસ વરસ છે. અને તેને આટલી મહેતલ તેના સન્માનમાં અપાએલી નથી બલ્કે તેની બલા બદબખ્તી અને અઝાબમાં વધારો કરવા માટે છે. આ સાંભળીને શયતાન....

૩૯. અર્થાત દુનિયામાં ગુનાહોનું પ્રોત્સાહન આપીશ.

૪૦. દિલોમાં વસવસા નાખીને...

૪૧. જેમને તેં પોતાની તવહીદ અને ઇબાદત માટે ચૂંટી લીધા તેમના ઉપર શયતાનનો વસવસો અને તેની ચાલબાજીઓ ચાલશે નહિ.

૪૨. ઇમાનદાર...

૪૩. અર્થાત જે કાફિરો તારા આજ્ઞાંકિત અને તાબે થઇ જાય અને તારા પગલે ચાલવાનો નિશ્ચય કરી લે.

૪૪. ઇબ્લીસનો અને તેના પગલે ચાલનાર બધાનો.

૪૫. અર્થાત સાત વર્ગો. ઇબ્ને જુરેજનું કથન છે કે દોઝખના સાત વર્ગો છે (૧) જહન્નમ (૨) લઝા (૩) હુતમહ (૪) સઇર (૫) સકર (૬) જહીમ (૭) હાવેયહ.

૪૬. અર્થાત શયતાનની પાછળ ચાલનારાઓના પણ સાત વર્ગો છે તેમાંથી દરેક માટે જહન્નમનો એક વર્ગ નક્કી છે.

૪૭. તેમને કહેવામાં આવશે કે,

૪૮. અર્થાત જન્નતમાં પ્રવેશો શાંતિ અને સલામતીની સાથે. ન અહીંથી કાઢવામાં આવો ન અહીં મોત આવે ન તો કોઇ આફત આવે ન કોઇ ભય કે પરેશાની લાગે.

૪૯. દુનિયામાં...

૫૦. અને તેમના નફસોને અદેખાઇ હસદ, જલનખોરી અને દુશ્મની વિગેરે ખરાબ આદતોથી પાક કરી દીધા તેઓ...

૫૧. એક બીજા સાથે મહોબ્બત રાખનાર. હઝરત અલી રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે, મને આશા છે કે હું ઉસ્માન અને તલ્હા અને ઝુબેર એમનામાં જ છીએ અર્થાત અમારા સીનાઓમાંથી હસદ, અદેખાઇ, દુશ્મની કાઢી લેવામાં આવ્યાં છે. અમે અંદરો અંદર નિખાલસ મહોબ્બત રાખનાર છીએ. આમાં રાફઝીઓને રદિયો અપાયેલ છે.

૫૨. અય મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

૫૩. જેમને અલ્લાહ તઆલાએ એટલા માટે મોકલ્યા હતા કે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામને

**(૫૫) કહ્યું; 'પોતાના રબની રહમતથી કોણ નિરાશ થાય પણ તેઓ જ જે ગુમરાહ થયા'[૫૯] (૫૬) કહ્યું; 'પછી તમારૂં શું કામ છે અય ફરિશ્તાઓ?'[૬૦] (૫૭) બોલ્યા; 'અમે એક ગુનેહગાર કોમ તરફ મોકલવામાં આવ્યા છીએ[૬૧] (૫૮) પરંતુ લૂતના ઘરવાળા, તે બધાને અમે બચાવી લઈશું[૬૨] (૫૯) પણ તેની પત્ની, અમે નક્કી કરી લીધું છે કે તેની પાછળ રહી જનારાઓમાં છે[૬૩] (૬૦) તો જ્યારે લૂતના ઘરે ફરિશ્તાઓ આવ્યા[૬૪] (૬૧) કહ્યું; 'તમે તો કોઈ અજાણ્યા લોક છો'[૬૫] (૬૨) કહ્યું; 'બલ્કે અમે તો તમારી પાસે તે[૬૬] લાવ્યા છીએ જેમાં આ લોકો શંકા કરતા હતા[૬૭] (૬૩) અને અમે તમારી પાસે સાચો હુકમ લાવ્યા છીએ અને અમે બેશક! સાચા છીએ (૬૪) તો પોતાના ઘરવાળાઓને થોડી રાત રહે ત્યારે લઈને નીકળી જાવ અને તમે તેમની પાછળ ચાલજો અને તમારામાં કોઈ પાછું વળીને જુએ નહિ,[૬૮] અને જ્યાંનો હુકમ છે ત્યાં સીધા ચાલ્યા જાવ[૬૯] (૬૫) અને અમે એને એ હુકમનો ફેંસલો સંભળાવી દીધો કે સવાર થતાં આ કાફિરોનું મૂળ કપાઈ જશે[૭૦] (૬૬) અને શહેરવાળાઓ[૭૧] હર્ષિત થતા આવ્યા (૬૭)**

الحجر ١٥ — ربما ١٤

الْقٰنِطِيْنَ ﴿٥٥﴾ قَالَ وَمَنْ يَّقْنَطُ مِنْ رَّحْمَةِ رَبِّهٖٓ
اِلَّا الضَّآلُّوْنَ ﴿٥٦﴾ قَالَ فَمَا خَطْبُكُمْ اَيُّهَا الْمُرْسَلُوْنَ ﴿٥٧﴾
قَالُوْٓا اِنَّآ اُرْسِلْنَآ اِلٰى قَوْمٍ مُّجْرِمِيْنَ ﴿٥٨﴾ اِلَّآ اٰلَ لُوْطٍ
اِنَّا لَمُنَجُّوْهُمْ اَجْمَعِيْنَ ﴿٥٩﴾ اِلَّا امْرَاَتَهٗ قَدَّرْنَآ اِنَّهَا
لَمِنَ الْغٰبِرِيْنَ ﴿٦٠﴾ فَلَمَّا جَآءَ اٰلَ لُوْطِ الْمُرْسَلُوْنَ ﴿٦١﴾
قَالَ اِنَّكُمْ قَوْمٌ مُّنْكَرُوْنَ ﴿٦٢﴾ قَالُوْا بَلْ جِئْنٰكَ بِمَا
كَانُوْا فِيْهِ يَمْتَرُوْنَ ﴿٦٣﴾ وَاَتَيْنٰكَ بِالْحَقِّ وَاِنَّا لَصٰدِقُوْنَ ﴿٦٤﴾
فَاَسْرِ بِاَهْلِكَ بِقِطْعٍ مِّنَ الَّيْلِ وَاتَّبِعْ اَدْبَارَهُمْ وَلَا
يَلْتَفِتْ مِنْكُمْ اَحَدٌ وَّامْضُوْا حَيْثُ تُؤْمَرُوْنَ ﴿٦٥﴾
وَقَضَيْنَآ اِلَيْهِ ذٰلِكَ الْاَمْرَ اَنَّ دَابِرَ هٰٓؤُلَآءِ مَقْطُوْعٌ
مُّصْبِحِيْنَ ﴿٦٦﴾ وَجَآءَ اَهْلُ الْمَدِيْنَةِ يَسْتَبْشِرُوْنَ ﴿٦٧﴾

ફરઝંદની બશારત આપે અને હઝરત લૂત અલયહિસ્સલામની કોમનો વિનાશ કરે, આ મહેમાન હઝરત જિબ્રઇલ અલયહિસ્સલામ બીજા કેટલાક ફરિશ્તાઓ સાથે હતા.

૫૪. અર્થાત ફરિશ્તાઓએ હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામને સલામ કરી અને આપની ઇજ્જત કરી ત્યારે આપે તેમને...

૫૫. એટલા માટે કે પરવાનગી વગર અને કસમયે આવ્યા અને ખાધું નહિ.

૫૬. અર્થાત હઝરત ઇસ્હાક અલયહિસ્સલામની. ત્યારે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે...

૫૭. અર્થાત આવી વૃદ્ધ દશામાં ઔલાદ થાય એ આશ્ચર્યજનક બાબત છે, કેવી રીતે ઔલાદ થશે? શું અમને ફરી જવાન કરવામાં આવશે અથવા આવી હાલતમાં જ પુત્ર આપવામાં આવશે? ફરિશ્તાઓએ,

૫૮. અલ્લાહનો ફેંસલો એ બાબત થઇ ચૂક્યો છે કે તમને પુત્ર થશે અને તેનો વંશ બહુ ફેલાશે.

૫૯. અર્થાત હું તેની રહમતથી નિરાશ નથી કારણ કે રહમતથી નિરાશ તો કાફિરો થાય છે. હા! તેની પરંપરા જે જગતમાં ચાલુ છે તે જોતાં આ વાત જરા અજબ જેવી લાગી. અને હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે ફરિશ્તાઓને,

૬૦. અર્થાત આ ખુશખબર સિવાય બીજું શું કામ છે જેના માટે તમે મોકલવામાં આવ્યા છો.

૬૧. અર્થાત લૂતની કોમ તરફ કે અમે તેમનો વિનાશ કરીએ.

૬૨. કારણ કે તેઓ ઇમાનદાર છે.

૬૩. પોતાના કુફ્રના કારણે.

قَالَ إِنَّ هٰٓؤُلَآءِ ضَيْفِىْ فَلَا تَفْضَحُوْنِ ﴿٦٨﴾ وَاتَّقُوا
اللّٰهَ وَلَا تُخْزُوْنِ ﴿٦٩﴾ قَالُوْٓا اَوَلَمْ نَنْهَكَ عَنِ الْعٰلَمِيْنَ ﴿٧٠﴾
قَالَ هٰٓؤُلَآءِ بَنٰتِىْٓ اِنْ كُنْتُمْ فٰعِلِيْنَ ﴿٧١﴾ لَعَمْرُكَ
اِنَّهُمْ لَفِىْ سَكْرَتِهِمْ يَعْمَهُوْنَ ﴿٧٢﴾ فَاَخَذَتْهُمُ الصَّيْحَةُ
مُشْرِقِيْنَ ﴿٧٣﴾ فَجَعَلْنَا عَالِيَهَا سَافِلَهَا وَاَمْطَرْنَا
عَلَيْهِمْ حِجَارَةً مِّنْ سِجِّيْلٍ ﴿٧٤﴾ اِنَّ فِىْ ذٰلِكَ
لَاٰيٰتٍ لِّلْمُتَوَسِّمِيْنَ ﴿٧٥﴾ وَاِنَّهَا لَبِسَبِيْلٍ مُّقِيْمٍ ﴿٧٦﴾
اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيَةً لِّلْمُؤْمِنِيْنَ ﴿٧٧﴾ وَاِنْ كَانَ
اَصْحٰبُ الْاَيْكَةِ لَظٰلِمِيْنَ ﴿٧٨﴾ فَانْتَقَمْنَا مِنْهُمْ وَ
اِنَّهُمَا لَبِاِمَامٍ مُّبِيْنٍ ﴿٧٩﴾ وَلَقَدْ كَذَّبَ اَصْحٰبُ
الْحِجْرِ الْمُرْسَلِيْنَ ﴿٨٠﴾ وَاٰتَيْنٰهُمْ اٰيٰتِنَا فَكَانُوْا عَنْهَا

**લૂતે કહ્યું; 'આ મારા મહેમાનો છે[૬૨] મારી ફજેતી કરો નહિ[૬૩] (૬૮) અને અલ્લાહથી ડરો અને મને બદનામ કરો નહિ'[૬૪] (૬૯) બોલ્યા; 'શું અમે તમને મનાઈ કરી ન હતી કે બીજાઓની બાબતમાં ડખલગીરી ન કરો' (૭૦) કહ્યું; 'આ કોમની સ્ત્રીઓ મારી દીકરીઓ છે જો તમારે કરવું હોય તો[૬૫] (૭૧) અય મહબૂબ! તમારા પ્રાણની કસમ,[૬૬] બેશક! તેઓ પોતાના નશામાં ભટકી રહ્યા છે (૭૨) તો દિવસ ઉગતાં તેમને ગર્જનાએ પકડી લીધા[૬૭] (૭૩) તો અમે તે વસ્તીનો ઉપલો ભાગ તેનો નીચલો ભાગ કરી નાખ્યો[૬૮] અને તેમના પર કાંકરાઓની પથ્થર વર્ષા કરી (૭૪) બેશક! આમાં ચિન્હો છે સમજદારો માટે (૭૫) અને બેશક! તે વસ્તી તે માર્ગ પર છે જે અત્યાર સુધી ચલાય છે[૬૯] (૭૬) બેશક! એમાં નિશાનીઓ છે ઈમાનવાળાઓ માટે (૭૭) અને બેશક! ઝાડીવાળાઓ અવશ્ય ઝાલિમ હતા[૭૦] (૭૮) તો અમે તેમની પાસેથી બદલો લીધો[૭૧] અને બેશક! આ બન્ને વસ્તીઓ[૭૨] ખુલ્લા રસ્તા પર આવે છે[૭૩] (૭૯) અને બેશક! હિજવાળાઓએ રસૂલોને જૂઠાડયા[૭૪] (૮૦) અને અમે તેમને અમારી નિશાનીઓ આપી[૭૫] તો તેઓ**

૬૪. રૂપાળા નવયુવાનોની શિકલમાં અને હઝરત લૂત અલયહિસ્સલામને ભય પેઠો કે કોમ એમની પાછળ પડશે તો આપે ફરિશ્તાઓને,

૬૫. ન તો અહીંના રહીશ છો ન કોઇ સફરની નિશાનીઓ તમારા પર દેખાય છે, કેમ આવ્યા છો? ફરિશ્તાઓએ,

૬૬. અઝાબ જે ઉતરવાનો ડર આપ આપની કોમને અપાવ્યા કરતા હતા.

૬૭. અને આપને જૂઠાડતા હતા.

૬૮. કે કોમ પર કઇ બલા ઉતરી તેઓ ક્યા અઝાબમાં ફસાવવામાં આવ્યા?

૬૯. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ ફરમાવ્યું કે, હુકમ શામ દેશમાં જવાનો હતો.

૭૦. અને સમગ્ર કોમ અઝાબ વડે હલાક કરી દેવામાં આવશે.

૭૧. અર્થાત સદુમ શહેરના રહીશો. હઝરત લૂત અલયહિસ્સલામની કોમના લોકો એવી ખબર સાંભળીને કે લૂતના ઘેર રૂપાળા મહેમાન આવ્યા છે બદ ઇરાદા અને નાપાક નિય્યતથી...

૭૨. અને મહેમાનનું સ્વમાન અનિવાર્ય હોય છે તમે તેમના અપમાનનો ઇરાદો કરીને...

૭૩. કે મહેમાનનું અપમાન યજમાન માટે નીચુ જોવા અને શરમાવવાનું કારણ બને છે.

૭૪. તેમની સાથે બદ ઇરાદો કરીને. ત્યારે હઝરત લૂત અલયહિસ્સલામની કોમના લોકો,

૭૫. તો તેણીઓ સાથે નિકાહ કરો અને હરામથી વેગળા રહો. પછી અલ્લાહ તઆલા પોતાના હબીબ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમને સંબોધે છે..

૭૬. અને અલ્લાહની મખ્લૂકમાં કોઇ પ્રાણ અલ્લાહના દરબારમાં આપના પ્રાણની જેમ ઇજ્જત આબરૂ ધરાવતો નથી. અને અલ્લાહ તઆલાએ સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની ઉમર શરીફ સિવાય બીજા કોઇની ઉમરની કસમ યાદ કરી નથી. આ મરતબો માત્ર હુઝૂરનો જ છે. હવે એ કસમ પછી ફરમાવે છે...

૭૭. અર્થાત ભયજનક અવાજે.

૭૮. એવી રીતે કે હઝરત જિબ્રઇલ અલયહિસ્સલામ તે ધરતીના ટુકડાને ઊંચકીને આકાશની નજીક લઇ ગયા અને ત્યાંથી ઊંધો કરીને ધરતી પર પટકી માર્યો.

૭૯. અને કાફલાઓ ત્યાંથી પસાર થાય છે અને અલ્લાહના ગઝબનાં ચિન્હો તેમને જોવા મળે છે.

૮૦. અર્થાત કાફિર હતા. 'અયકહ' ઝાડીને કહે છે. તે લોકોનું શહેર લીલાંછમ જંગલો અને ઝરણાંઓની વચમાં હતું, અલ્લાહ તઆલાએ હઝરત શુએબ અલયહિસ્સલામને તેમના તરફ રસૂલ બનાવીને મોકલ્યા, તે લોકોએ આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું અને હઝરત શુએબ અલયહિસ્સલામને જૂઠાડયા.

૮૧. અર્થાત અઝાબ મોકલીને હલાક કર્યા.

૮૨. અર્થાત 'કવમે લૂત' અને 'અસ્હાબે અયકહ'ના શહેરો.

૮૩. જ્યાંથી માનવીઓ પસાર થાય છે અને જુએ છે. તો અય મક્કાવાસીઓ! તમે તેમને જોઇને કેમ બોધ ગ્રહણ કરતા નથી?

૮૪. હિજ્ર એક મેદાન છે મદીના અને શામની વચમાં જેમાં 'કૌમે ષમૂદ' રહેતી હતી, તેમણે પોતાના પયગમ્બર હઝરત સાલિહ અલયહિસ્સલામને જૂઠાડયા. અને એક નબીને જૂઠાડવું એ બધા નબીઓને જૂઠાડવું છે કારણ કે દરેક નબી બધા જ નબીઓ પર ઇમાન લાવવાનું શિખવાડે છે.

૮૫. કે પથ્થરમાંથી ઊંટડી જન્માવી જેમાં ઘણી આશ્ચર્યજનક બાબતોનો સમાવેશ થતો હતો. દા.ત. તેનું મહાકાય હોવું અને નીકળતાની સાથે જ બચ્ચુ જન્માવવું અને ખૂબ વધારે દૂધ કાઢવું કે આખી કોમે ષમૂદને પુરતું થઇ પડે વિગેરે. આ બધી બાબતો હઝરત સાલિહ અલયહિસ્સલામના મોઅ્જિઝા અને કૌમે ષમૂદ માટે અમારી નિશાનીઓ હતી.

૮૬. અને ઇમાન લાવ્યા નહીં.

૮૭. કે તેમને એ પડી જવાનો કે એમાં ઘરફોડી થવાનો ભય હતો નહિ અને તેઓ સમજતા હતા કે આ ઘરો તબાહ થઇ શકતાં નથી એમના પર કોઇ આફત આવી શકતી નથી.

૮૮. અને તેઓ અઝાબમાં પકડાયા.

૮૯. અને તેમની માલમત્તા અને તેમના મજબૂત મકાનો તેમને અઝાબથી બચાવી શક્યાં નહીં.

૯૦. અને દરેકને પોતાના કર્મોનો બદલો મળશે.

૯૧. અય મુસ્તફા સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ અને પોતાની કોમ (તરફથી મળતા) કષ્ટો બાબત ધીરજ ધરો. આ હુકમ જિહાદની આયતથી મન્સૂખ થયેલો છે.

૯૨. તેણે જ બધાનુ સર્જન કર્યું છે અને તે પોતાની મખ્લૂકની હાલત જાણે છે.

૯૩. નમાઝની રકાતોમાં, એટલે કે દરેક રકાતમાં પઢવામાં આવે છે. અને એ સાત આયતો એટલે સૂરએ ફાતિહા જેવું કે બુખારી અને મુસ્લિમની હદીષમાં વર્ણવાયું છે.

૯૪. મતલબ એ છે કે અય સય્યિદે અમ્બિયા સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ અમે આપને એવી નેઅમતો

**એમનાથી મોઢું ફેરવેલા રહ્યા[૮૬] (૮૧) અને તેઓ નિર્ભય રીતે પર્વતોમાં ઘરો ખોદતા હતા[૮૭] (૮૨) તો તેમને સવાર થતાં ગર્જનાએ પકડી લીધા[૮૮] (૮૩) તો તેમની કમાણી તેમને કંઈ કામ આવી નહિ[૮૯] (૮૪) અને અમે આકાશ અને ધરતી અને જે કંઈ એમની વચમાં છે તે વ્યર્થ બનાવ્યું નથી. અને બેશક ! કયામત આવનાર છે[૯૦] તો તમે સારી રીતે દરગુજર કરો[૯૧] (૮૫) બેશક ! તમારો પરવરદિગાર જ મહાસર્જક જાણનાર છે[૯૨] (૮૬) અને બેશક ! અમે તમને સાત આયતો આપી જેનો પુનરોચ્ચાર કરવામાં આવે છે[૯૩] અને શ્રેષ્ઠતાવાળુ કુરઆન (૮૭) પોતાની આંખ ઉઘાડીને તે વસ્તુ જુઓ નહિ જે અમે તેમના અમુક યુગલોને વાપરવા આપી[૯૪] અને તેમનો કશો ખેદ રાખો નહિ[૯૫] અને મુસલમાનોને પોતાની પાંખોની રહમતમાં લઈ લો[૯૬] (૮૮) અને ફરમાવો; હું જ છું સ્પષ્ટ ડર સંભળાવનાર (આ અઝાબથી) (૮૯) જેવો કે અમે વહેંચનારાઓ પર ઉતાર્યો (૯૦) જેમણે કલામે ઈલાહીને બનાવી નાંખ્યું ટુકડે ટુકડા[૯૭] (૯૧) તો તમારા રબની કસમ ! અમે અવશ્ય એ બધાને પૂછીશું[૯૮] (૯૨)**

الحجر ١٥ ربما ١٤

مُعْرِضِيْنَ ﴿٨١﴾ وَكَانُوْا يَنْحِتُوْنَ مِنَ الْجِبَالِ بُيُوْتًا
اٰمِنِيْنَ ﴿٨٢﴾ فَاَخَذَتْهُمُ الصَّيْحَةُ مُصْبِحِيْنَ ﴿٨٣﴾ فَمَآ
اَغْنٰى عَنْهُمْ مَّا كَانُوْا يَكْسِبُوْنَ ﴿٨٤﴾ وَمَا خَلَقْنَا السَّمٰوٰتِ
وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَآ اِلَّا بِالْحَقِّ وَاِنَّ السَّاعَةَ لَاٰتِيَةٌ
فَاصْفَحِ الصَّفْحَ الْجَمِيْلَ ﴿٨٥﴾ اِنَّ رَبَّكَ هُوَ الْخَلّٰقُ
الْعَلِيْمُ ﴿٨٦﴾ وَلَقَدْ اٰتَيْنٰكَ سَبْعًا مِّنَ الْمَثَانِيْ وَ
الْقُرْاٰنَ الْعَظِيْمَ ﴿٨٧﴾ لَا تَمُدَّنَّ عَيْنَيْكَ اِلٰى مَا مَتَّعْنَا
بِهٖٓ اَزْوَاجًا مِّنْهُمْ وَلَا تَحْزَنْ عَلَيْهِمْ وَاخْفِضْ
جَنَاحَكَ لِلْمُؤْمِنِيْنَ ﴿٨٨﴾ وَقُلْ اِنِّيْٓ اَنَا النَّذِيْرُ
الْمُبِيْنُ ﴿٨٩﴾ كَمَآ اَنْزَلْنَا عَلَى الْمُقْتَسِمِيْنَ ﴿٩٠﴾ الَّذِيْنَ جَعَلُوا
الْقُرْاٰنَ عِضِيْنَ ﴿٩١﴾ فَوَرَبِّكَ لَنَسْـَٔلَنَّهُمْ اَجْمَعِيْنَ ﴿٩٢﴾

આપેલી છે જેની સામે દુનિયાની નેઅમતો તુચ્છ છે તો આપ દુનિયાના સાજસામાનથી બેપરવાહ રહો જે યહૂદી અને નસારા વિગેરે અલગ અલગ જાતના કાફિરોને આપવામાં આવી છે.

હદીષ શરીફમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમે ફરમાવ્યું, જે કુરઆન વડે બધી વસ્તુઓથી બેપરવાહ ન બની ગયો તે અમારામાંથી નથી. એટલે કે કુરઆન એવી દૌલત છે જેની સામે દુનિયાની દૌલતો તુચ્છ છે.

૯૫. કે તેઓ ઇમાન લાવ્યા નહિ.

૯૬. અને તેમને પોતાની કૃપાથી સન્માનો.

૯૭. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ ફરમાવ્યું કે, ટુકડે ટુકડા કરનારાઓ એટલે યહૂદીઓ અને ખ્રિસ્તીઓ. તેઓ કુરઆન કરીમના અમુક ભાગ પર ઇમાન લાવ્યા જે તેમના મતે તેમની કિતાબો સાથે મળતું હતું અને અમુક ભાગોનો ઇન્કાર કર્યો.

કતાદા અને સાઇબનું કથન છે કે ટુકડા કરનારાઓ એટલે કુરેશી કાફિરો, જેમના અમુક કુરઆને કરીમને જાદુ અમુક જ્યોતિષ શાસ્ત્ર અને અમુક વાર્તાઓ કહેતા હતા. એ રીતે તેમણે કુરઆને કરીમ બાબત પોતાના મંતવ્યો વહેંચી નાખ્યાં હતાં.

અને એક કથન એવું છે કે ટુકડા કરનાર એટલે તે ૧૨ માણસો જેમને કાફિરોએ મક્કા મૂકર્રમાના રસ્તાઓ પર મૂક્યા હતા. હજના સમયે તેમાંનો દરેક એક એક રસ્તા પર બેસી જતો હતો અને તેઓ આવનારાઓને ભડકાવવા અને સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમથી ફેરવી કાઢવા માટે એક એક

عَمَّا كَانُوْا يَعْمَلُوْنَ ﴿٩٣﴾ فَاصْدَعْ بِمَا تُؤْمَرُ وَاَعْرِضْ
عَنِ الْمُشْرِكِيْنَ ﴿٩٤﴾ اِنَّا كَفَيْنٰكَ الْمُسْتَهْزِءِيْنَ ﴿٩٥﴾
الَّذِيْنَ يَجْعَلُوْنَ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ فَسَوْفَ
يَعْلَمُوْنَ ﴿٩٦﴾ وَلَقَدْ نَعْلَمُ اَنَّكَ يَضِيْقُ صَدْرُكَ بِمَا
يَقُوْلُوْنَ ﴿٩٧﴾ فَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ وَكُنْ مِّنَ السّٰجِدِيْنَ ﴿٩٨﴾
وَاعْبُدْ رَبَّكَ حَتّٰى يَاْتِيَكَ الْيَقِيْنُ ﴿٩٩﴾

سُوْرَةُ النَّحْلِ مَكِّيَّةٌ وَّهِيَ مِائَةٌ وَّثَمَانٌ وَّعِشْرُوْنَ اٰيَةً وَّسِتَّةَ عَشَرَ رُكُوْعًا

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَتٰۤى اَمْرُ اللّٰهِ فَلَا تَسْتَعْجِلُوْهُ ؕ سُبْحٰنَهٗ وَتَعٰلٰى عَمَّا
يُشْرِكُوْنَ ﴿١﴾ يُنَزِّلُ الْمَلٰٓئِكَةَ بِالرُّوْحِ مِنْ اَمْرِهٖ عَلٰى
مَنْ يَّشَآءُ مِنْ عِبَادِهٖۤ اَنْ اَنْذِرُوْۤا اَنَّهٗ لَاۤ اِلٰهَ اِلَّاۤ

**જે કંઈ તેઓ કરતા હતા[૯૯] (૯૩) તો જાહેરમાં કહી દો જે વાતનો તમને હુકમ છે[૧૦૦] અને મુશ્રિકો તરફથી મોઢું ફેરવી લો[૧૦૧] (૯૪) બેશક ! એ હસનારાઓ સામે અમે તમને પુરતા છીએ[૧૦૨] (૯૫) જેઓ અલ્લાહ સાથે બીજો મા'બૂદ ઠેરવે છે, તો હવે જાણી જશે[૧૦૩] (૯૬) અને બેશક ! અમને ખબર છે કે તેમની વાતોથી તમારો દિલ સંકોચાઇ છે[૧૦૪] (૯૭) તો પોતાના રબને વખાણતા વખાણતા તેની પવિત્રતા બોલો અને સિજદાવાળાઓમાં થાવ[૧૦૫] (૯૮) અને મરતાની ઘડી સુધી પોતાના રબની ઈબાદતમાં રહો (૯૯)**

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૧૦૬]**

**હમણાં જ આવે છે અલ્લાહનો હુકમ તો તેની ઉતાવળ કરો નહિ.[૧૦૭] પવિત્રતા અને બરતરી છે તેને આ ભાગી-દારોથી[૧૦૮] (૧) ફરિશ્તાઓને ઈમાનના પ્રાણ અર્થાત વહી લઈને પોતાના જે બન્દાઓ પર ચાહે (તેમના પર) ઉતારે**

વાત નક્કી કરી લેતા હતા. કોઇ આવનારાઓને એવું કહેતો કે, તેમની વાતોમાં ફસાશો નહિ તે તો જાદુગર છે, કોઇ કહેતો તે તો મહાજૂઠા છે કોઇ કહેતો તે ગાંડા છે કોઇ કહેતો તે જ્યોતિષી છે, કોઇ કહેતો તે કવી (શાયર) છે. આ સાંભળીને જ્યારે લોકો કા'બા શરીફના દરવાજા પાસે આવતા ત્યારે ત્યાં વલીદ બિન મુગીરા બેઠેલો રહેતો, તેને રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ બાબત પૂછતા અને કહેતા કે અમે મક્કા શરીફ આવતા હતા ત્યારે શહેરના પાદરમાં તેમની વિષે આવું સાંભળ્યું છે, ત્યારે તે કહેતો કે, સાચુ સાંભળ્યું છે. આ રીતે મખ્લૂકને ગુમરાહ કરતા હતા. એ લોકોનો અલ્લાહ તઆલાએ નાશ કર્યો.

૯૮. કયામતના દિવસે.

૯૯. અને જે કંઇ તેઓ સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ અને કુરઆન વિષે કહેતા હતા.

૧૦૦. આ આયતમાં સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમને રિસાલતની તબ્લીગ કરવાનો અને ખુલ્લેઆમ ઇસ્લામનું આમંત્રણ આપવાનો હુકમ આપવામાં આવ્યો છે. અબ્દુલ્લાહ બિન અબીદનું કથન છે કે, આ આયત ઉતરી ત્યાં સુધી ઇસ્લામનું આમંત્રણ જાહેર રીતે આપવામાં આવતું ન હતું.

૧૦૧. પોતાનો ધર્મ જાહેર કરવામાં મુશ્રિકોની બકવાસની પરવા કરો નહિ અને તેમના તરફ ધ્યાન આપો નહિ તેમજ તેમની ઠઠ્ઠા મશ્કરીનું દુઃખ કરો નહીં.

૧૦૨. કુરેશી કાફિરોના પાંચ આગેવાનો (૧) આસ બિન વાઇલ સહમી (૨) અસ્વદ બિન મુત્તલિબ (૩) અસ્વદ બિન અબ્દે યઊસ (૪) હારિસ બિન કૈસ અને આ બધાનો લીડર (૫) વલીદ બિન મુગીરા મખઝૂમી, આ લોકો નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમને ઘણી તકલીફ આપતા હતા અને આપની

હાંસી ઉડાડતા હતા, અસ્વદ બિન મુત્તલિબ માટે હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમએ દુઆ કરી હતી કે યા રબ! આને આંધળો બનાવી દે. એક દિવસ હુઝૂર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) મસ્જિદે હરામમાં બિરાજમાન હતા, આ પાંચેવ આવ્યા અને ટેવ મુજબ હાંસી ઉડાડવાનું શરૂ કર્યું અને તવાફમાં મશ્ગૂલ થઇ ગયા, એ પરિસ્થિતિમાં હઝરત જિબ્રઇલ અલયહિસ્સલામ હુઝૂરની સેવામાં ઉપસ્થિત થયા અને તેમણે વલીદ બિન મુગીરાની પીંડલી તરફ આસ બિન વાઇલના પગના તળિયા તરફ અસ્વદ બિન મુત્તલિબની આંખો તરફ અસ્વદ બિન અબ્દે યઊસના પેટ તરફ અને હારિસ બિન કૈસના માથા તરફ ઇશારો કરી કહ્યું, 'હું એમની બદમાશી દૂર કરી દઇશ' ત્યાર પછી થોડી મુદ્દતમાં એ સર્વે નાશ પામ્યા. વલીદ બિન મુગીરા તીર વેચનારની દુકાન પાસેથી પસાર થતો હતો તેની લુંઘીમાં એક ભાલોડિયું ખુચ્યું પણ તકબ્બુરના કારણે તેને કાઢવા તેણે માથુ નમાવ્યું નહિ જેના કારણે તેની પિંડલીમાં જખ્મ થયો અને એમાં જ તેનું મૃત્યુ થયું. આસ બિન વાઇલના પગમાં કાંટો વાગ્યો અને દેખાયો નહિ જેનાથી પગ ફૂલી ગયો અને એ માણસ પણ મરી ગયો. અસ્વદ બિન મુત્તલિબની આંખોમાં એવો દુ:ખાવો થયો કે ભીંત સાથે માથું અથાડતો હતો, એમાં જ તે મર્યો. અને એવું કહેતાં કહેતાં મર્યો કે, 'મને મોહમ્મદે કત્લ કર્યો' (સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ) અને અસ્વદ બિન યઊસને ઝલંદરની બીમારી થઇ ગઇ, અને કલ્બીના કથનાનુસાર તેને લૂ લાગી ગઇ અને તેનું મોઢું એટલું કાળું થઇ ગયું કે તેના ઘરનાં માણસો પણ તેને ઓળખી શક્યા નહિ અને તેને ઘરમાંથી કાઢી મૂક્યો, એવી જ હાલતમાં એવું કહેતાં મર્યો કે, 'મને મોહમ્મદના ખુદાએ કત્લ કર્યો' (સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ) અને હારિસ બિન કૈસના નાકમાંથી લોહી અને પરૂ નીકળવા લાગ્યું, તે પણ એમાં મરણ પામ્યો. તેમના વિષે આ આયત ઉતરી. (ખાઝિન)

૧૦૩. પોતાનું પરિણામ.

૧૦૪. અને તેમનાં ટોણાં ઠેકડી અને કુફ્ર શિર્કની વાતોથી આપને માઠું લાગે છે,

૧૦૫. કે અલ્લાહવાળાઓ માટે તસ્બીહ અને ઇબાદતમાં મગ્ન બની જવું દુ:ખનો સર્વોત્તમ ઇલાજ છે. હદીષ શરીફમાં છે કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમને જ્યારે કોઇ અસામાન્ય બનાવ દેખાતો ત્યારે આપ નમાઝમાં મશ્ગૂલ બની જતા હતા.

૧૦૬. સૂરએ નહલ મક્કી છે પણ 'ફઆકિબૂ બિમિષ્લિ મા ઉકિબતુમ બિહિ' થી સૂરહના અંત સુધી જે આયતો છે તે મદની છે. અને આમાં બીજા કથનો પણ છે. આ સૂરહમાં ૧૬ રૂકૂઅ, ૧૨૮ આયતો, ૨૮૪૦ શબ્દો, ૭૭૦૭ અક્ષરો છે.

૧૦૭. **શાને નુઝૂલ** : જ્યારે કાફિરોએ હાંસી ઉડાવવા ખાતર આવનાર અઝાબ અને કયામત લાવવા ઉતાવળ કરી ત્યારે આ આયત ઉતરી અને કહી દેવામાં આવ્યું કે, જે વસ્તુની તમે જલ્દી કરો છો તે બહુ દૂર નથી ઘણી નજીક છે અને પોતાના સમય પર અચૂક આવશે જ અને જ્યારે આવશે ત્યારે તમને તેનાથી છુટવાનો કોઇ માર્ગ મળશે નહિ, અને જે મૂર્તિઓને તમે પૂજો છો તે તમારા કશા કામ નહિ લાગે.

૧૦૮. તે એકલો ભાગીદાર વગરનો છે.

૧૦૯. અને તેમને નબુવ્વત અને રિસાલત માટે ચૂંટી કાઢે છે.

૧૧૦. અને મારી જ ઇબાદત કરો મારા સિવાય કોઇને પૂજો નહિ કારણ કે હું તે છું કે...

૧૧૧. જેમાં તેના એક હોવાની અગણિત દલીલો છે.

૧૧૨. અર્થાત વિર્યથી જેમાં ન ચેતના છે ન તો હલન ચલન પણ તેને પોતાની સંપૂર્ણ કુદરતથી પુરે

أَنَا فَاتَّقُوْنِ ② خَلَقَ السَّمٰوٰتِ وَالْأَرْضَ
بِالْحَقِّ تَعٰلٰى عَمَّا يُشْرِكُوْنَ ③ خَلَقَ الْإِنْسَانَ
مِنْ نُّطْفَةٍ فَإِذَا هُوَ خَصِيْمٌ مُّبِيْنٌ ④ وَالْأَنْعَامَ
خَلَقَهَا لَكُمْ فِيْهَا دِفْءٌ وَّمَنَافِعُ وَمِنْهَا
تَأْكُلُوْنَ ⑤ وَلَكُمْ فِيْهَا جَمَالٌ حِيْنَ تُرِيْحُوْنَ
وَحِيْنَ تَسْرَحُوْنَ ⑥ وَتَحْمِلُ أَثْقَالَكُمْ إِلٰى
بَلَدٍ لَّمْ تَكُوْنُوْا بٰلِغِيْهِ إِلَّا بِشِقِّ الْأَنْفُسِ إِنَّ
رَبَّكُمْ لَرَءُوْفٌ رَّحِيْمٌ ⑦ وَّالْخَيْلَ وَالْبِغَالَ
وَالْحَمِيْرَ لِتَرْكَبُوْهَا وَزِيْنَةً وَيَخْلُقُ مَا لَا
تَعْلَمُوْنَ ⑧ وَعَلَى اللّٰهِ قَصْدُ السَّبِيْلِ وَ
مِنْهَا جَآئِرٌ وَلَوْ شَآءَ لَهَدٰىكُمْ أَجْمَعِيْنَ ⑨

**છે ;[૧૦૯] કે ડર સંભળાવો કે ; મારા સિવાય કોઈની બંદગી નથી તો મારાથી ડરો[૧૧૦] (૨) જેણે આકાશ અને ધરતી યથાસ્થાને બનાવ્યાં[૧૧૧] તે એમના શિર્કથી પર છે (૩) (તેણે) માનવીને એક નિતરેલા ટીપાથી બનાવ્યો[૧૧૨] તો ખચિત ખુલ્લો ઝગડાખોર છે (૪) અને જાનવરો બનાવ્યા એમાં તમારા માટે ગરમ પોશાક અને ફાયદાઓ છે[૧૧૩] અને એમાંથી ખાઓ છો (૫) અને તમારી એમાં શોભા છે જ્યારે એમને સાંજે પાછા લાવો છો અને જ્યારે ચરવા છોડો છો (૬) અને એ તમારા વજન ઊંચકીને લઈ જાય છે એવા શહર તરફ કે તમે ત્યાં સુધી પહોંચી શકત નહીં પણ અધમૂઆ થઈને. બેશક ! તમારો પરવરદિગાર ઘણો મહેરબાન રહેમવાળો છે[૧૧૪] (૭) અને ઘોડા અને ખચ્ચર અને ગધેડાં કે એમના પર સવારી કરો છો અને શણગાર ખાતર અને તે સર્જશે[૧૧૫] જેની તમને ખબર નથી[૧૧૬] (૮) અને વચલો માર્ગ[૧૧૭] સીધો અલ્લાહ સુધી છે, અને અમુક રસ્તો વાંકોચૂંકો છે[૧૧૮] અને (તે) ઇચ્છત તો તમને બધાને માર્ગ પર લાવત[૧૧૯] (૯)**

પુરો માનવી બનાવ્યો અને તાકાત તેમજ કુવ્વત આપી.

**શાને નુઝૂલ** : આ આયત ઉબય બિન ખલફ બાબત ઉતરી જે મૃત્યુ પછીના જીવનનો ઇન્કાર કરતો હતો. એક વખતે તે કોઇ મડદાનું સડી ગએલું હાડકું ઉપાડી લાવ્યો અને સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમને કહેવા માંડયો કે, તમારો એવો ખ્યાલ છે કે અલ્લાહ તઆલા આ હાડકાને જીવતું કરશે ? ત્યારે આ આયતે કરીમા ઉતરી અને ઘણો જ ઉત્તમ ઉત્તર આપવામાં આવ્યો કે, હાડકુ તો ગમે તેવી આકૃતિ ધરાવે છે, પણ અલ્લાહ તઆલા તો વિર્યના એક ટીપાથી તારા જેવો ઝગડાખોર મનુષ્ય સર્જે છે, એ જોઇને પણ તેની કુદરત પર ઇમાન લાવતો નથી ?

૧૧૩. કે એમના વંશથી ધનદોલતમાં વૃદ્ધિ કરો છો, એમનાં દૂધ પીઓ છો એમના પર સવારી કરો છો.

૧૧૪. કે તેણે તમારા હિત અને ફાયદા ખાતર આ વસ્તુઓ બનાવી.

૧૧૫. એવી આશ્ચર્યજનક વસ્તુઓ.

૧૧૬. એમાં તે તમામ વસ્તુઓનો સમાવેશ થઇ ગયો જે મનુષ્યના ફાયદા અને રાહત તેમજ આરામ માટે ઉપયોગમાં આવે છે અને તે સમય સુધી હજુ અસ્તિત્વમાં આવી હતી નહિ, અલ્લાહ તઆલાને ભવિષ્યમાં તે વસ્તુઓ બનાવવાનું મંજૂર હતું જેમકે સ્ટીમરો, રેલ્વે, મોટરો, વિમાનો, ઇલેકટ્રીક તાકાતથી કામ કરનાર સાધનો, સમાચાર પહોંચાડવા અને અવાજ પહોંચાડવાના સાધનો. અને ખુદા જાણે કે એ સિવાય તેને હજુ શું શું બનાવવાનું મંજૂર છે.

તે જ છે જેણે આસ્માનમાંથી પાણી ઉતાર્યું તેમાંથી તમારૂં પીણું છે અને તેમાંથી જ ઝાડો છે જેને ચરાવો છો[120] (૧૦) એ પાણીથી તમારા માટે ખેતી ઉગાડે છે અને ઝેતુન અને ખજૂર અને દ્રાક્ષ અને દરેક જાતનાં ફળ[121]. બેશક ! એમાં નિશાની છે[122] ધ્યાન કરનારાઓ માટે (૧૧) અને તેણે તમારા માટે તાબે કરી દીધાં રાત્રી અને દિવસ અને સૂર્ય અને ચંદ્ર અને તારાઓ તેના હુકમના બંધાએલા છે. બેશક ! આમાં નિશાનીઓ છે બુદ્ધિમાનો માટે[123] (૧૨) અને પેલું જે તમારા માટે જમીનમાં બનાવ્યું રંગરંગીલું,[124] બેશક ! એમાં નિશાની છે યાદ કરનારાઓ માટે (૧૩) અને તે જ છે જેણે તમારા માટે દરિયાને તાબે કર્યો[125] કે એમાંથી તાજો માંસ ખાઓ છો[126] અને એમાંથી ઘરેણાં કાઢો છો જેને પહેરો છો.[127] અને તુ એમાં વહાણો જુએ કે પાણી ચીરીને ચાલે છે અને એટલા માટે કે તમે

النحل ١٦ ربما ١٤

هُوَ الَّذِيْٓ اَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً لَّكُمْ مِّنْهُ شَرَابٌ
وَّمِنْهُ شَجَرٌ فِيْهِ تُسِيْمُوْنَ ﴿۱۰﴾ يُنْۢبِتُ لَكُمْ بِهِ الزَّرْعَ
وَالزَّيْتُوْنَ وَالنَّخِيْلَ وَالْاَعْنَابَ وَمِنْ كُلِّ
الثَّمَرٰتِ ۭ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً لِّقَوْمٍ يَّتَفَكَّرُوْنَ ﴿۱۱﴾
وَسَخَّرَ لَكُمُ الَّيْلَ وَالنَّهَارَ ۙ وَالشَّمْسَ وَالْقَمَرَ ۭ
وَالنُّجُوْمُ مُسَخَّرٰتٌۢ بِاَمْرِهٖ ۭ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ
لِّقَوْمٍ يَّعْقِلُوْنَ ﴿۱۲﴾ وَمَا ذَرَاَ لَكُمْ فِي الْاَرْضِ
مُخْتَلِفًا اَلْوَانُهٗ ۭ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً لِّقَوْمٍ
يَّذَّكَّرُوْنَ ﴿۱۳﴾ وَهُوَ الَّذِيْ سَخَّرَ الْبَحْرَ لِتَاْكُلُوْا
مِنْهُ لَحْمًا طَرِيًّا وَّتَسْتَخْرِجُوْا مِنْهُ حِلْيَةً تَلْبَسُوْنَهَا ۚ
وَتَرَى الْفُلْكَ مَوَاخِرَ فِيْهِ وَلِتَبْتَغُوْا مِنْ فَضْلِهٖ

૧૧૭. અર્થાત સિરાતે મુસ્તકીમ અને દીને ઇસ્લામ, કારણ કે બે જગ્યાઓ વચ્ચે જેટલા માર્ગો કાઢવામાં આવે તેમાં જે વચલો માર્ગ હશે તે જ સીધો હશે.

૧૧૮. જેના પર ચાલનાર મંઝિલે મકસૂદ પર પહોંચી શકતો નથી. કુફ્રના બધા રસ્તા એવાજ છે.

૧૧૯. સીધા માર્ગ પર.

૧૨૦. પોતાના જાનવરોને અને અલ્લાહ તઆલા.

૧૨૧. અલગ અલગ આકૃતિ અને રંગ તેમજ જુદા જુદા સ્વાદ, વાસ અને અસરવાળાં, બધાં એકજ પાણીથી પોષાય છે છતાં એકના ગુણો બીજાથી અલગ હોય છે. આ બધી અલ્લાહની નેઅમતો છે.

૧૨૨. તેની કુદરત હિકમત અને વહદાનિયતની.

૧૨૩. જેઓ આ વસ્તુઓમાં ચિંતન કરી સમજે કે અલ્લાહ તઆલા કુલ મુખ્ત્યાર કાર્યવાહક છે અને ઉપલી નીચલી તમામ વસ્તુઓ તેની સત્તા હેઠળ અને તેના અધિકારમાં છે.

૧૨૪. પછી તે જાનવરોની જાતનું હોય અથવા ઝાડોની અથવા ફળોની.

૧૨૫. કે તેમાં વહાણોમાં બેસીને સફર કરો અથવા ડૂબકીઓ મારી તેના તળિયા સુધી પહોંચો યા પછી એમાંથી શિકાર પકડો.

૧૨૬. અર્થાત માછલી.ર

૧૨૭. અર્થાત હીરા જવાહેરાત.

૧૨૮. વજનદાર પર્વતોનાં.

તેની કૃપા (ફઝલ) ઢુંઢો અને ક્યાંક આભાર માનો (૧૪) અને તેણે ધરતીમાં લંગર નાખ્યાં કે ક્યાંક તમને લઇને ધ્રૂજે નહિ, અને નદીઓ અને રસ્તાઓ કે જેથી તમે માર્ગ પામો[૧૨૯] (૧૫) અને ચિન્હો[૧૩૦] અને તારલાથી તેઓ રસ્તો મેળવે છે[૧૩૧] (૧૬) તો શું જે બનાવે[૧૩૨] તે એવો થઇ જશે જે ન બનાવે ?[૧૩૩] તો શું તમે શિખામણ માનતા નથી ? (૧૭) અને જો અલ્લાહની નેઅમતો ગણો તો તેને ગણી શકશો નહિ[૧૩૪] બેશક ! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે[૧૩૫] (૧૮) અને અલ્લાહ જાણે છે[૧૩૬] જે છૂપાવો અને જાહેર કરો છો (તે) (૧૯) અને અલ્લાહ સિવાય જેમને પૂજે છે[૧૩૭] તેઓ કશું જ બનાવતા નથી અને[૧૩૮] પોતે જ બનાવાએલ છે,[૧૩૯] મડદાં છે[૧૪૦] જીવંત નથી, અને તેમને ખબર નથી (કે) લોકો ક્યારે ઉઠાડવામાં આવશે[૧૪૧] (૨૧) તમારો મઅ્બૂદ એક મઅ્બૂદ છે.[૧૪૨] તો જેઓ આખેરત પર ઇમાન લાવતા નથી તેમનાં દિલો મુન્કિર છે[૧૪૩] અને તેઓ ઘમંડી છે[૧૪૪] (૨૨)



وَلَعَلَّكُمْ تَشْكُرُونَ ﴿١٤﴾ وَأَلْقَىٰ فِي الْأَرْضِ رَوَاسِيَ
أَن تَمِيدَ بِكُمْ وَأَنْهَارًا وَسُبُلًا لَّعَلَّكُمْ تَهْتَدُونَ ﴿١٥﴾
وَعَلَامَاتٍ ۚ وَبِالنَّجْمِ هُمْ يَهْتَدُونَ ﴿١٦﴾ أَفَمَن يَخْلُقُ
كَمَن لَّا يَخْلُقُ ۗ أَفَلَا تَذَكَّرُونَ ﴿١٧﴾ وَإِن تَعُدُّوا
نِعْمَةَ اللَّهِ لَا تُحْصُوهَا ۗ إِنَّ اللَّهَ لَغَفُورٌ رَّحِيمٌ ﴿١٨﴾
وَاللَّهُ يَعْلَمُ مَا تُسِرُّونَ وَمَا تُعْلِنُونَ ﴿١٩﴾
وَالَّذِينَ يَدْعُونَ مِن دُونِ اللَّهِ لَا يَخْلُقُونَ
شَيْئًا وَهُمْ يُخْلَقُونَ ﴿٢٠﴾ أَمْوَاتٌ غَيْرُ أَحْيَاءٍ ۖ
وَمَا يَشْعُرُونَ أَيَّانَ يُبْعَثُونَ ﴿٢١﴾ إِلَٰهُكُمْ
إِلَٰهٌ وَاحِدٌ ۚ فَالَّذِينَ لَا يُؤْمِنُونَ بِالْآخِرَةِ
قُلُوبُهُم مُّنكِرَةٌ وَهُم مُّسْتَكْبِرُونَ ﴿٢٢﴾

૧૨૯. પોતાના હેતુઓ પ્રતિ.

૧૩૦. બનાવ્યા જેનાથી તમને માર્ગનો પત્તો મળે.

૧૩૧. દરિયામાં અને જમીન પર અને એમનાથી એમને રસ્તાની તેમજ કિબ્લાની ઓળખ થાય છે.

૧૩૨. આ તમામ વસ્તુઓને પોતાની કુદરત અને મહીમાથી, અર્થાત અલ્લાહ તઆલા...

૧૩૩. કોઇ પણ વસ્તુને. અને લાચાર તેમજ સત્તાહિન હોય જેમકે મૂર્તિઓ, તો બુદ્ધિમાનને છાજતું નથી કે આવા સર્જનહાર અને માલિકની ઇબાદત ત્યજીને લાચાર અને અનાધિકારી મૂર્તિઓને પૂજે અથવા એમને ઇબાદતમાં તેની ભાગીદાર બનાવે.

૧૩૪. તેનો પુરેપુરો આભાર માનવો તો બાજુએ રહ્યું.

૧૩૫. કે તમે આભાર માનવા અશક્તિમાન હોવા છતાં પોતાની નેઅમતોથી તમને વંચિત રાખતો નથી.

૧૩૬. તમારી તમામ વાતો અને કાર્યો.

૧૩૭. અર્થાત મૂર્તિઓને.

૧૩૮. બનાવે તો શું બલ્કે...

૧૩૯. અને પોતાના અસ્તિત્વમાં બનાવનારના મોહતાજ અને તેઓ.

૧૪૦. નિર્જીવ.

૧૪૧. તો આવા લાચાર નિર્જીવ અજ્ઞાન મઅ્બૂદ કેમ કરી બની શકે છે ? આ સધ્ધર દલીલોથી પુરવાર

**વાસ્તવમાં અલ્લાહ જાણે છે જે (તેઓ) છુપાવે છે અને જે જાહેર કરે છે (તે). બેશક ! તે ઘમંડીઓને પસંદ કરતો નથી (૨૩) અને જ્યારે તેમને કહેવામાં આવે,[૧૪૫] 'તમારા રબે શું ઉતાર્યું ?'[૧૪૬] (ત્યારે) કહે, 'આગલાઓની વાર્તાઓ છે'[૧૪૭] (૨૪) કે કયામતના દિવસે પોતાના[૧૪૮] વજન પુરેપુરાં ઉપાડે અને થોડાં વજન તેમનાં (પણ) જેમને પોતાની જહાલતથી ગુમરાહ કરે છે. સાંભળી લો ! કેટલો ખરાબ બોજો ઉપાડે છે (૨૫) બેશક ! એમનાથી આગળનાઓએ[૧૪૯] ચાલબાજી કરી હતી તો અલ્લાહે તેમના ચણતરને પાયામાંથી લીધું તો ઉપરથી તેમના પર છાપરૂં પડયું અને અઝાબ તેમના પર ત્યાંથી આવ્યો જ્યાંની ખબર તેમને હતી નહિ[૧૫૦] (૨૬) ફરી કયામતના દિવસે તેમને અપમાનિત કરશે અને ફરમાવશે; 'ક્યાં છે મારો ભાગીદાર[૧૫૧] જેમના વિષે તમે ઝગડો કરતા હતા ?'[૧૫૨] ઈલ્મવાળા[૧૫૩] કહેશે; 'આજે બધું જ અપમાન અને ખરાબી[૧૫૪] કાફિરો પર છે' (૨૭)**



لَا جَرَمَ أَنَّ اللّٰهَ يَعْلَمُ مَا يُسِرُّوْنَ وَمَا يُعْلِنُوْنَ
إِنَّهُ لَا يُحِبُّ الْمُسْتَكْبِرِيْنَ ﴿٢٣﴾ وَإِذَا قِيْلَ لَهُمْ مَّاذَآ
أَنْزَلَ رَبُّكُمْ قَالُوْٓا أَسَاطِيْرُ الْأَوَّلِيْنَ ﴿٢٤﴾ لِيَحْمِلُوْٓا
أَوْزَارَهُمْ كَامِلَةً يَّوْمَ الْقِيٰمَةِ وَمِنْ أَوْزَارِ الَّذِيْنَ
يُضِلُّوْنَهُمْ بِغَيْرِ عِلْمٍ أَلَا سَآءَ مَا يَزِرُوْنَ ﴿٢٥﴾ قَدْ
مَكَرَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ فَأَتَى اللّٰهُ بُنْيَانَهُمْ مِّنَ
الْقَوَاعِدِ فَخَرَّ عَلَيْهِمُ السَّقْفُ مِنْ فَوْقِهِمْ وَأَتٰىهُمُ
الْعَذَابُ مِنْ حَيْثُ لَا يَشْعُرُوْنَ ﴿٢٦﴾ ثُمَّ يَوْمَ الْقِيٰمَةِ
يُخْزِيْهِمْ وَيَقُوْلُ أَيْنَ شُرَكَآءِيَ الَّذِيْنَ كُنْتُمْ
تُشَآقُّوْنَ فِيْهِمْ قَالَ الَّذِيْنَ أُوْتُوا الْعِلْمَ إِنَّ
الْخِزْيَ الْيَوْمَ وَالسُّوْٓءَ عَلَى الْكٰفِرِيْنَ ﴿٢٧﴾

થઇ ગયું કે,

૧૪૨. અલ્લાહ અઝ્ઝ વ જલ્લ જે પોતાની જાત અને ગુણોમાં ભાગીદાર (શરીક)થી પર છે.

૧૪૩. અલ્લાહ એક હોવા વિષે.

૧૪૪. કે સત્ય ઉઘડી ગયા પછી પણ તેને સ્વીકારતા નથી.

૧૪૫. અર્થાત લોકો તમને પૂછે કે...

૧૪૬. મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પર તો.

૧૪૭. અર્થાત ઉપજાવી કાઢેલી નવલિકાઓ, કોઇ માનવા લાયક વસ્તુ નથી.

**શાને નુઝૂલ** : આ આયત નદ્ર બિન હારિસ વિષે ઉતરી. તેણે ઘણી બધી વાર્તાઓ મોઢે કરી રાખેલી હતી તેને જ્યારે કોઇ કુરઆન શરીફ બાબત પૂછતું તો તે એ જાણવા છતાં કે કુરઆન મજીદ સામાને લાજવાબ કરી દેનાર સત્ય અને માર્ગદર્શનથી ભરપૂર કિતાબ છે, લોકોને અવળા માર્ગે ચઢાવવા એવું કહી દેતો હતો કે, એ તો આગલા લોકોની વાર્તાઓ છે એવી વાર્તાઓ તો મને પણ ઘણી મોઢે છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે આ રીતે લોકોને ઊંધા માર્ગે ચઢાવવાનું પરિણામ એ છે કે,

૧૪૮. ગુનાહો અને ગુમરાહી તેમજ ગુમરાહ કરવાના...

૧૪૯. અર્થાત પહેલાંની ઉમ્મતોએ પોતાના નબીઓ સાથે...

૧૫૦. આ એક દ્રષ્ટાંત છે કે આગળની ઉમ્મતોએ પોતાના રસૂલો સાથે ચાલબાજીના અમુક મનસૂબાઓ બનાવ્યા હતા, અલ્લાહ તઆલાએ તેમને તેમના પોતાના જ મનસુબાઓમાં તબાહ કર્યા અને તેમની હાલત

الَّذِينَ تَتَوَفّٰىهُمُ الْمَلٰٓئِكَةُ ظَالِمِيٓ أَنْفُسِهِمْ ۖ فَأَلْقَوُا
السَّلَمَ مَا كُنَّا نَعْمَلُ مِنْ سُوٓءٍ ۚ بَلٰىٓ إِنَّ اللّٰهَ عَلِيمٌۢ
بِمَا كُنْتُمْ تَعْمَلُونَ ﴿٢٨﴾ فَادْخُلُوٓا أَبْوَابَ جَهَنَّمَ
خٰلِدِينَ فِيهَا ۖ فَلَبِئْسَ مَثْوَى الْمُتَكَبِّرِينَ ﴿٢٩﴾ وَقِيلَ
لِلَّذِينَ اتَّقَوْا مَاذَآ أَنْزَلَ رَبُّكُمْ ۚ قَالُوا خَيْرًا ۗ لِلَّذِينَ
أَحْسَنُوا فِي هٰذِهِ الدُّنْيَا حَسَنَةٌ ۚ وَلَدَارُ الْآخِرَةِ
خَيْرٌ ۚ وَلَنِعْمَ دَارُ الْمُتَّقِينَ ﴿٣٠﴾ جَنّٰتُ عَدْنٍ يَدْخُلُونَهَا
تَجْرِي مِنْ تَحْتِهَا الْأَنْهٰرُ ۖ لَهُمْ فِيهَا مَا يَشَآءُونَ ۚ
كَذٰلِكَ يَجْزِي اللّٰهُ الْمُتَّقِينَ ﴿٣١﴾ الَّذِينَ
تَتَوَفّٰىهُمُ الْمَلٰٓئِكَةُ طَيِّبِينَ ۙ يَقُولُونَ سَلٰمٌ
عَلَيْكُمُ ادْخُلُوا الْجَنَّةَ بِمَا كُنْتُمْ تَعْمَلُونَ ﴿٣٢﴾

**એ કે ફરિશ્તાઓ તેમનો જીવ કાઢે છે એવી પરિસ્થિતિમાં કે તેઓ પોતાનું અનિષ્ટ કરી રહયા હતા.[૧૫૫] હવે સુલેહ નાખશે[૧૫૬] કે; અમે તો કશી બુરાઈ કરતા ન હતા.[૧૫૭] હા! કેમ નહિ, બેશક! અલ્લાહ ખૂબ જાણે છે જે તમારા કરતુત હતાં[૧૫૮] (૨૮) હવે જહન્નમના દરવાજાઓમાં જાઓ કે હમેશાં તેમાં રહો. તો ઘમંડીઓનું કેટલું ખરાબ રહેઠાણ (છે) (૨૯) અને ડરવાવાળાઓને[૧૫૯] કહેવામાં આવ્યું; 'તમારા રબે શું ઉતાર્યું?' બોલ્યા; ખૂબી[૧૬૦] જેમણે આ દુનિયામાં ભલાઈ કરી[૧૬૧] તેમના માટે ભલાઈ છે[૧૬૨] અને બેશક! પાછલુ ઘર સર્વોત્તમ, અને અવશ્ય[૧૬૩] કેટલું સારૂં ઘર પરહેઝગારોનું (૩૦) વસવાના બગીચા જેમાં (તેઓ) જશે તેની નીચે નહેરો વહે તેમને ત્યાં મળશે જે (તેઓ) ઈચ્છે.[૧૬૪] અલ્લાહ એવો જ બદલો આપે છે પરહેઝગારોને (૩૧) તે જેમનો જીવ કાઢે છે ફરિશ્તાઓ પવિત્રતામાં[૧૬૫] એવું કહેતા કહેતા કે તમારા પર સલામતી હજો,[૧૬૬] જન્નતમાં જાવ, તમારા કામોનો બદલો (૩૨)**

એવી થઇ જાણે કોઇ કોમે અમુક ઊંચી ઇમારત બનાવી પછી તે ઇમારત તેમના ઉપર પડી અને તેમનો સર્વનાશ થયો, એવી રીતે જ કાફિરો પોતાની ચાલબાજીઓમાં જ નાશ પામ્યા.

તફસીરકારોએ એવું પણ કહ્યું છે કે, આ આયતમાં આગલા ચાલબાજી ચાલનારાઓનો મતલબ નમરૂદ બિન કિન્‌આન છે જે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામના સમયમાં સમગ્ર ધરતીમાં મોટામાં મોટો રાજા હતો, તેણે બાબુલ શહેર (બાબેલોન)માં ઊંચામાં ઊંચી એક ઇમારત બનાવડાવી હતી જેની ઊંચાઇ પાંચ હજાર વાર હતી, અને તેના પોતાના ખ્યાલ અનુસાર તેણે ઇમારત આસ્માન પર પહોંચવા અને આસ્માનવાળાઓ સાથે લડાઇ કરવા બનાવી હતી, અલ્લાહ તઆલાએ પવન ફૂંક્યો અને તે ઇમારત તેમના પર આવી પડી અને તે લોકો નાશ પામ્યા.

૧૫૧. જે તમે ઉપજાવી કાઢયા હતા અને....

૧૫૨. મુસલમાનો સાથે.

૧૫૩. અર્થાત તે ઉમ્મતોના નબીઓ અને આલિમો જેઓ તેમને દુનિયામાં ઇમાન તરફ પોકારતા હતા અને શિખામણ આપતા હતા પણ તે લોકો એમની વાત માનતા ન હતા.

૧૫૪. અર્થાત અઝાબ.

૧૫૫. એટલે કે કુફ્રમાં ખૂંપેલા હતા.

૧૫૬. અને મૃત્યુ ટાણે પોતાના કુફ્રનો ઇન્કાર કરશે અને કહેશે.

૧૫૭. ત્યારે ફરિશ્તાઓ જવાબ આપશે.

૧૫૮. માટે આ ઇન્કાર તમને લાભદાયી નથી.

૧૫૯. એટલે કે ઇમાનદારોને.

૧૬૦. અર્થાત કુરઆન શરીફ જે બધી ખૂબીઓનો ભંડાર તેમજ સારી વાતો અને બરકતોનું મૂળ છે અને દીન તથા દુનિયા તેમજ આંતરિક અને બાહ્ય કમાલોનું ઝરણું છે.

**શાને નુઝૂલ** : અરબના કબીલાઓ હજના દિવસો દરમ્યાન હઝરત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની હાલત બાબત તપાસ કરવા પોતાના પ્રતિનિધિઓ મક્કા શરીફ મોકલતા હતા, આ પ્રતિનિધિઓ જ્યારે મક્કા શરીફ જતા અને શહેરના નાકા પર માર્ગોમાં જ્યારે તેમને કાફિરોના કારન્દા મળતા (જેવું કે ઉપર વર્ણવાયું છે) ત્યારે તેમને પેલા પ્રતિનિધિઓ હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ વિષે પૂછપરછ કરતા, તેઓ તો લોકોને અવળા માર્ગે ચઢાવવા માટે જ નિયુક્ત કરવામાં આવતા હતા, તેઓમાંથી કોઇ હુઝૂરને જાદુગર કહેતો કોઇ જ્યોતિષી કોઇ શાયર કોઇ મહા જૂઠો અને કોઇ ગાંડો કહેતો, અને એની સાથે સાથે એવું પણ કહેતા કે, તમે તેમની મુલાકાત ન લો એ જ તમારા હિતમાં છે. ત્યારે પ્રતિનિધિઓ કહેતા કે, અમે મક્કા મૂકર્રમા જઇને તેમની મુલાકાત લીધા વગર પોતાની કૌમમાં પાછા જઇએ તો અમે ખરાબ એલચીઓ કહેવાઇએ, આવુ કરવું એ એક એલચીની ફરજચૂક અને કૌમની ખયાનત કરેલી કહેવાય, અમને તપાસ માટે મોકલવામાં આવ્યા છે અમારી ફરજ છે કે અમે તેમની પાસેથી અમારા લોકો પાસેથી અને પારકાઓ પાસેથી તેમના વિષે માહિતી મેળવીએ અને જે જાણવા મળે તેમાં જરા પણ ઘટાડો વધારો કર્યા વગર કોમને તેની જાણ કરીએ. આ વિચારે તેઓ મક્કા મુકર્રમામાં જઇને હુઝૂરના સહાબાઓની મુલાકાત પણ લેતા અને તેમની પાસેથી આપની માહિતી મેળવતા, સહાબાએ કિરામ તેમને બધી હકીકત કહી સંભળાવતા હતા અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની હાલત અને કમાલાત અને કુરઆને કરીમે બયાન કરેલી વાતોની તેમને જાણ કરતા હતા. તેમનું બયાન આ આયતમાં કરવામાં આવ્યું છે.

૧૬૧. અર્થાત ઇમાન લાવ્યા અને નેક કામો કર્યાં.

૧૬૨. અર્થાત પવિત્ર જીવન છે અને વિજય તેમજ બહોળી રોજી વિગેરે નેઅમતો.

૧૬૩. આખેરતનું ઘર...

૧૬૪. અને એ વાત જન્નત સિવાય કોઇને પણ ક્યાંયે પ્રાપ્ય નથી.

૧૬૫. કે તેઓ શિર્ક અને કુફ્રથી પાક હોય છે અને તેમની વાતો, કાર્યો તેમજ આદતો અને ટેવો પાક હોય છે, ઇબાદતો સાથે હોય છે. હરામ બાબતો અને મનાઇ કરેલી વાતોના ડાઘાઓથી તેમના અમલનો પાલવ મેલો હોતો નથી. જીવ નીકળતી વખતે તેમને જન્નત, અલ્લાહની ખુશી, રહમત અને ઇજ્જતની ખુશખબરો આપવામાં આવે છે. એવી પરિસ્થિતિમાં મૃત્યુ એમને સરસ લાગે છે અને જીવ ખુશી અને આનંદ સાથે શરીરમાંથી નીકળે છે અને ફરિશ્તાઓ ઇજ્જત સાથે તેને કાઢે છે. (ખાઝિન)

૧૬૬. રિવાયતમાં છે કે મૃત્યુ નજીક આવે છે ત્યારે મો'મિન બન્દા પાસે ફરિશ્તો આવીને કહે છે, અય અલ્લાહના બન્દા! તારા પર સલામ અને અલ્લાહ તઆલા તને સલામ ફરમાવે છે. અને આખેરતમાં તેમને કહેવામાં આવશે.

૧૬૭. કાફિરો, કેમ ઇમાન લાવતા નથી શેના ઇન્તેઝારમાં છે.

૧૬૮. તેમના જીવ કાઢવા.

૧૬૯. દુનિયામાં અથવા કયામતના દિવસે.

هَلْ يَنظُرُونَ إِلَّا أَن تَأْتِيَهُمُ الْمَلَٰٓئِكَةُ أَوْ يَأْتِيَ
أَمْرُ رَبِّكَ كَذَٰلِكَ فَعَلَ الَّذِينَ مِن قَبْلِهِمْ وَمَا
ظَلَمَهُمُ اللَّهُ وَلَٰكِن كَانُوٓا أَنفُسَهُمْ يَظْلِمُونَ ﴿٣٣﴾
فَأَصَابَهُمْ سَيِّـَٔاتُ مَا عَمِلُوا وَحَاقَ بِهِم مَّا كَانُوا
بِهِۦ يَسْتَهْزِءُونَ ﴿٣٤﴾ وَقَالَ الَّذِينَ أَشْرَكُوا لَوْ شَآءَ
اللَّهُ مَا عَبَدْنَا مِن دُونِهِۦ مِن شَىْءٍ نَّحْنُ وَلَآ ءَابَآؤُنَا
وَلَا حَرَّمْنَا مِن دُونِهِۦ مِن شَىْءٍ كَذَٰلِكَ فَعَلَ الَّذِينَ
مِن قَبْلِهِمْ فَهَلْ عَلَى الرُّسُلِ إِلَّا الْبَلَٰغُ الْمُبِينُ ﴿٣٥﴾
وَلَقَدْ بَعَثْنَا فِى كُلِّ أُمَّةٍ رَّسُولًا أَنِ اعْبُدُوا اللَّهَ
وَاجْتَنِبُوا الطَّٰغُوتَ فَمِنْهُم مَّنْ هَدَى اللَّهُ
وَمِنْهُم مَّنْ حَقَّتْ عَلَيْهِ الضَّلَٰلَةُ فَسِيرُوا فِى

**શાની રાહ જુએ છે ?[૧૬૭] પણ એની જ કે ફરિશ્તાઓ તેમના પર આવે[૧૬૮] અથવા તમારા પરવરદિગારનો અઝાબ આવે.[૧૬૯] એમનાથી આગલાઓએ પણ એવું જ કર્યું,[૧૭૦] અને અલ્લાહે તેમના પર કંઈ જુલ્મ નથી કર્યો હા ! તેઓ પોતે જ[૧૭૧] પોતાના જીવો પર જુલ્મ કરતા હતા (૩૩) તો તેમની બુરી કમાણી તેમના પર પડી[૧૭૨] અને તેમને ઘેરી લીધા તેણે[૧૭૩] જેની હાંસી ઉડાડતા હતા (૩૪) અને મુશ્રિકો બોલ્યા; 'અલ્લાહ ઈચ્છત તો તેના સિવાય (અમે) કોઈને પૂજત નહિ, ન અમે ન અમારા બાપ દાદાઓ, અને ન તેનાથી જુદા પડીને અમે કોઈ વસ્તુ હરામ ઠેરવત'[૧૭૪] આવું જ તેમના આગલાઓએ કર્યું.[૧૭૫] તો રસૂલો પર શું છે પણ (એજ કે) સાફ પહોંચાડી દેવું[૧૭૬] (૩૫) અને બેશક ! દરેક ઉમ્મતમાં અમે એક રસૂલ મોકલ્યો[૧૭૭] કે અલ્લાહને પૂજો અને બચો શયતાનથી તો તેમાં[૧૭૮] અમુકને અલ્લાહે રસ્તો દેખાડયો અને અમુકને ગુમરાહી બંધબેસતી આવી ગઈ.[૧૭૯] તો ધરતીમાં હરી ફરીને**

૧૭૦. અર્થાત પહેલાંની ઉમ્મતોના કાફિરોએ પણ કુફ્ર અને જૂઠાડવાનું ચાલુ રાખ્યુ હતું.

૧૭૧. કુફ્ર અંગિકાર કરીને.

૧૭૨. અને તેઓ પોતાના કુકર્મોની સજા પામ્યા.

૧૭૩. તે અઝાબે.

૧૭૪. જેમ કે બહીરા અને સાઇબા વિગેરે. આવું કહેવાનો તેમનો મતલબ એ હતો કે તેમનું શિર્ક કરવું અને આ વસ્તુઓને હરામ ઠેરવી લેવી અલ્લાહની ઇચ્છા અને મરજીથી છે. ત્યારે અલ્લાહે ફરમાવ્યું,

૧૭૫. કે રસૂલોને જૂઠાડયા અને હલાલને હરામ કર્યું અને આવી જ ઠઠ્ઠા મશ્કરીની વાતો કરી.

૧૭૬. સત્યનું જાહેર કરવું અને શિર્કની અસત્યતા અને બુરાઇની જાણ કરી આપવી.

૧૭૭. અને દરેક રસૂલને આદેશ આપ્યો કે તે પોતાની કૌમને કહે,

૧૭૮. તે ઉમ્મતોમાં.

૧૭૯. તેઓ પોતાના અઝલી કમનસીબે કુફ્ર પર મર્યા અને ઇમાનથી વંચિત રહ્યા.

૧૮૦. જેમને અલ્લાહ તઆલાએ હલાક કર્યા અને તેમના શહેરો વેરાન કર્યાં. ઉજ્જડ થયેલી વસ્તીઓ તેમના વિનાશની બાંગ પોકારે છે. તેને જોઇને સમજો કે તમે પણ કુફ્ર અને જૂઠાડવા પર અડેલા રહ્યા તો તમારૂં પરિણામ પણ આવું જ થવાનું છે.

૧૮૧. અય મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ! અને તેમની હાલત એવી છે કે એ લોકો તેમનામાં છે જેમની ગુમરાહી પુરવાર થઇ ચૂકી. અને તેમની બદબખ્તી અઝલી છે.

જુઓ કે જૂઠાડનારાઓનું પરિણામ કેવું આવ્યું ?[૧૮૦] અને જો તમે તેમની હિદાયતની લાલશા રાખો[૧૮૧] તો બેશક ! અલ્લાહ જેને ગુમરાહ કરે તેને હિદાયત આપતો નથી અને તેમનો કોઈ મદદગાર નથી (૩૭) અને તેમણે અલ્લાહની કસમ ખાધી અને પોતાના સોગંદમાં અતિશય પ્રયત્ન કરીને કે ; અલ્લાહ મડદાંઓ નહિ ઉઠાડે.[૧૮૨] હા ! કેમ નહિ.[૧૮૩] સાચો વાયદો, તેની જિમ્મેદારી પર. પરંતુ વધુ પડતા લોકો જાણતા નથી[૧૮૪] (૩૮) એટલા માટે કે તેમને સ્પષ્ટ જણાવી દે જે વાતમાં (તેઓ) ઝગડતા હતા[૧૮૫] અને એટલા માટે કે કાફિરો જાણી લે કે તેઓ જૂઠા હતા[૧૮૬] (૩૯) જે વસ્તુ અમે ઈચ્છીએ તેને અમારૂં ફરમાન એ જ હોય છે કે અમે કહીએ ; 'થઈ જા' તો તે તરત થઈ જાય છે[૧૮૭] (૪૦) અને જેમણે પોતાનાં ઘરબાર છોડયાં અલ્લાહના માર્ગમાં[૧૮૮] અત્યાચારનો ભોગ થઈને જરૂર અમે તેમને દુનિયામાં સારી જગ્યા આપીશું,[૧૮૯] અને બેશક ! આખેરતનો સવાબ ઘણો મોટો છે. કોઈ રીતે લોકો જાણતા[૧૯૦] (૪૧) તે જેમણે સબર કરી[૧૯૧] અને અલ્લાહ પર જ ભરોસો કરે છે[૧૯૨] (૪૨)



الْاَرْضِ فَانْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُكَذِّبِيْنَ ﴿٣٦﴾
اِنْ تَحْرِصْ عَلٰى هُدٰىهُمْ فَاِنَّ اللّٰهَ لَا يَهْدِيْ مَنْ
يُّضِلُّ وَمَا لَهُمْ مِّنْ نّٰصِرِيْنَ ﴿٣٧﴾ وَاَقْسَمُوْا بِاللّٰهِ جَهْدَ
اَيْمَانِهِمْ لَا يَبْعَثُ اللّٰهُ مَنْ يَّمُوْتُ بَلٰى وَعْدًا
عَلَيْهِ حَقًّا وَّلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ ﴿٣٨﴾ لِيُبَيِّنَ
لَهُمُ الَّذِيْ يَخْتَلِفُوْنَ فِيْهِ وَلِيَعْلَمَ الَّذِيْنَ كَفَرُوْٓا
اَنَّهُمْ كَانُوْا كٰذِبِيْنَ ﴿٣٩﴾ اِنَّمَا قَوْلُنَا لِشَيْءٍ اِذَآ اَرَدْنٰهُ
اَنْ نَّقُوْلَ لَهٗ كُنْ فَيَكُوْنُ ﴿٤٠﴾ وَالَّذِيْنَ هَاجَرُوْا
فِي اللّٰهِ مِنْ بَعْدِ مَا ظُلِمُوْا لَنُبَوِّئَنَّهُمْ فِي الدُّنْيَا
حَسَنَةً وَلَاَجْرُ الْاٰخِرَةِ اَكْبَرُ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ﴿٤١﴾
الَّذِيْنَ صَبَرُوْا وَعَلٰى رَبِّهِمْ يَتَوَكَّلُوْنَ ﴿٤٢﴾

૧૮૨. **શાને નુઝૂલ** : એક મુશ્રિક એક મુસલમાનનો કરજદાર હતો. મુસલમાને મુશ્રિક પાસે માગણી કરી. વાતચીત દરમ્યાન તેણે એ રીતે અલ્લાહની કસમ ખાધી કે, તે અલ્લાહની કસમ કે મર્યા પછી જેને મળવાની હું તમન્ના ધરાવું છું. મુશ્રિકે તેને કહ્યું કે, શું તારો એવો ખ્યાલ છે કે તું મર્યા પછી ફરી ઉઠીશ ? અને મુશ્રિકે કસમ ખાઇને કહ્યું કે, અલ્લાહ મરેલાઓને નહિ ઉઠાડે. ત્યારે આ આયત ઉતરી.

૧૮૩. એટલે કે અવશ્ય ઉઠાડશે.

૧૮૪. એ ઉઠાડવાનું રહસ્ય અને તેની કુદરત. બેશક ! તે મડદાઓને ઉઠાડશે.

૧૮૫. અર્થાત મૃત્યુ પામેલાઓના જીવતા થવા બાબત કે તે સત્ય છે.

૧૮૬. અને મરેલાનું જીવંત થવાનો ઇન્કાર ગલત હતો.

૧૮૭. તો પછી અમારા માટે મરેલાને જીવંત કરવું શું મુશ્કેલ છે ?

૧૮૮. તેના દીનની ખાતર હિજરત કરી.

**શાને નુઝૂલ** : કતાદાએ કહ્યું છે કે આ આયત હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમના સહાબીઓ વિષે ઉતરી જેમના પર મક્કાવાળાઓએ ખૂબ અત્યાચારો ગુજાર્યા. અને તેમને દીન ખાતર વતન છોડવું પડયું. તેમાંથી અમુક હબશા (એરીટેરીઆ) ચાલ્યા ગયા પછી ત્યાંથી મદીના શરીફ આવ્યા, અને અમુક હિજરત કરીને સીધા મદીના શરીફ જ ગયા.

૧૮૯. તે (જગ્યા) મદીના શરીફ છે જેને અલ્લાહ તઆલાએ તેમના માટે દારૂલ હિજરત બનાવ્યું.

૧૯૦. એટલે કે કાફિરો અથવા તે લોકો જેઓ હિજરત કરવાથી રહી ગયા કે એનો સવાબ કેટલો

النحل ١٦ — ربما ١٤

وَمَآ أَرۡسَلۡنَا مِن قَبۡلِكَ إِلَّا رِجَالٗا نُّوحِيٓ إِلَيۡهِمۡۖ
فَسۡـَٔلُوٓاْ أَهۡلَ ٱلذِّكۡرِ إِن كُنتُمۡ لَا تَعۡلَمُونَ ٤٣
بِٱلۡبَيِّنَٰتِ وَٱلزُّبُرِۗ وَأَنزَلۡنَآ إِلَيۡكَ ٱلذِّكۡرَ لِتُبَيِّنَ
لِلنَّاسِ مَا نُزِّلَ إِلَيۡهِمۡ وَلَعَلَّهُمۡ يَتَفَكَّرُونَ ٤٤
أَفَأَمِنَ ٱلَّذِينَ مَكَرُواْ ٱلسَّيِّـَٔاتِ أَن يَخۡسِفَ ٱللَّهُ
بِهِمُ ٱلۡأَرۡضَ أَوۡ يَأۡتِيَهُمُ ٱلۡعَذَابُ مِنۡ حَيۡثُ
لَا يَشۡعُرُونَ ٤٥ أَوۡ يَأۡخُذَهُمۡ فِي تَقَلُّبِهِمۡ فَمَا هُم
بِمُعۡجِزِينَ ٤٦ أَوۡ يَأۡخُذَهُمۡ عَلَىٰ تَخَوُّفٖ فَإِنَّ رَبَّكُمۡ
لَرَءُوفٞ رَّحِيمٌ ٤٧ أَوَلَمۡ يَرَوۡاْ إِلَىٰ مَا خَلَقَ ٱللَّهُ مِن
شَيۡءٖ يَتَفَيَّؤُاْ ظِلَٰلُهُۥ عَنِ ٱلۡيَمِينِ وَٱلشَّمَآئِلِ سُجَّدٗا
لِّلَّهِ وَهُمۡ دَٰخِرُونَ ٤٨ وَلِلَّهِ يَسۡجُدُ مَا فِي ٱلسَّمَٰوَٰتِ

**અને અમે તમારાથી પહેલાં પુરૂષો જ[૧૯૩] મોકલ્યા જેમના તરફ અમે વહી કરતા (હતા) તો અય લોકો! ઈલ્મવાળાઓને પૂછો જો તમને જાણ ન હોય (તો)[૧૯૪] (૪૩) સ્પષ્ટ દલીલો અને કિતાબો લઈને.[૧૯૫] અને અય મહબૂબ! અમે તમારી તરફ આ યાદગાર ઉતારી[૧૯૬] કે તમે લોકોને કહી આપો[૧૯૭] જે તેમની તરફ ઉતાર્યું અને ક્યાંક તેઓ ધ્યાન કરે (૪૪) તો શું જે લોકો ખરાબ ચાલ ચાલે છે[૧૯૮] (તેઓ) એનાથી ડરતા નથી કે અલ્લાહ તેમને ધરતીમાં ઉતારી દે[૧૯૯] અથવા તેમને (માથે) ત્યાંથી અઝાબ આવે જ્યાંથી તેમને ખબર ન હોય[૨૦૦] (૪૫) અથવા તેમને ચાલતા ફરતા[૨૦૧] પકડી લે, કે તેઓ થકવી શકતા નથી[૨૦૨] (૪૬) અથવા તેમને નુકશાન આપી આપીને પકડી પાડે કે બેશક! તમારો રબ ઘણો મહેરબાન રહેમવાળો છે[૨૦૩] (૪૭) અને શું તેમણે જોયું નહિ કે જે[૨૦૪] વસ્તુ અલ્લાહે બનાવી છે તેના પડછાયા જમણી ને ડાબી બાજુ નમે છે.[૨૦૫] અલ્લાહને સિજદો કરે છે અને તે તેની સમક્ષ તુચ્છ છે[૨૦૬] (૪૮) અને અલ્લાહને જ સિજદો કરે છે જે કંઈ આસ્માનોમાં છે અને જે કંઈ જમીનમાં ચાલનાર છે**

મહાન છે.

૧૯૧. વતનના ત્યાગ અને કાફિરોની ઇજા અને જાન માલ ખપાવી દેવા બદલ.

૧૯૨. અને તેના દીન ખાતર જે વેઠવું પડે તેના પર રાજી છે અને મખ્લૂક સાથે સંબંધ તોડીને સત્ય તરફ એકદમ તલ્લીન બની જાય છે. સાલિક માટે એ સલૂકનું ટોચનું સ્થાન છે.

૧૯૩. **શાને નુઝૂલ** : આ આયત મક્કાના મુશ્રિકોના જવાબમાં ઉતરી જેમણે સૈયદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની નબુવ્વતનો ઇન્કાર એ રીતે કર્યો હતો કે અલ્લાહની શાન એનાથી પર છે કે તે કોઇ માનવીને રસૂલ બનાવે. તેમને કહેવામાં આવ્યું કે અલ્લાહની ચાલી આવતી રીત એ મુજબ જ છે, હમેશાં તેણે માનવીઓમાંથી પુરૂષોને જ રસૂલ બનાવ્યા.

૧૯૪. હદીષ શરીફમાં છે કે અજ્ઞાનતાની બીમારીનો ઇલાજ આલિમોને પૂછવો જોઇએ, તો તેમને પૂછો તેઓ તમને કહેશે કે અલ્લાહનો ચાલ્યો આવતો તરીકો એવો જ છે કે તેણે પુરૂષોને રસૂલો બનાવીને મોકલ્યા.

૧૯૫. તફસીરકારોનું એક કથન એવું છે કે સ્પષ્ટ દલીલો અને કિતાબોના જાણકારોને પૂછો જો તમને દલીલ અને કિતાબનું ઇલ્મ ન હોય તો.

**મસઅલો** : આ આયતથી ઇમામોની તકલીદ વાજિબ હોવાનું સાબિત થાય છે.

૧૯૬. અર્થાત કુરઆન શરીફ.

૧૯૭. (અમારૂં) ફરમાન.

وَمَا فِي الْأَرْضِ مِن دَابَّةٍ وَالْمَلَائِكَةُ وَهُمْ لَا
يَسْتَكْبِرُونَ ﴿٤٩﴾ يَخَافُونَ رَبَّهُم مِّن فَوْقِهِمْ وَيَفْعَلُونَ
مَا يُؤْمَرُونَ ﴿٥٠﴾ وَقَالَ اللَّهُ لَا تَتَّخِذُوا إِلَٰهَيْنِ
اثْنَيْنِ ۖ إِنَّمَا هُوَ إِلَٰهٌ وَاحِدٌ ۖ فَإِيَّايَ فَارْهَبُونِ ﴿٥١﴾ وَلَهُ
مَا فِي السَّمَاوَاتِ وَالْأَرْضِ وَلَهُ الدِّينُ وَاصِبًا
أَفَغَيْرَ اللَّهِ تَتَّقُونَ ﴿٥٢﴾ وَمَا بِكُم مِّن نِّعْمَةٍ فَمِنَ اللَّهِ
ثُمَّ إِذَا مَسَّكُمُ الضُّرُّ فَإِلَيْهِ تَجْأَرُونَ ﴿٥٣﴾ ثُمَّ إِذَا
كَشَفَ الضُّرَّ عَنكُمْ إِذَا فَرِيقٌ مِّنكُم بِرَبِّهِمْ
يُشْرِكُونَ ﴿٥٤﴾ لِيَكْفُرُوا بِمَا آتَيْنَاهُمْ ۚ فَتَمَتَّعُوا ۖ فَسَوْفَ
تَعْلَمُونَ ﴿٥٥﴾ وَيَجْعَلُونَ لِمَا لَا يَعْلَمُونَ نَصِيبًا مِّمَّا
رَزَقْنَاهُمْ ۗ تَاللَّهِ لَتُسْأَلُنَّ عَمَّا كُنتُمْ تَفْتَرُونَ ﴿٥٦﴾

السجدة ۴ منزل ۳

**(તે)[૨૦૭] અને ફરિશ્તાઓ, અને તેઓ અભિમાન કરતા નથી (૪૯) પોતાની ઉપર પોતાના રબનો ભય (ધારણ) કરે છે અને તે જ કરે છે જે તેમને હુકમ થાય[૨૦૮] (૫૦) અને અલ્લાહે ફરમાવી દીધું; 'બે ખુદા ઠેરવો નહિ[૨૦૯] તે તો એક જ મા'બૂદ છે તો મારાથી જ ડરો[૨૧૦] (૫૧) અને તેનું જ છે જે કંઈ આકાશો અને ધરતીમાં છે તે અને તેની જ ફરમાંબરદારી અનિવાર્ય છે. તો શું અલ્લાહ સિવાય અન્ય કોઈથી ડરશો?[૨૧૧] (૫૨) અને તમારી પાસે જે નેઅમત છે (તે) બધું અલ્લાહ તરફથી છે, પછી જ્યારે તમને તકલીફ થાય છે[૨૧૨] તો તેનો જ આશરો ઢુંઢો છો[૨૧૩] (૫૩) ફરી જ્યારે તે તમારા પરથી અનિષ્ટ હટાવે છે તો તમારામાં એક જુથ પોતાના પરવરદિગારનો શરીક ઠેરવવા માંડે છે[૨૧૪] (૫૪) કે અમારી આપેલી નેઅમતોની નાશુકરી કરે. તો થોડું વાપરી લો[૨૧૫] કે ટૂંકમાં જ જાણી જશો[૨૧૬] (૫૫) અને અજાણી વસ્તુઓ માટે[૨૧૭] અમારી આપેલી રોજીમાંથી[૨૧૮] ભાગ નક્કી કરે છે. ખુદાની કસમ તમને જરૂર પૂછાશે જે કંઈ જૂઠ ઠોકી બેસાડતા હતા (તે)[૨૧૯] (૫૬)**

૧૯૮. રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને આપના સહાબા સાથે, અને તેમને સતત ઇજા આપ્યા કરે છે અને સંતાઇ સંતાઇને ફસાદ ફેલાવવાની યુક્તિઓ કરતા ફરે છે જેવા કે મક્કાના કાફિરો.

૧૯૯. જેમકે કારૂનને અલોપ કરી દીધો.

૨૦૦. અને થયું પણ એવું જ કે બદ્રમાં તેમનો નાશ કરવામાં આવ્યો અને તેમને એની જાણ હતી નહિ.

૨૦૧. સફરમાં કે ઘેર બેઠાં દરેક રીતે.

૨૦૨. અલ્લાહને અઝાબ કરવાથી.

૨૦૩. કે ધીરજ ધરે છે અને અઝાબમાં ઉતાવળ કરતો નથી.

૨૦૪. પડછાયાવાળી...

૨૦૫. સવારે અને સાંજે.

૨૦૬. લાચાર, આજ્ઞાંકિત અને તાબેદાર.

૨૦૭. સિજદો બે પ્રકારનો છે. એક સિજદો ઇતાઅત અને ઇબાદતનો, જેવો કે અલ્લાહ માટે મુસલમાનોનો સિજદો. બીજો સિજદો તાબેદારી અને આજેઝીનો, જેવો કે પડછાયા વિગેરેનો સિજદો. દરેક વસ્તુનો સિજદો તેની લાયકાત મુજબનો હોય છે. મુસલમાનો અને ફરિશ્તાઓનો સિજદો ઇતાઅત અને ઇબાદતનો સિજદો છે, અને એમના સિવાયનો સિજદો તાબેદારી અને આજેઝીનો સિજદો છે.

૨૦૮. આથી સાબિત થયું કે ફરિશ્તાઓ પર ખુદાના હુકમો લાગુ પડે છે. અને જ્યારે પુરવાર કરી દેવામાં આવ્યું કે તમામ આસ્માન અને જમીનની કાયનાત અલ્લાહ સમક્ષ તાબેદાર અને આજેઝી કરનાર છે

અને અલ્લાહ માટે દીકરીઓ ઠેરવે છે[220] પાકી છે તેને,[221] અને પોતાના માટે જે પોતાનો જીવ ઈચ્છે[222] (૫૭) અને જ્યારે એમનામાં કોઈને પુત્રી થવાની ખુશ ખબર આપવામાં આવે છે તો આખો દિવસ તેનું મોઢું[223] કાળુ રહે છે અને તે ક્રોધે ભરાય છે (૫૮) લોકોથી[224] સંતાતો ફરે છે એ ખુશખબરની બુરાઈના કારણે. શું તેને અપમાન સાથે રાખશે યા તેને માટીમાં દાબી દેશે ?[225] અને ઘણો જ ખરાબ હુકમ લગાડે છે[226] (૫૯) જેઓ આખેરત પર ઈમાન લાવતા નથી તેમની જ બુરી હાલત છે, અને અલ્લાહની શાન સર્વથી ઉચ્ચ[227] અને તે જ ઈજ્જત અને હિકમતવાળો છે (૬૦) અને જો અલ્લાહ લોકોની તેમના જુલ્મ બાબત પકડ કરત[228] તો ધરતી પર કોઈ ચાલ નારૂં છોડત નહિ[229] પણ તેમને એક નક્કી કરેલા વાયદા સુધી મહેતલ આપે છે.[230] ફરી જ્યારે તેમનો વાયદો આવી લાગશે (તો) ન એક પળ પાછળ હટે ન આગળ વધે (૬૧) અને અલ્લાહ માટે તે ઠેરવે છે જે પોતાના માટે અણગમતુ છે.[231] અને તેમની જીભો ગપાટાજ મારે છે કે ; 'તેમના માટે ભલાઈ છે'[232] તો આપમેળે જ

النحل ١٦ ربما ١٤

وَيَجْعَلُونَ لِلّٰهِ الْبَنٰتِ سُبْحٰنَهٗ وَلَهُمْ مَّا يَشْتَهُونَ ﴿٥٧﴾
وَإِذَا بُشِّرَ أَحَدُهُمْ بِالْأُنْثٰى ظَلَّ وَجْهُهٗ مُسْوَدًّا
وَّهُوَ كَظِيمٌ ﴿٥٨﴾ يَتَوَارٰى مِنَ الْقَوْمِ مِنْ سُوْٓءِ مَا بُشِّرَ
بِهٖ أَيُمْسِكُهٗ عَلٰى هُوْنٍ أَمْ يَدُسُّهٗ فِي التُّرَابِ
أَلَا سَآءَ مَا يَحْكُمُونَ ﴿٥٩﴾ لِلَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِالْاٰخِرَةِ
مَثَلُ السَّوْءِ وَلِلّٰهِ الْمَثَلُ الْأَعْلٰى وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿٦٠﴾
وَلَوْ يُؤَاخِذُ اللّٰهُ النَّاسَ بِظُلْمِهِمْ مَّا تَرَكَ عَلَيْهَا
مِنْ دَآبَّةٍ وَّلٰكِنْ يُّؤَخِّرُهُمْ إِلٰى أَجَلٍ مُّسَمًّى فَإِذَا
جَآءَ أَجَلُهُمْ لَا يَسْتَأْخِرُوْنَ سَاعَةً وَّلَا يَسْتَقْدِمُوْنَ ﴿٦١﴾
وَيَجْعَلُونَ لِلّٰهِ مَا يَكْرَهُوْنَ وَتَصِفُ أَلْسِنَتُهُمُ الْكَذِبَ
أَنَّ لَهُمُ الْحُسْنٰى لَا جَرَمَ أَنَّ لَهُمُ النَّارَ وَأَنَّهُمْ

અને સર્વે તેની મિલ્કત અને તેની જ કુદરત અને આણ હેઠળ છે ત્યારે હવે શિર્કની મનાઇ કરવામાં આવી.

૨૦૯. કારણ કે બે ખુદા તો હોઇ શકતા જ નથી.

૨૧૦. હું જ તે સાચો મઅ્‌બૂદ છું જેનો કોઇ ભાગીદાર નથી.

૨૧૧. તેના સિવાય કોઇ સાચો માઅ્‌બૂદ ન હોવા છતાં ?

૨૧૨. ગરીબીની હોય કે બીમારીની કે બીજી કોઇ...

૨૧૩. તેના પાસે જ દુઆ માંગો છો અને તેને જ ફરિયાદ કરો છો.

૨૧૪. અને તે લોકોનો અંત એ હોય છે કે...

૨૧૫. અને થોડા દિવસ એ રીતે જીવન ગુજારી લો...

૨૧૬. કે એનું પરિણામ કેવું આવ્યું.

૨૧૭. એટલે કે મૂર્તિઓ માટે, જેમનું અલ્લાહ હોવું તેમજ લાયક લાભદાયી અને નુકસાનકારક હોવું વિગેરની તેમને ખબર નથી.

૨૧૮. અર્થાત ખેતી અને જાનવરો વિગેરેમાંથી.

૨૧૯. મૂર્તિઓને મઅબૂદ અને મૂર્તિપૂજાને ખુદાનો હુકમ કહીને.

૨૨૦. જેમકે ખઝાઆ અને કનાના (કબીલાઓ) કહેતા હતા કે ફરિશ્તાઓ અલ્લાહની પુત્રીઓ છે.

૨૨૧. તે પર છે ઔલાદથી અને તેના વિષે એવું કહેવું ઘણી જ બેઅદબી અને કુફ્ર છે.

૨૨૨. અર્થાત કુફ્ર કરવા સાથે આવી હદ દરજ્જાની બદતમીઝી પણ છે કે પોતાના માટે પુત્રો પસંદ

النحل ١٦ ربما ١٤

مفرطون ﴿٦٢﴾ تالله لقد أرسلنا إلى أمم من قبلك
فزين لهم الشيطان أعمالهم فهو وليهم
اليوم ولهم عذاب أليم ﴿٦٣﴾ وما أنزلنا عليك
الكتاب إلا لتبين لهم الذي اختلفوا فيه وهدى
ورحمة لقوم يؤمنون ﴿٦٤﴾ والله أنزل من
السماء ماء فأحيا به الأرض بعد موتها إن
في ذلك لآية لقوم يسمعون ﴿٦٥﴾ وإن لكم في
الأنعام لعبرة نسقيكم مما في بطونه من بين
فرث ودم لبنا خالصا سائغا للشاربين ﴿٦٦﴾ ومن
ثمرات النخيل والأعناب تتخذون منه سكرا
ورزقا حسنا إن في ذلك لآية لقوم يعقلون ﴿٦٧﴾

**(પુરવાર) થયું કે તેમના માટે આગ છે અને તેઓ હદથી વધારાએલા છે[૨૩૩] (૬૨) ખુદાની કસમ! અમે તમારાથી પહેલાં કેટલીએ ઉમ્મતો તરફ રસૂલ મોકલ્યા, તો શયતાને તેમના કરતુત તેમની દ્રષ્ટિમાં સારાં કરીને દેખાડયાં[૨૩૪] તો આજે તે જ તેમનો સાથી છે.[૨૩૫] અને તેમના માટે દુ:ખદાયક અઝાબ છે[૨૩૬] (૬૩) અને અમે તમારા પર આ કિતાબ[૨૩૭] એટલા માટે જ ઉતારી છે કે તમે લોકો સામે જે વાતમાં (તેઓ) મતભેદ ધરાવે[૨૩૮] તેમની ચોખવટ કરી દો, અને હિદાયત તેમજ રહમત ઈમાનવાળાઓ માટે (૬૪) અને અલ્લાહે આકાશમાંથી પાણી ઉતાર્યું તો તેનાથી ધરતીને[૨૩૯] જીવંત કરી દીધી તેના મૃત્યુ પછી[૨૪૦] બેશક! એમાં કાન ધરાવનારાઓ માટે નિર્દેશ છે[૨૪૧] (૬૫) અને બેશક! તમારા માટે જાનવરોમાં બોધ ગ્રહણ કરવાનું સ્થાન છે[૨૪૨] અમે તમને પીવડાવીએ છીએ તેમાંથી જે તેમના પેટમાં છાણ અને લોહી વચ્ચે છે ચોખ્ખુ દૂધ ગળામાં સરળતાથી ઉતરતું પીનારાઓ માટે[૨૪૩] (૬૬) અને ખજૂર તેમજ દ્રાક્ષના ફળોમાંથી[૨૪૪] કે તેમાંથી નબીઝ બનાવો છો અને સારી રોજી[૨૪૫] બેશક! એમાં બુદ્ધિમાનો માટે નિશાનીઓ છે (૬૭)**

કરે છે પુત્રીઓ પસંદ કરતા નથી, અને અલ્લાહ તઆલા માટે જે ઔલાદથી તદ્દન પર અને પવિત્ર છે જેના માટે ઔલાદ છે એવું કહેવું જ તેને એબદાર ઠેરવવા જેવું છે તેના માટે જ્યારે ઔલાદ ઠેરવે પણ છે ત્યારે એવી જે પોતાના માટે હોય તો શરમજનક સમજે છે.

૨૨૩. માઠું લગાવવાના કારણે...

૨૨૪. શરમના લીધે...

૨૨૫. જેમકે ખઝાઆ મુદર અને તમીમ કબીલાઓના કાફિરો છોકરીઓને જીવતી દાટી દેતા હતા.

૨૨૬. કે અલ્લાહ માટે દીકરીઓ સાબિત કરે છે જે પોતાના માટે ગમતી નથી.

૨૨૭. કે તે બાપ અને ઔલાદ બધાથી પાક અને પવિત્ર છે કોઇ તેનો શરીક નથી.

૨૨૮. એટલે કે ગુનાહો બદલ પકડત અને જલ્દી અઝાબ ઉતારત...

૨૨૯. બધાને હલાક કરી નાખત. જમીન પર ચાલનારાઓનો મતલબ યા તો કાફિરો છે જેમકે એક આયતમાં ફરમાવ્યું છે કે ઇન્ન શર્રદ-દવાબ્બિ ઇન્દલ્લાહિલ્લઝીન કફરૂ (અલ્લાહ પાસે ધરતી પર ચાલનારાઓમાં સર્વથી ખરાબ કાફિર છે) અથવા એ મતલબ છે કે રૂએ ઝમીન પર કોઇ ચાલનારને છોડત નહિ, જેમકે નૂહ અલયહિસ્સલામના સમયમાં જે કોઇ જમીન પર હતું તે તમામને હલાક કરી નાખ્યા, માત્ર તેઓ જ બચ્યા જે જમીન પર ન હતા, હઝરત નૂહ અલયહિસ્સલામ સાથે વહાણમાં હતા. અને એક કથન એવું પણ છે કે જાલિમોને હલાક કરી નાખત અને તેમના વંશ અવરોધી નાખત પછી તેઓ ધરતીમાં બાકી રહેત નહિ.

૨૩૦. પોતાની કૃપા અને મહેરબાની અને ઇલ્મથી નક્કી કરેલો વાયદો એટલે ઉંમરનો અંત અથવા કયામત.

૨૩૧. અર્થાત પુત્રીઓ અને ભાગીદાર.

૨૩૨. એટલે કે જન્નત. કાફિરો પોતાના કુફ્ર અને બોહતાન અને ખુદા માટે દીકરીઓ છે એવું કહેવા છતાં પોતાને હક પર સમજતા હતા અને કહેતા કે, જો મોહમ્મદ (સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ) સાચા હશે અને મખ્લૂક મરણ પછી ઉઠાડવામાં આવશે તો જન્નત અમને જ મળશે કારણ કે અમે હક પર છીએ. તેમના વિષે અલ્લાહ તઆલા ફરમાવે છે....

૨૩૩. જહન્નમમાં જ નાખી દેવામાં આવશે.

૨૩૪. અને તેમણે પોતાની બદીઓને નેકીઓ સમજી લીધી.

૨૩૫. દુનિયામાં તેના કહ્યા અનુસાર ચાલે છે અને જે શયતાનને પોતાનો સાથી અને સહાયક બનાવે તે અવશ્ય બેઆબરૂ અને અપમાનિત થશે. અથવા એ મતલબ છે કે કયામતના દિવસે તેમને શયતાન સિવાય બીજો કોઇ સાથીદાર મળશે નહિ અને શયતાન તો પોતે જ અઝાબમાં સપડાએલો હશે તો તેમની શું મદદ કરવાનો છે? ૨૩૬. આખેરતમાં.

૨૩૭. અર્થાત કુરઆન શરીફ.

૨૩૮. દીનની બાબતોમાં.

૨૩૯. વનસ્પતિ ઉગાડીને લીલીછમ કરીને.

૨૪૦. સુકાઇ ગયા અને ઉજ્જડ થઇ ગયા પછી.

૨૪૧. અને સાંભળીને સમજે છે અને વિચારે છે તેઓ એવા પરિણામ પર પહોંચે છે કે જે સાચો શક્તિવાન જમીનને તેના મૃત્યુ એટલે કે વનસ્પતિ ટકાવી રાખવાની શક્તિ મરી ગયા પછી ફરી જિંદગી આપે છે તે માનવીને મર્યા પછી જીવંત કરવા પર બેશક! શક્તિમાન છે.

૨૪૨. જો તમે એમાં ચિંતન કરો તો સરસ પરિણામ તારવી શકો છો અને અલ્લાહના રહસ્યોની જાણકારી મેળવી શકો છો.

૨૪૩. જેમાં કોઇ શંકા બીજી વસ્તુની ભેળસેળની નથી. જાનવરના શરીરમાં ખોરાકનું એક જ સ્થાન હોય છે જ્યાં ઘાસચારો વિગેરે પહોંચે છે અને દૂધ, લોહી, છાણ વિગેરે એ જ ખોરાકથી બને છે છતાં એમાંનું એક બીજા સાથે ભેળસેળ થતું નથી. દૂધમાં ન તો લોહીના રંગનો છાંટો હોય છે ન છાણની દુર્ગંધનો અંશ, ઘણુ જ ચોખ્ખું અને હળવું નીકળે છે, એનાથી અલ્લાહના રહસ્યોની અજબ કારીગરી જાહેર થાય છે.

ઉપર મુર્દાઓને જીવતાં થવાનો મસઅલો બયાન થઇ ચૂક્યો કે કાફિરો જેનો ઇન્કાર કરતા હતા. અને તેમને એમાં બે જાતની શંકાઓ હતી, એક તો એ કે જે વસ્તુ બગડી ગઇ અને તેનું જીવન જતું રહ્યું તેમા પુનઃજીવન કેવી રીતે પ્રવેશશે? એ શંકાનું નિરાકરણ તો આનાથી પહેલાંની આયતમાં કરી દેવાયું કે તમે દેખતા જ આવ્યા છો કે અમે મૃત ધરતીને સુકાઇ ગયા પછી આકાશમાંથી પાણી વરસાવીને જીવન આપીએ છીએ તો કુદરતની આ કૃપા નિહાળ્યા પછી કોઇ મખ્લૂકનું મર્યા પછી જીવતું થવું એ એવા નિરંકુશ સત્તાવાહક માટે કંઇ મુશ્કેલ નથી. બીજી શંકા કાફિરોની એ હતી કે જ્યારે માનવી મરી ગયો અને તેના શરીરના અંશો વેરવિખેર થઇ ગયા અને માટીમાં મળી ગયા તો પછી એ અંશો કેવી રીતે એકત્ર કરવામાં આવશે? અને માટીના રજકણોમાંથી તેને કેમ કરી જુદા પાડવામાં આવશે? આ આયતે કરીમામાં જે ચોખ્ખા દૂધનું વર્ણન

وَاَوْحٰى رَبُّكَ اِلَى النَّحْلِ اَنِ اتَّخِذِىْ مِنَ الْجِبَالِ
بُيُوْتًا وَّمِنَ الشَّجَرِ وَمِمَّا يَعْرِشُوْنَ ﴿٦٨﴾ ثُمَّ كُلِىْ مِنْ
كُلِّ الثَّمَرٰتِ فَاسْلُكِىْ سُبُلَ رَبِّكِ ذُلُلًا ؕ يَخْرُجُ
مِنْۢ بُطُوْنِهَا شَرَابٌ مُّخْتَلِفٌ اَلْوَانُهٗ فِيْهِ شِفَآءٌ
لِّلنَّاسِ ؕ اِنَّ فِىْ ذٰلِكَ لَاٰيَةً لِّقَوْمٍ يَّتَفَكَّرُوْنَ ﴿٦٩﴾
وَاللّٰهُ خَلَقَكُمْ ثُمَّ يَتَوَفّٰىكُمْ ۙ وَمِنْكُمْ مَّنْ يُّرَدُّ اِلٰۤى
اَرْذَلِ الْعُمُرِ لِكَىْ لَا يَعْلَمَ بَعْدَ عِلْمٍ شَيْـًٔا ؕ اِنَّ
اللّٰهَ عَلِيْمٌ قَدِيْرٌ ﴿٧٠﴾ وَاللّٰهُ فَضَّلَ بَعْضَكُمْ عَلٰى
بَعْضٍ فِى الرِّزْقِ ۚ فَمَا الَّذِيْنَ فُضِّلُوْا بِرَآدِّىْ
رِزْقِهِمْ عَلٰى مَا مَلَكَتْ اَيْمَانُهُمْ فَهُمْ فِيْهِ
سَوَآءٌ ؕ اَفَبِنِعْمَةِ اللّٰهِ يَجْحَدُوْنَ ﴿٧١﴾ وَاللّٰهُ جَعَلَ

**અને તમારા રબે મધમાખીને ઈલ્હામ (ગુપ્ત સંકેત) કર્યો કે પર્વતોમાં ઘર બનાવ અને ઝાડોમાં અને છાપરાઓમાં (૬૮) પછી દરેક પ્રકારના ફળમાંથી ખા અને[૨૪૬] પોતાના રબના માર્ગોએ ચાલ કે તારા માટે નરમ અને સરળ છે.[૨૪૭] તેના પેટમાંથી એક પીવાની વસ્તુ[૨૪૮] રંગ બેરંગી નીકળે છે[૨૪૯] જેમાં લોકોની તંદુરસ્તી છે.[૨૫૦] બેશક ! એમાં ધ્યાન કરનારાઓ[૨૫૧] માટે નિશાની છે[૨૫૨] (૬૯) અને અલ્લાહે તમારૂં સર્જન કર્યું[૨૫૩] ફરી તમારો જીવ કાઢશે[૨૫૪] અને તમારામાંથી કોઈને સર્વેથી અપૂર્ણ વય તરફ પલ્ટાવે છે[૨૫૫] કે (એવો માનવી) જાણ્યા પછી પણ (જાણે) કશું જાણે નહિ.* બેશક ! અલ્લાહ બધું જ જાણે છે બધું જ કરી શકે છે (૭૦) અને અલ્લાહે તમારામાં એકને બીજા પર રોજીમાં સરસાઈ આપી[૨૫૬] તો જેમને ઉપરવટું આપ્યું છે તેઓ પોતાની રોજી પોતાના લોંડી ગુલામોને આપી નહિ દે કે (જેથી) તે બધા એ (બાબત)માં સરખાં થઈ જાય[૨૫૭] તો શું અલ્લાહની નેઅમતથી ફરી બેસે છે[૨૫૮] (૭૧) અને**

ફરમાવ્યું તેમાં મનન કરવાથી એ શંકા તદ્દન નાબૂદ થઇ જાય છે. કારણ કે અલ્લાહની કુદરતની એ શાન તો દરરોજનું દ્રશ્ય છે કે તે ખોરાકના ભેળસેળ અંશોમાંથી ચોખ્ખું દૂધ કાઢે છે અને તેની આજુબાજુની વસ્તુઓની ભેળનો અંશ પણ તેમાં આવતો નથી, તે સત્ય હિકમતધારી માટે શું અઘરૂં છે કે માનવ શરીરના અંશોને વેરવિખેર થઇ ગયા પછી ફરી એકત્ર કરે.

શફીક બલ્ખી રદીયલ્લાહુ તઆલા અન્હૂએ ફરમાવ્યું છે કે, નેઅમતની પૂર્ણતા એ જ છે કે દૂધ ચોખ્ખું અને ભેળસેળ વગરનું આવે અને તેમાં લોહી તેમજ છાણની મિલાવટનું નામનિશાન પણ હોય નહિ, નહિ તો નેઅમત સંપૂર્ણ કહેવાશે નહિ અને નેક તબીયત તેને પસંદ કરશે નહિ. જેવી ચોખ્ખી નેઅમત અલ્લાહ તઆલા તરફથી મળે છે. બન્દાને જોઇએ કે તે પણ પરવરદિગાર સાથે નિખાલસતાનો મામલો રાખે અને તેના અમલોને દેખાવો (રિયા) અને નફસાની ખ્વાહિશોની ભેળસેળ થવાથી બચાવે જેથી સ્વીકૃતિનું બહુમાન મેળવી શકે.

૨૪૪. અમે તમને રસ પીવડાવીએ છીએ.

૨૪૫. અર્થાત સિરકો અને રૂબ અને ખુરમો (ખારેક) અને મવીઝ (એક પ્રકારની દ્રાક્ષ).

**મસઅલો**: મવીઝ અને દ્રાક્ષ રસ વિગેરેને જ્યારે એટલુ ઉકાળવામાં આવે કે તેમાંનું બે તૃતિયાંશ બળી જાય પછી એક તૃતિયાંશ રહી જાય અને તેમાં તેજી આવી જાય તેને નબીઝ કહે છે. એ જો નશાની હદ સુધી પહોંચે નહિ અને તેનાથી નશો ચઢે નહિ તો ઇમામે આઝમ અને ઇમામ મોહમ્મદના કથનાનુસાર જાઇઝ છે. આ આયત અને ઘણી હદીષો તેમની દલીલ છે.

૨૪૬. ફળોની ઢુંઢમાં.

૨૪૭. અલ્લાહની કૃપાથી જેનો તને હુકમ કરવામાં આવ્યો છે. તારા માટે ચાલવું ફરવું કંઇ મુશ્કેલ નથી અને તુ ગમે તેટલી દૂર જતી રહે પણ માર્ગ ભૂલતી નથી અને પોતાના સ્થાને પાછી આવી જાય છે.

૨૪૮. અર્થાત મધ. ૨૪૯. સફેદ પીળું અને રાતું.

૨૫૦. અને ફાયદાકારક દવાઓમાંથી અને ઘણી બધી દવાઓમાં સામેલ કરવામાં આવે છે.

૨૫૧. અલ્લાહ તઆલાની કુદરત અને હિકમતની.

૨૫૨. કે તેણે એક અશક્ત અને કમજોર માખીને આવી હોશિયારી અને ચાલાકી આપી અને આવી બારીક સિફતો (ગુણો) આપી. તે પાક છે અને પોતાની જાત અને ગુણોમાં ભાગીદારથી પર છે. આમાં મનન કરનારાઓને એ પણ સ્પષ્ટ જણાય છે કે તે પોતાની સંપૂર્ણ તાકાત વડે એક અશક્ત નાની સરખી માખીને આવા ગુણો આપે છે કે તે અલગ અલગ જાતના ફળ ફૂલમાંથી એવા બારીક અંશો પ્રાપ્ત કરે જેમાંથી સરસ મધ બને જે અતિશય સ્વાદિષ્ટ હોય, ચોખ્ખું અને પાક હોય, જે બગડી અને સડી જતું ન હોય. તો જે સત્તાધારી હિકમતવાળો એક માખીને આ પદાર્થ ભેગો કરવાની શક્તિ આપતો હોય તે જો મૃત માનવીના વેરવિખેર થઇ ગએલા અંશોને એકત્ર કરે તો તેની તાકાત સામે શું કપરૂં છે ? મર્યા પછીના જીવનને અશક્ત સમજનાર કેટલા મૂર્ખ છે.

ત્યાર પછી અલ્લાહ તઆલા પોતાના બન્દાઓ પર પોતાની કુદરતની તે નિશાનીઓનું બયાન કરે છે જે તેમની પોતાની જાતોમાં અને તેમની પરિસ્થિતિઓમાં દેખાઇ આવે છે.

૨૫૩. શૂન્યમાંથી અને નેસ્તી પછી હસ્તી આપી. કેટલી અજબ કુદરત છે.

૨૫૪. અને તમને જીંદગી પછી મૃત્યુ આપશે તેણે નક્કી કરેલી તમારી મુદ્દત પુરી થશે ત્યારે, બાળપણમાં હોય, જવાનીમાં હોય કે વૃદ્ધાવસ્થામાં હોય.

૨૫૫. જે અવસ્થા માનવીની ઉંમરમાં સાઇઠ વર્ષો પછી આવે છે. શક્તિ અને ઇન્દ્રિઓ બેકાર બની જાય છે અને માણસની હાલત એવી થઇ જાય છે કે...

★ અને નાદાનીમાં બાળકોથી અધિક બદતર થઇ જાય અને આ તબદીલીઓમાં અલ્લાહની કુદરતની કેવી અજાયબીઓ અનુભવમાં આવે છે. હઝરત ઇબ્ને અબ્બાસ (રદિયલ્લાહુ તઆલા અન્હુમા) એ ફરમાવ્યું કે મુસલમાન અલ્લાહના ફઝ્‌લથી એનાથી મેહફૂઝ છે. લાંબી ઉમરથી તેમને અલ્લાહની હુઝૂરમાં કરામત તથા અક્કલ અને મઅરેફતની અધિકતા પ્રાપ્ત થાય છે. અને શક્ય છે કે અલ્લાહની તવજ્જોહનો એવો ગલ્બો (પ્રભાવ) છવાઇ કે આ દુનિયાથી સંબંધ કાપી મકબૂલ બંદો આ દુનિયાની પ્રતિ આકર્ષાવાથી પરહેઝ કરી લે. અકરમાનો કૌલ છે કે જેણે કુરઆને પાક પઢ્યું તે, તે અતિકમીના કાર્યની સ્થિતિએ નહીં પહોંચે કે ઇલ્મ પછી તદ્દન બેઇલ્મ થઇ જાય.

૨૫૬. કોઇને માલદાર બનાવ્યો કોઇને ગરીબ કોઇને ગની બનાવ્યો કોઇને ફકીર કોઇને માલિક કોઇને તાબેદાર.

૨૫૭. અને લોંડી ગુલામ માલિકોના ભાગીદાર બની જાય. જ્યારે તમે તમારા ગુલામોને પોતાના ભાગીદાર (અને સમકક્ષ) બનાવવાનું પસંદ કરતા નથી તો પછી અલ્લાહના બન્દાઓ અને તેની માલેકીની વસ્તુઓને તેના ભાગીદાર (શરીક) બનાવવાનું કેવી રીતે ચલાવી લો છો ? સુબ્હાનલ્લાહ ! મૂર્તિપૂજાનો આ કેવો સરસ હૃદયસ્પર્શી અને મનોહર રદિયો છે.

૨૫૮. કે તેને ત્યજીને મખ્લૂકને પૂજે છે.

૨૫૯. જાત જાતના અનાજ ફળો મેવાઓ અને ખાવા પીવાની વસ્તુઓમાંથી.

૨૬૦. અર્થાત શિર્ક અને મૂર્તિપૂજા.

૨૬૧. અલ્લાહની કૃપા (ફઝલ)નો મતલબ યા તો સૈયદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની પાક હસ્તી છે યા કુરઆન શરીફ. (મદારિક)

૨૬૨. અર્થાત મૂર્તિઓને.

النحل ١٦ ربما ١٤

لَكُمْ مِّنْ اَنْفُسِكُمْ اَزْوَاجًا وَّجَعَلَ لَكُمْ مِّنْ
اَزْوَاجِكُمْ بَنِيْنَ وَحَفَدَةً وَّرَزَقَكُمْ مِّنَ
الطَّيِّبٰتِ ؕ اَفَبِالْبَاطِلِ يُؤْمِنُوْنَ وَبِنِعْمَتِ اللّٰهِ
هُمْ يَكْفُرُوْنَ ﴿٧٢﴾ وَيَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ مَا لَا
يَمْلِكُ لَهُمْ رِزْقًا مِّنَ السَّمٰوٰتِ وَالْاَرْضِ
شَيْـًٔا وَّلَا يَسْتَطِيْعُوْنَ ﴿٧٣﴾ فَلَا تَضْرِبُوْا لِلّٰهِ
الْاَمْثَالَ ؕ اِنَّ اللّٰهَ يَعْلَمُ وَاَنْتُمْ لَا
تَعْلَمُوْنَ ﴿٧٤﴾ ضَرَبَ اللّٰهُ مَثَلًا عَبْدًا مَّمْلُوْكًا لَّا
يَقْدِرُ عَلٰى شَيْءٍ وَّمَنْ رَّزَقْنٰهُ مِنَّا رِزْقًا
حَسَنًا فَهُوَ يُنْفِقُ مِنْهُ سِرًّا وَّجَهْرًا ؕ هَلْ
يَسْتَوٗنَ ؕ اَلْحَمْدُ لِلّٰهِ ؕ بَلْ اَكْثَرُهُمْ لَا يَعْلَمُوْنَ ﴿٧٥﴾

**અલ્લાહે તમારા માટે તમારી જાતીમાંથી સ્ત્રીઓ બનાવી અને તમારા માટે તમારી સ્ત્રીઓમાંથી પુત્રો અને પૌત્રો અને નવાસાઓ બનાવ્યા અને તમને સ્વચ્છ વસ્તુઓમાંથી રોજી આપી,[૨૫૯] તો શું જૂઠી વાત[૨૬૦] પર શ્રધ્ધા લાવે છે ? અને અલ્લાહની કૃપા[૨૬૧] ને નકારનાર બને છે ? (૭૨) અને અલ્લાહ સિવાય એવાઓને પૂજે છે[૨૬૨] જે તેમને રોજી આપવાની સત્તા ધરાવતા નથી આસ્માનોમાંથી અને ધરતીમાંથી ન કંઈ કરી શકે છે (૭૩) તો અલ્લાહ માટે (તેની) જેવા ઠેરવો નહિ[૨૬૩] બેશક ! અલ્લાહ જાણે છે અને તમે નથી જાણતા (૭૪) અલ્લાહે એક દ્રષ્ટાંત વર્ણવ્યું ;[૨૬૪] એક બન્દો બીજાની મિલ્કત (ગુલામ) છે, પોતે કશો અધિકાર ધરાવતો નથી. અને એક તે જેને અમે પોતાના તરફથી સારી રોજી આપી તો તે એમાંથી ખર્ચે છે છુપી રીતે અને જાહેરમાં.[૨૬૫] તો શું તે (બન્ને) સરખા થઈ જશે ?[૨૬૬] બધી ખૂબીઓ અલ્લાહ માટે જ છે, બલ્કે તેમાંથી વધુને ખબર નથી[૨૬૭] (૭૫)**

૨૬૩. કોઇને તેનો શરીક કરો નહિ. ૨૬૪. તે એ કે,

૨૬૫. જેવું ઇચ્છે તેવું કરે છે. તો પેલો લાચાર ગુલામ અને આ સ્વતંત્ર માલિક માલદાર જે અલ્લાહની મહેરબાનીથી સત્તા અને અધિકાર ધરાવે છે.

૨૬૬. કદાપી નહિ. તો જ્યારે ગુલામ અને સ્વતંત્ર સરખા હોઇ શકતા નથી, બન્ને અલ્લાહના બન્દાઓ હોવા છતાં તો પછી અલ્લાહ સર્જનહાર માલિક સત્તાધારી સાથે સત્તા અને અધિકાર વિનાના બુત કેવી રીતે સરખા થઇ શકે છે ? અને એમને તેની જેવા કહેવા કેટલો મોટો જુલ્મ અને જહાલત છે.

૨૬૭. કે આવા ચોખ્ખા પુરાવાઓ અને સ્પષ્ટ દલીલો હોવા છતાં શિર્ક કરવું કેટલા મોટા વબાલ અને અઝાબનું કારણ છે.

૨૬૮. ન પોતાની (વાત) કોઇને કહી શકે ન કોઇની (વાત) સમજી શકે.

૨૬૯. અને કશા જ ખપમાં લાગે નહિ. આ કાફિરનો દાખલો છે.

૨૭૦. આ મો'મિનનો દાખલો છે. મતલબ એ છે કે કાફિર નકામા ગુંગા ગુલામ જેવો છે તે કોઇ રીતે પણ મુસલમાન જેવો થઇ શકતો નથી જે ન્યાયનો આદેશ આપે છે અને સીધા માર્ગે જામેલો છે. અમુક તફસીરકારોનું કહેવું છે કે, નકામા ગુંગા ગુલામ વડે મૂર્તિઓનું દ્રષ્ટાંત આપવામાં આવ્યું છે અને ન્યાયનો હુકમ આપવો એ અલ્લાહની શાનનું બયાન થયું એ હિસાબે મતલબ એવો થશે કે અલ્લાહ તઆલા સાથે મૂર્તિઓને શરીક કરવી અસત્ય છે કારણ કે ન્યાયને વ્યવહારમાં મૂકનાર બાદશાહ સાથે નકામા ગુંગા ગુલામની શી સરખામણી ?

وَضَرَبَ اللّٰهُ مَثَلًا رَّجُلَيْنِ اَحَدُهُمَآ اَبْكَمُ لَا يَقْدِرُ
عَلٰى شَيْءٍ وَّهُوَ كَلٌّ عَلٰى مَوْلٰىهُ اَيْنَمَا يُوَجِّهْهُّ لَا يَاْتِ
بِخَيْرٍ هَلْ يَسْتَوِيْ هُوَ وَمَنْ يَّاْمُرُ بِالْعَدْلِ وَهُوَ
عَلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿٧٦﴾ وَلِلّٰهِ غَيْبُ السَّمٰوٰتِ
وَالْاَرْضِ وَمَآ اَمْرُ السَّاعَةِ اِلَّا كَلَمْحِ الْبَصَرِ اَوْ هُوَ
اَقْرَبُ اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿٧٧﴾ وَاللّٰهُ اَخْرَجَكُمْ
مِّنْ بُطُوْنِ اُمَّهٰتِكُمْ لَا تَعْلَمُوْنَ شَيْـًٔا وَّجَعَلَ لَكُمُ
السَّمْعَ وَالْاَبْصَارَ وَالْاَفْـِٕدَةَ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿٧٨﴾
اَلَمْ يَرَوْا اِلَى الطَّيْرِ مُسَخَّرٰتٍ فِيْ جَوِّ السَّمَآءِ مَا
يُمْسِكُهُنَّ اِلَّا اللّٰهُ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ
يُّؤْمِنُوْنَ ﴿٧٩﴾ وَاللّٰهُ جَعَلَ لَكُمْ مِّنْ بُيُوْتِكُمْ سَكَنًا

**અને અલ્લાહે દ્રષ્ટાંત વર્ણવ્યું; બે પુરૂષો, એક ગુંગો કે કશું કાર્ય કરી શકતો નથી[૨૬૮] અને તે પોતાના આકાના (માથે) બોજરૂપ છે જે બાજુ (પણ) મોકલે કશી ભલાઈ ન લાવે.[૨૬૯] (તો) શું બરાબર થઈ જશે આ અને તે જે ન્યાયનો હુકમ કરે છે અને તે સીધા માર્ગે છે ?[૨૭૦] (૭૬) અને આકાશો તેમજ ધરતીની છુપી વસ્તુઓ[૨૭૧] અલ્લાહ માટે જ છે. અને કયામતનો મામલો તો અવો જ છે જાણે કે એક પલકારો મારવો બલ્કે એથી પણ નજીક.[૨૭૨] બેશક ! અલ્લાહ સર્વ કંઈ કરી શકે છે (૭૭) અને અલ્લાહે તમને તમારી માતાઓના પેટોમાંથી જન્માવ્યા કે કશું જાણતા ન હતા[૨૭૩] અને તમને કાન અને આંખ અને દિલ આપ્યાં[૨૭૪] કે (જેથી) તમે આભાર માનો[૨૭૫] (૭૮) શું તેમણે પક્ષીઓ જોયા નથી હુકમથી બંધાએલા આસ્માનની હવામાં ? તેમને કોઈ રોકતું નથી[૨૭૬] અલ્લાહ સિવાય. બેશક ! એમાં ઈમાનવાળાઓ માટે નિશાનીઓ છે[૨૭૭] (૭૯) અને અલ્લાહે તમને રહેવાના ઘરો આપ્યાં[૨૭૮] અને તમારા**

૨૭૧. આમાં અલ્લાહ તઆલાના ઇલ્મી કમાલનું બયાન છે કે તે બધા જ ગૈબોનો જાણકાર છે, તેનાથી કોઇ છુપી વસ્તુ છુપાએલી નથી રહી શકતી. અમુક તફસીરકારોનું કહેવું છે કે એનો મતલબ કયામતનું ઇલ્મ છે.

૨૭૨. કારણ કે પલકારો મારવા માટે પણ સમયની જરૂર છે જેમાં પલકારો મારી શકાય અને અલ્લાહ જે વસ્તુનું અસ્તિત્વ ઇચ્છે તે ''કુન'' કહેતાં જ બની જાય છે.

૨૭૩. અને પોતાના જન્મના આરંભ અને પ્રકૃતિની શરૂઆતમાં ઇલ્મ અને ઓળખથી ખાલી હતા.

૨૭૪. જેનાથી તેના વડે પોતાની જન્મજાત અજ્ઞાનતા દૂર કરે.

૨૭૫. અને ઇલ્મ તેમજ અમલથી લાભ મેળવે અને એનાથી ઇનામ આપનારનો આભાર માને અને તેની ઇબાદતમાં મગ્ન બને અને તેની નેઅમતોના હક્ક અદા કરે.

૨૭૬. પડી જવાથી, ભારે શરીર સ્વાભાવિક પણે નીચે પડી જતું હોવા છતાં.

૨૭૭. કે તેણે એમને એવાં બનાવ્યાં કે પવનમાં ઉડી શકે છે અને જ્યારે પોતાના વજનદાર શરીર સાથે સ્વભાવ વિરૂદ્ધ હવામાં રોકાઇ શકે છે પડી જતાં નથી અને હવાને એવી બનાવી કે તેમાં એમનું ઉડ્ડયન શક્ય છે ઇમાનદાર એમાં ચિંતન કરીને અલ્લાહની કુદરતનો સ્વીકાર કરે છે.

૨૭૮. જેમાં તમે આરામ કરો છો.

૨૭૯. તંબુઓ વિગેરે.

૨૮૦. પાથરવા ઓઢવાની વસ્તુઓ.

માટે જાનવરોનાં ચામડાના અમુક ઘરો બનાવ્યાં[૨૭૯] જે તમારી સફરના દિવસે તમને હલકાં પડે છે અને ઉતારાઓ પર રોકાણના દિવસોમાં અને તેમના ઊન અને કેશવાળી અને વાળમાંથી અમુક ઘર ગૃહસ્થીનો સામાન[૨૮૦] અને એક (ચોક્કસ) સમય સુધી વાપરવાની વસ્તુઓ (બનાવી) (૮૦) અને અલ્લાહે તમને પોતાની બનાવેલી વસ્તુઓના[૨૮૧] છાંયડાઓ આપ્યા,[૨૮૨] અને તમારા માટે પહાડોમાં સંતાવાની જગ્યા બનાવી,[૨૮૩] અને બનાવ્યા તમારા માટે અમુક પહેરવેશ કે તમને ગરમીથી બચાવે, અને અમુક પહેરવેશ[૨૮૪] કે લડાઈમાં તમારો બચાવ કરે.[૨૮૫] આવી રીતે પોતાની નેઅમત તમારા પર સંપૂર્ણ કરે છે[૨૮૬] કે તમે કહ્યું માનો[૨૮૭] (૮૧) છતાં પણ જો તેઓ મોઢું ફેરવે[૨૮૮] તો અય મહબૂબ ! તમારા માથે તો ચોખ્ખે ચોખ્ખું પહોંચાડી દેવા સિવાય બીજું કશું જ નથી[૨૮૯] (૮૨) અલ્લાહની નેઅમત ઓળખે છે[૨૯૦] છતાં તેના મુન્કિર બને છે[૨૯૧] અને એમનામાં વધારે કાફિરો છે[૨૯૨] (૮૩) અને જે દિવસે[૨૯૩] અમે દરેક ઉમ્મતમાંથી એક સાક્ષીને ઉઠાડીશું[૨૯૪] પછી કાફિરોને ન રજા મળે[૨૯૫] ન તેઓ મનાવી લેવામાં આવે[૨૯૬] (૮૪)

ربما ١٤ النحل ١٦

وَّجَعَلَ لَكُمْ مِّنْ جُلُوْدِ الْاَنْعَامِ بُيُوْتًا تَسْتَخِفُّوْنَهَا
يَوْمَ ظَعْنِكُمْ وَيَوْمَ اِقَامَتِكُمْ ۙ وَمِنْ اَصْوَافِهَا وَ
اَوْبَارِهَا وَاَشْعَارِهَاۤ اَثَاثًا وَّمَتَاعًا اِلٰى حِيْنٍ ﴿۸۰﴾
وَاللّٰهُ جَعَلَ لَكُمْ مِّمَّا خَلَقَ ظِلٰلًا وَّجَعَلَ لَكُمْ مِّنَ
الْجِبَالِ اَكْنَانًا وَّجَعَلَ لَكُمْ سَرَابِيْلَ تَقِيْكُمُ
الْحَرَّ وَسَرَابِيْلَ تَقِيْكُمْ بَاْسَكُمْ ؕ كَذٰلِكَ يُتِمُّ
نِعْمَتَهٗ عَلَيْكُمْ لَعَلَّكُمْ تُسْلِمُوْنَ ﴿۸۱﴾ فَاِنْ تَوَلَّوْا
فَاِنَّمَا عَلَيْكَ الْبَلٰغُ الْمُبِيْنُ ﴿۸۲﴾ يَعْرِفُوْنَ نِعْمَتَ
اللّٰهِ ثُمَّ يُنْكِرُوْنَهَا وَاَكْثَرُهُمُ الْكٰفِرُوْنَ ﴿۸۳﴾ وَيَوْمَ
نَبْعَثُ مِنْ كُلِّ اُمَّةٍ شَهِيْدًا ثُمَّ لَا يُؤْذَنُ
لِلَّذِيْنَ كَفَرُوْا وَلَا هُمْ يُسْتَعْتَبُوْنَ ﴿۸۴﴾

**મસઅલો** : આ આયત અલ્લાહની નેઅમતોના બયાનમાં છે પણ એમાં ઊન, વાળ, ચામડાઓ પાક હોવા અને એનાથી લાભ મેળવવો જાઇઝ હોવા તરફ નિર્દેશ પણ છે.

૨૮૧. ઘરો, દીવાલો, છાપરાંઓ, ઝાડો, વાદળ વિગેરે.

૨૮૨. જેમાં તમે આરામ કરો છો.

૨૮૩. ગુફાઓ વિગેરે કે જ્યાં ગરીબ માલદાર બધા જ આરામ કરી શકે.

૨૮૪. બખ્તર વિગેરે.

૨૮૫. કે તીર તલ્વાર ભાલા વિગેરેથી બચાવ કરે.

૨૮૬. દુનિયામાં તમારી જરૂરિયાતનો સામાન પેદા કરીને.

૨૮૭. અને તેની નેઅમતોનો સ્વીકાર કરીને ઇસ્લામ કબૂલ કરો અને સાચો દીન કબૂલ કરો.

૨૮૮. અને અય સૈયદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ તેઓ તમારા પર ઇમાન લાવવાથી અને તમારી સત્યતા સ્વીકારવાથી પીછે હટે અને પોતાના કુફ્ર પર જામેલા રહે.

૨૮૯. અને જ્યારે આપે અલ્લાહનો પૈગામ પહોંચાડી દીધો તો આપનું કામ પુરૂં થઇ ગયું અને ન માનવાનું પરિણામ તેમના માથે રહ્યું.

૨૯૦. અર્થાત જેટલી નેઅમતો વર્ણવવામાં આવી તે બધીને ઓળખે છે અને જાણે છે કે આ બધી અલ્લાહ તરફથી છે તો પણ તેનો આભાર માનતા નથી. સદીનું કથન છે કે અલ્લાહની નેઅમતનો મતલબ સૈયદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની જાતે પાક છે. એ અર્થમાં મતલબ એ થશે કે તેઓ હુઝૂરને

النحل ١٦ ربما ١٤

وإذا رأى الذين ظلموا العذاب فلا يخفف
عنهم ولا هم ينظرون ﴿٨٥﴾ وإذا رأى الذين
أشركوا شركاءهم قالوا ربنا هؤلاء شركاؤنا
الذين كنا ندعوا من دونك فألقوا إليهم
القول إنكم لكاذبون ﴿٨٦﴾ وألقوا إلى الله يومئذ
السلم وضل عنهم ما كانوا يفترون ﴿٨٧﴾ الذين
كفروا وصدوا عن سبيل الله زدناهم عذابا
فوق العذاب بما كانوا يفسدون ﴿٨٨﴾ ويوم
نبعث في كل أمة شهيدا عليهم من أنفسهم
وجئنا بك شهيدا على هؤلاء ونزلنا عليك
الكتاب تبيانا لكل شيء وهدى ورحمة وبشرى

**અને જુલ્મ કરનાર[૨૯૭] જ્યારે અઝાબ જોશે તે સમયથી જ તે ન તો તેઓ પર હળવો થાય ન તેમને મહેતલ મળે (૮૫) અને જ્યારે શિર્ક કરનારાઓ પોતાના શરીકોને જોશે[૨૯૮] (ત્યારે) કહેશે; 'અય અમારા રબ! આ છે અમારા શરીક કે (જેમને) અમે તારા સિવાય પૂજતા હતા' ત્યારે તેઓ એમના પર વાત ફેંકશે કે; 'તમે બેશક! જૂઠા છો'[૨૯૯] (૮૬) અને તે દિવસે[૩૦૦] અલ્લાહ તરફ આજેજીથી પડી જશે[૩૦૧] અને જે બનાવટો કરતા હતા તે તેમની પાસેથી ખોવાઈ જશે[૩૦૨] (૮૭) જેમણે કુફ્ર કર્યું અને અલ્લાહના રસ્તેથી રોક્યા (તેમના પર) અમે અઝાબ પર અઝાબ વધાર્યો.[૩૦૩] તેમના ફસાદનો બદલો (૮૮) અને જે દિવસે અમે દરેક જુથમાં એક જુથ તેમના માંથી જ ઉઠાડીશું કે તેમના પર સાક્ષી આપે[૩૦૪] અને અય મહબૂબ! તમને એ બધા પર[૩૦૫] સાક્ષી બનાવીને લાવીશું. અને અમે તમારા પર આ કુરઆન ઉતાર્યું કે દરેક વસ્તુનું સ્પષ્ટ બયાન છે[૩૦૬] અને હિદાયત અને રહમત અને**

ઓળખે છે અને સમજે છે કે આપનું અસ્તિત્વ અલ્લાહ પાકની મોટી નેઅમત છે અને તે...

૨૯૧. અને દીને ઇસ્લામ કબૂલ કરતા નથી.

૨૯૨. હસદ અને અદેખાઇના કારણે કુફ્ર પર જામેલા રહે છે.

૨૯૩. અર્થાત કયામતના દિવસે.

૨૯૪. જે એમના સાચ-જૂઠ ઇમાન અને કુફ્ર બાબત સાક્ષી આપે. અને એ સાક્ષીઓ અમ્બિયા અલયહિમુસ્સલામ છે.

૨૯૫. બહાનું કે કારણ બતાવવાની અથવા કોઇ વાત કરવાની અથવા ફરી દુનિયામાં જવાની.

૨૯૬. અર્થાત તેમના પરથી અઝાબ અને તકલીફો હટાવી લેવામાં નહિ આવે.

૨૯૭. એટલે કે કાફિરો.

૨૯૮. મૂર્તિઓ વિગેરેને જેમને પૂજતા હતા.

૨૯૯. કે અમને મઅ્બૂદ કહો છો અમે તમને અમારી ઇબાદત કરવાનું કહ્યું નથી.

૩૦૦. મુશ્રિકો...

૩૦૧. અને તેના આજ્ઞાકિત બનવા માંગશે.

૩૦૨. દુનિયામાં ખુદાના શરીક બનાવીને.

૩૦૩. તેમના કુફ્રનો અઝાબ અને બીજાઓને અલ્લાહના રસ્તેથી રોકવાનો અને ભટકાવવાનો અઝાબ.

૩૦૪. એ સાક્ષીઓ નબીઓ હશે જે પોત પોતાની ઉમ્મતો પર સાક્ષી આપશે.

لِلْمُسْلِمِيْنَ ﴿٨٩﴾ إِنَّ اللّٰهَ يَأْمُرُ بِالْعَدْلِ وَالْإِحْسَانِ
وَإِيْتَآئِ ذِي الْقُرْبٰى وَيَنْهٰى عَنِ الْفَحْشَآءِ وَالْمُنْكَرِ
وَالْبَغْيِ يَعِظُكُمْ لَعَلَّكُمْ تَذَكَّرُوْنَ ﴿٩٠﴾ وَأَوْفُوْا بِعَهْدِ اللّٰهِ
إِذَا عٰهَدْتُّمْ وَلَا تَنْقُضُوا الْأَيْمَانَ بَعْدَ تَوْكِيْدِهَا
وَقَدْ جَعَلْتُمُ اللّٰهَ عَلَيْكُمْ كَفِيْلًا إِنَّ اللّٰهَ يَعْلَمُ
مَا تَفْعَلُوْنَ ﴿٩١﴾ وَلَا تَكُوْنُوْا كَالَّتِيْ نَقَضَتْ غَزْلَهَا
مِنْ بَعْدِ قُوَّةٍ أَنْكَاثًا تَتَّخِذُوْنَ أَيْمَانَكُمْ دَخَلًا
بَيْنَكُمْ أَنْ تَكُوْنَ أُمَّةٌ هِيَ أَرْبٰى مِنْ أُمَّةٍ إِنَّمَا
يَبْلُوْكُمُ اللّٰهُ بِهٖ وَلَيُبَيِّنَنَّ لَكُمْ يَوْمَ الْقِيٰمَةِ مَا
كُنْتُمْ فِيْهِ تَخْتَلِفُوْنَ ﴿٩٢﴾ وَلَوْ شَآءَ اللّٰهُ لَجَعَلَكُمْ
أُمَّةً وَّاحِدَةً وَّلٰكِنْ يُّضِلُّ مَنْ يَّشَآءُ وَيَهْدِيْ

**બશારત મુસલમાનો માટે (૮૯) બેશક ! અલ્લાહ હુકમ કરે છે ન્યાય અને નેકી[૩૦૭] અને સગાવહાલાઓને દેવાનો[૩૦૮] અને મનાઈ કરે છે નિર્લજ્જતા[૩૦૯] અને ખરાબ વાત[૩૧૦] બંડખોરી[૩૧૧] થી. તમને શિખામણ આપે છે કે તમે ધ્યાન આપો (૯૦) અને અલ્લાહનો વાયદો પુરો કરો[૩૧૨] જ્યારે વાયદો આપો. અને કસમો મજબૂત કર્યા પછી તોડો નહિ. અને તમે અલ્લાહને[૩૧૩] પોતાના જામિન બનાવી ચૂક્યા છો. બેશક ! અલ્લાહ તમારા કામ જાણે છે (૯૧) અને[૩૧૪] પેલી સ્ત્રી જેવા બને નહિ જેણે પોતાનું સુતર મજબૂત કર્યા પછી ટુકડે ટુકડા કરી તોડી નાખ્યું.[૩૧૫] પોતાની કસમોને અંદર અંદર એક અર્થહીન બહાનાંઓ બનાવો છો કે ક્યાંક એક જુથ બીજા જુથથી વધી જાય નહિ.[૩૧૬] અલ્લાહ તો એ દ્વારા તમને અજમાવે છે[૩૧૭] અને અવશ્ય તમારા પર સ્પષ્ટ જાહેર કરી દેશે કયામતના દિવસે[૩૧૮] જે વાતમાં (તમે) ઝગડતા હતા[૩૧૯] (૯૨) અને અલ્લાહ ઇચ્છત તો તમને એકજ ઉમ્મત બનાવત[૩૨૦] પણ અલ્લાહ ભટકાવી દે છે[૩૨૧] જેને ઇચ્છે અને**

૩૦૫. ઉમ્મતો અને તેમના સાક્ષીઓ પર કે જેઓ નબીઓ હશે જેમકે બીજી આયતમાં કહેવાયું છે કે, ''ફકયફ ઇઝા જિઅના મિન કુલ્લિ ઉમ્મતિન શહીદંવ વજિઅના બિક અલા હાઉલાએ શહીદા'' (તો કેવું થશે જ્યારે અમે દરેક ઉમ્મતમાંથી એક ગવાહ લાવીશું અને તમને (અય મહબૂબ) એ બધા પર ગવાહ બનાવીશું).

૩૦૬. જેવું કે બીજી આયતમાં ફરમાવ્યું, ''મા ફર્રતના ફિલ કિતાબે મિન શયઇન'' અર્થાત અમે કિતાબમાં કોઇ વસ્તુને છોડી દીધી નથી. અને તિરમિઝીની હદીષમાં છે કે, સૈયદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ભવિષ્યમાં જન્મનાર ફિત્નાઓની ખબર આપી, સહાબાએ એનાથી છુટકારો મેળવવાની રીત પૂછી, ફરમાવ્યું, કિતાબુલ્લાહમાં તમારાથી પહેલાનાં બનાવોની પણ ખબર છે અને તમારા પછીના બનાવોની પણ અને તમારા સમયની પણ.

હઝરત ઇબ્ને મસઊદ રદીયલ્લાહુ અન્હૂએ કહ્યું છે કે હુઝૂરે ફરમાવ્યું : જે ઇલ્મ મેળવવા ચાહે તે કુરઆનને અનિવાર્ય બનાવી લે, એમાં આગલા પાછલાઓની ખબરો છે.

ઇમામ શાફઇ રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું, ઉમ્મતનાં બધા ઇલ્મ હદીષની શરહ છે અને હદીષ કુરઆનની શરહ છે. અને એવું પણ ફરમાવ્યું કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે જે કંઇ પણ હુકમ ફરમાવ્યો તે આપને કુરઆનથી સમજાએલો હતો.

અબૂબક્ર બિન મુજાહિદે કહ્યું છે કે તેમણે એક દિવસે કહ્યું કે, દુનિયામાં એવી કોઇ વસ્તુ નથી જે કુરઆનમાં વર્ણવાએલી ન હોય. ત્યારે કોઇએ તેમને કહ્યું મુસાફરખાનાઓનું બયાન ક્યાં છે ? કહ્યું, આ

આયતમાં ''લયસ અલયકુમ જુનાહુન અન તદખુલૂ બુયૂતન ગયર મસ્કૂનતિન ફીહા મતાઉલ્લકુમ'' (બિન આબાદ ઘરોમાં જો તમે પ્રવેશો તો વાંધો નથી)

ઇબ્ને અબૂલ ફઝલ મરસીએ કહ્યું કે, આગલા-પાછલાના બધા ઇલ્મો કુરઆન મજીદમાં છે. મતલબ કે આ કિતાબે બધા જ ઇલ્મોને પોતાનામાં ભેગા કરી લીધા છે જે કોઇને આનું જેટલું ઇલ્મ મળ્યું તે તેટલું જાણે છે.

૩૦૭. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હૂએ ફરમાવ્યું કે, ''ઇન્સાફ (ન્યાય)'' લાઇલાહ ઇલ્લલ્લાહની ગવાહી આપવી છે અને 'નેકી' ફરજોને અદા કરવું છે. અને આપે એવું પણ કહ્યું છે કે, ''ન્યાય'' એટલે શિર્કનો ત્યાગ અને નેકી એટલે અલ્લાહની ઇબાદત એવી રીતે કરવી જાણે તે તમને જોઇ રહ્યો છે, અને બીજાઓ માટે તે પસંદ કરવું જે તમારા માટે પસંદ કરો છો. જો તે મો'મિન હોય તો તેના ઇમાનની બરકતોની પ્રગતિ તમને ગમે અને જો તે કાફિર હોય તો તમને એવું ગમે કે તે તમારો ઇમાની ભાઇ બની જાય. આપે એવું પણ કહ્યું છે કે, 'ન્યાય' અલ્લાહને એક માનવું અને 'નેકી' એ નિખાલસતા છે. અને આ બધી રિવાયતો બયાન કરવાની રીત જો કે જુદી જુદી છે પણ સાર અને હેતુ એક જ છે.

૩૦૮. અને તેમની સાથે સગાઇ જાળવી રાખવાનો અને સારી વર્તણુક કરવાનો.

૩૦૯. અર્થાત દરેક શરમજનક અને ખરાબ વાત તેમજ કામ.

૩૧૦. અર્થાત શિર્ક, કુફ્ર, ગુનાહો અને શરીઅતમાં મના કરાએલી બધી જ બાબતો.

૩૧૧. અર્થાત જુલ્મ અને ઘમંડ. ઇબ્ને ઉયેયનાએ આ આયતની તફસીરમાં કહ્યું છે કે, જાહેર અને છુપી બન્ને હાલતોમાં સત્ય અને ઇબાદતને સરખી રીતે વળગી રહેવાને ન્યાય કહે છે. અને છુપી હાલત જાહેરી હાલત કરતાં સારી હોય તેને 'એહસાન' (નેકી) કહે છે અને ફહશાઅ (નિર્લજ્જતા) મુન્કર (ખરાબ વાત) અને બગ્ય (બંડખોરી) એ છે કે જાહેરી હાલત સારી હોય અને છુપી હાલત એવી ન હોય.

અમુક મુફસ્સિરીને ફરમાવ્યું છે કે, આ આયતમાં અલ્લાહે ત્રણ વાતોનો હુકમ ફરમાવ્યો છે અને ત્રણ વાતોની મનાઇ કરી છે. 'અદલ' (ન્યાય) નો હુકમ ફરમાવ્યો અને તે ઇન્સાફ અને સમાનતા છે બોલી અને આચરણ બન્નેમાં. એની સામે 'ફહશાઅ' (નિર્લજ્જતા) છે અને તે ધૃણાસ્પદ વાતો અને કાર્યો છે. અને 'એહસાન' (નેકી)નો હુકમ ફરમાવ્યો અને તે એ છે કે જેણે જુલ્મ કર્યો હોય તેને માફ કરી દો અને જેણે બુરાઇ કરી તેની સાથે ભલાઇ કરો, અને એની સામે 'મુન્કર' (ખરાબ વાત) છે એટલે કે ઉપકારના એહસાનનો ઇન્કાર કરવો. અને ત્રીજો હુકમ આ આયતમાં સગા સંબંધીઓને આપવાનો અને તેમની સાથે સંબંધો જાળવી રાખવાનો તેમજ તેમની સાથે હેત મહોબ્બત ધરાવવાનો છે. એની સામે 'બગ્ય' (બંડખોરી) છે અને તે પોતાને ઊંચો સમજવું અને પોતાના સંબંધીઓના હક્કો મારી ખાવાને કહે છે.

ઇબ્ને મસ‌ઊદ રદીયલ્લાહુ અન્હૂએ ફરમાવ્યું કે, આ આયત દુનિયાની બધી જ સારી અને ખરાબ બાબતોને એકત્રિત કરનાર છે. આજ આયત હઝરત ઉસ્માન બિન મઝઉનના ઇસ્લામનું કારણ બની જેમણે ફરમાવ્યું કે, આ આયત ઉતર્યાથી ઇમાન મારા દિલમાં સ્થાન કરી ગયું. આ આયતનો અસર એટલો બધો થયો કે વલીદ બિન મુગીરા અને અબૂજહલ જેવા સખ્ત દિલના કાફિરોની જીભો પર પણ એના વખાણ આવી ગયાં. એટલા માટે આ આયત દરેક ખુત્બાના અંતમાં પઢાય છે.

૩૧૨. આ આયત તે લોકો માટે ઉતરી જેમણે રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના હાથ મુબારક પર ઇસ્લામની બયઅત કરી હતી, તેમને પોતાના વચન પુરા કરવાનો હુકમ આપવામાં આવ્યો

مَنْ يَشَاءُ وَلَتُسْأَلُنَّ عَمَّا كُنْتُمْ تَعْمَلُونَ ﴿٩٣﴾ وَلَا
تَتَّخِذُوا أَيْمَانَكُمْ دَخَلًا بَيْنَكُمْ فَتَزِلَّ قَدَمٌ بَعْدَ
ثُبُوتِهَا وَتَذُوقُوا السُّوءَ بِمَا صَدَدْتُمْ عَنْ سَبِيلِ
اللَّهِ وَلَكُمْ عَذَابٌ عَظِيمٌ ﴿٩٤﴾ وَلَا تَشْتَرُوا بِعَهْدِ
اللَّهِ ثَمَنًا قَلِيلًا إِنَّمَا عِنْدَ اللَّهِ هُوَ خَيْرٌ لَكُمْ إِنْ
كُنْتُمْ تَعْلَمُونَ ﴿٩٥﴾ مَا عِنْدَكُمْ يَنْفَدُ وَمَا عِنْدَ اللَّهِ
بَاقٍ وَلَنَجْزِيَنَّ الَّذِينَ صَبَرُوا أَجْرَهُمْ بِأَحْسَنِ
مَا كَانُوا يَعْمَلُونَ ﴿٩٦﴾ مَنْ عَمِلَ صَالِحًا مِنْ ذَكَرٍ
أَوْ أُنْثَىٰ وَهُوَ مُؤْمِنٌ فَلَنُحْيِيَنَّهُ حَيَاةً طَيِّبَةً
وَلَنَجْزِيَنَّهُمْ أَجْرَهُمْ بِأَحْسَنِ مَا كَانُوا يَعْمَلُونَ ﴿٩٧﴾ فَإِذَا
قَرَأْتَ الْقُرْآنَ فَاسْتَعِذْ بِاللَّهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيمِ ﴿٩٨﴾

**માર્ગ આપે છે[૩૨૨] જેને ચાહે. અને જરૂર તમને[૩૨૩] તમારા કાર્યો (બાબત) પૂછાશે[૩૨૪] (૯૩) અને તમારી કસમોને અંદરોઅંદર અર્થહિન બહાનાં બનાવો નહીં કે ક્યાંક કોઇ પગ[૩૨૫] જામ્યા પછી હલી જાય નહિ અને તમારે અનિષ્ટ ચાખવું પડે[૩૨૬] બદલો તેનો કે અલ્લાહના માર્ગથી રોકતા હતા અને તમને મહાન અઝાબ થાય[૩૨૭] (૯૪) અને અલ્લાહના વચન બદલ થોડી કિંમત ખરીદો નહિ[૩૨૮] બેશક ! તે[૩૨૯] જે અલ્લાહ પાસે છે તમારા માટે ઉત્તમ છે જો તમે જાણો (૯૫) જે તમારી પાસે છે[૩૩૦] તે સમાપ્ત થઇ રહેશે. અને જે અલ્લાહ પાસે છે[૩૩૧] તે હંમેશા રહેશે. અને અમે અવશ્ય બદલો આપીશું સબર કરનારાઓને એવો જે એમના સર્વોત્તમ કાર્યને અનુરૂપ હોય[૩૩૨] (૯૬) જે સારૂં કામ કરે પુરૂષ હોય કે સ્ત્રી અને હોય મુસલમાન[૩૩૩] તો જરૂર અમે તેને સારૂં જીવન જીવાડીશું[૩૩૪] અને જરૂર તેમને તેમનું વળતર આપીશું જે તેમના સર્વોત્તમ કાર્યને અનુરૂપ હોય (૯૭)**

અને આ હુકમ માણસના દરેક નેક વાયદા અને વચન વિષે લાગુ પડે છે.

૩૧૩. તેના નામની કસમ ખાઇને.

૩૧૪. તમે વચનભંગ કરીને અને કસમો તોડીને...

૩૧૫. મક્કા મૂકર્રમામાં રબ્તહ બિન્તે અમ્ર નામની એક સ્ત્રી હતી જેના સ્વભાવમાં વહેમ બહું હતો અને બુદ્ધિમાં ખલેલ (ગાંડપણ) હતો. તેણી બપોર સુધી મહેનત કરીને સુતર કાંત્યા કરતી હતી અને પોતાની લોંડીઓ પાસે પણ કંતાવતી. અને બપોરે તે કાંતેલાને તોડી પીખીને વેરવિખેર કરી દેતી હતી અને લોંડીઓ પાસે પણ તોડાવતી. આવો જ તેનો નિત્યક્રમ હતો. મતલબ એ છે કે પોતાના વાયદાઓ તોડીને તે મૂર્ખ સ્ત્રી જેવા બનો નહિ.

૩૧૬. મુજાહિદનું કથન છે કે, લોકોની રીત એવી હતી કે એક કોમ સાથે કોલકરાર બાંધતા અને જ્યારે બીજી કોમ તેનાથી વધારે સંખ્યા કે દૌલત કે તાકાતવાળી મળતી ત્યારે પહેલી કોમ સાથેના કરારો તોડીને તેમની સાથે બાંધતા હતા. અલ્લાહ તઆલાએ એવું કરવાની મનાઇ ફરમાવી અને વાયદા પુરા કરવાનો હુકમ આપ્યો.

૩૧૭. કે જેથી કહ્યાગરો અને ગુનેહગાર જાહેર થઇ જાય.

૩૧૮. અમલોનો બદલો આપીને.

૩૧૯. દુનિયામાં.

૩૨૦. તમે બધા એક જ ધર્મ પર હોત.

૩૨૧. પોતાના ન્યાયથી.

૩૨૨. પોતાની મહેરબાનીથી.

૩૨૩. કયામતના દિવસે.

૩૨૪. જે તમે દુનિયામાં કર્યાં.

૩૨૫. સત્ય માર્ગ અને ઇસ્લામી તરીકાથી.

૩૨૬. અર્થાત અઝાબ.

૩૨૭. આખેરતમાં.

૩૨૮. એવી રીતે કે વિનાશિત જગતના થોડા લાભ ખાતર તેને તોડી નાખો.

૩૨૯. સવાબ અને સારો બદલો.

૩૩૦. દુનિયાનો માલસામાન.

એ બધું નાશ પામનાર છે.

૩૩૧. તેની મહેરબાનીનો ખઝાનો અને આખેરતનો સવાબ.

૩૩૨. અર્થાત તેમની જરા જેટલી નેકી બદલ પણ એવો સવાબ આપવામાં આવશે જે તેઓ પોતાની મહાન નેકી બદલ પામે. (અબૂસ્સઉદ).

૩૩૩. આ શરત જરૂરી છે કારણ કે કાફિરોના અમલો અર્થહિન છે, સદકાર્યો બદલ સવાબ મેળવવા માટે ઇમાન હોવાની શરત છે.

૩૩૪. દુનિયામાં હલાલ રોઝી અને કિનાઅત (થોડા પર રાજી રહેવું અને વધારેની લાલચ ન કરવી) આપીને અને આખેરતમાં જન્નતની નેઅમતો આપીને. અમુક આલિમોએ ફરમાવ્યું છે કે સારા જીવન (હયાતે તૈયબહ)નો મતલબ ઇબાદતની લિજ્જત છે.

**રહસ્ય** : મો'મિન ભલે ગરીબ હોય પણ તેનું જીવન માલદાર કાફિરના એશઆરામી જીવન કરતાં બેહતર અને પવિત્ર છે, કારણ કે મો'મિન જાણતો હોય છે કે તેની રોજી અલ્લાહ તરફથી છે, જે તેણે નસીબમાં લખી આપ્યું તેનાથી ખુશ હોય છે અને મો'મિનનું દિલ લાલચની પરેશાનીઓથી જળવાએલું અને આરામમાં હોય છે. અને કાફિર જેની નજર અલ્લાહ પર હોતી નથી તે લાલચુ રહે છે અને કાયમ હાયપીટ, નાસભાગ અને દોલત મેળવવાની ચિંતામાં પરેશાન રહે છે.

૩૩૫. અર્થાત કુરઆન શરીફની તિલાવત શરૂ કરતાં પહેલાં ''અઊઝુ બિલ્લાહિ મિનશ-શયતાનિ-ર્રજીમ'' પઢો, એ મુસ્તહબ છે. અઊઝુ ના મસાઇલ સૂરએ ફાતિહાની તફસીરમાં ચર્ચાઇ ગયા.

૩૩૬. તેઓ શયતાની વસવસા કબૂલ કરતા નથી.

૩૩૭. અને પોતાના રહસ્યાનુસાર એક હુકમને મન્સૂખ (સમાપ્ત) કરીને બીજો હુકમ આપીને.

**શાને નુઝૂલ** : મક્કાના મુશ્રિકો પોતાની જહાલતના કારણે નસ્ખ (હુકમ સમાપ્તિ) સામે વાંધો લેતા હતા અને એમાં સમાએલા ભેદોથી અજાણ હોવાના કારણે એની હાંસી ઉડાવતા હતા અને કહેતા હતા કે મોહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) આજે એક હુકમ આપે છે, કાલે તેને બદલીને બીજો હુકમ આપે છે, તેઓ તો પોતાના દિલમાંથી વાતો ઉપજાવી કાઢે છે. તે બાબત આ આયત ઉતરી.

૩૩૮. કે એમાં શું ભેદ છે અને તેના બન્દાઓ માટે એમાં કેવું રહસ્ય છે.

૩૩૯. અલ્લાહ તઆલાએ એ બાબત કાફિરોને જાહિલ કહ્યા અને ફરમાવ્યું....

તો જ્યારે તમે કુરઆન પઢો તો અલ્લાહનો આશરો માંગો શયતાન મરદૂદથી[૩૩૫] (૯૮) બેશક ! તેનો કોઇ કાબૂ તેમના પર નથી જેઓ ઇમાન લાવ્યા અને પોતાના પરવરદિગાર પર જ ભરોસો રાખે છે[૩૩૬] (૯૯) તેનો કાબૂ તો એવાઓ પર જ છે જે તેની સાથે મૈત્રી ધરાવે છે અને તેને શરીક ઠરેવે છે (૧૦૦) અને જ્યારે અમે એક આયતની જગ્યાએ બીજી આયત બદલીએ[૩૩૭] અને અલ્લાહ જે ઉતારે છે તે સારી રીતે જાણે છે[૩૩૮] (ત્યારે) કાફિરો કહે, 'તમે તો (તમારા) દિલ(માં)થી ઉપજાવી લાવો છો'[૩૩૯] બલ્કે તેમનામાં વધુ પડતાઓને જાણ નથી[૩૪૦] (૧૦૧) તમે ફરમાવો, તેને પવિત્રતાના આત્માએ[૩૪૧] ઉતાર્યું તમારા પરવરદિગાર તરફથી સચોટ રીતે કે તેના વડે ઇમાનવાળાઓના પગોને જમાવે અને હિદાયત તથા ખુશખબર મુસલમાનો માટે (૧૦૨) અને બેશક ! અમે જાણીએ છીએ કે તેઓ કહે છે, 'આ તો કોઇ માનવી શિખવાડે છે' જેના ભણી તેઓ ઢોળે છે તેની ભાષા તો અજમી છે અને આ ચોખ્ખી અરબી ભાષા[૩૪૨] (૧૦૩) બેશક ! તેઓ જે અલ્લાહની આયતો પર ઇમાન લાવતા નથી.[૩૪૩] અલ્લાહ તેમને માર્ગ આપતો નથી અને તેમના માટે દુ:ખદાયક અઝાબ છે[૩૪૪] (૧૦૪) જૂઠા આક્ષેપો તે જ લગાડે છે જે



إنه ليس له سلطن على الذين آمنوا وعلى ربهم
يتوكلون (٩٩) إنما سلطنه على الذين يتولونه
والذين هم به مشركون (١٠٠) وإذا بدلنا آية مكان
آية والله أعلم بما ينزل قالوا إنما أنت مفتر
بل أكثرهم لا يعلمون (١٠١) قل نزله روح القدس
من ربك بالحق ليثبت الذين آمنوا وهدى
وبشرى للمسلمين (١٠٢) ولقد نعلم أنهم يقولون
إنما يعلمه بشر لسان الذي يلحدون إليه
أعجمي وهذا لسان عربي مبين (١٠٣) إن الذين
لا يؤمنون بآيت الله لا يهديهم الله ولهم
عذاب أليم (١٠٤) إنما يفتري الكذب الذين لا

૩૪૦. અને તેઓ હુકમ સમાપ્તિ અને ફેરબદલના ફાયદાઓથી વાકેફ નથી અને એટલું પણ જાણતા નથી કે કુરઆન કરીમ સાથે ઉપજાવટનો મેળ બેસી શકતો જ નથી કારણ કે જે કલામ જેવું કલામ બનાવવું માનવશક્તિની બહાર છે તે કોઇ માણસનું બનાવેલું કેમ કરી હોઇ શકે છે ? જેથી સૈયદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કહેવામાં આવ્યું...

૩૪૧. અર્થાત હઝરત જિબ્રઇલ અલયહિસ્સલામ.

૩૪૨. કુરઆન શરીફની મીઠાશ અને તેની વિદ્યાઓનો પ્રકાશ જ્યારે હૃદયોને જીતવા લાગ્યો અને કાફિરોએ જોયું કે જગત એનું દીવાનું બનતુ જાય છે અને કોઇપણ યુક્તિ ઇસ્લામના વિરોધમાં સફળ થતી નથી ત્યારે એમણે જાતજાતનાં આક્ષેપો કરવાનું શરૂ કર્યું. ક્યારેક તો એને જાદુ કહ્યું, ક્યારેક પહેલાંઓની વાર્તાઓ, ક્યારેક કહ્યું કે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ જાતે જ એ બનાવે છે. દરેક રીતે પ્રયત્નો કર્યા કે લોકો આ પવિત્ર કિતાબ પ્રત્યે શંકાશિલ બની જાય. એવી જ ચાલબાજીઓમાંથી એક ચાલબાજી એ પણ હતી કે તેમણે એક અજમી (અરબસ્તાનની બહારના) ગુલામ બાબત કહ્યું કે તે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને શિખવાડી જાય છે, એ વાતને રદિયો આપવા આ આયત ઉતારવામાં આવી અને કહેવામાં આવ્યું કે આવી ખોટી વાતો દુનિયામાં કોણ સ્વીકારી શકે છે ? જે ગુલામ વિષે કાફિરો કહે છે તે તો અજમી છે, આવું કલામ બનાવવું તેની તાકાતમાં તો ક્યાંથી હોય, તમારા ભાષા વિદારકો જેમના ભાષા અંગેના જ્ઞાન બદલ અરબવાળાઓને ગર્વ અને નાઝ છે તે તો બધા જ આશ્ચર્યચકિત છે અને કુરઆન જેવાં થોડા વાક્યો બનાવવાં પણ તેમના માટે અશક્ય અને તેમની તાકાત બહારની વાત છે. તો પછી એક અજમી વિષે આવું

અલ્લાહની આયતો પર શ્રદ્ધા ધરાવતા નથી[૩૪૫] અને તે જ જૂઠા છે (૧૦૫) જે ઇમાન લાવીને અલ્લાહનો મુન્કિર બને,[૩૪૬] સિવાય કે જેને લાચાર કરી દેવામાં આવે અને તેનું દિલ ઇમાન પર જામેલું હોય,[૩૪૭] હા! જે દિલ ખોલીને[૩૪૮] કાફિર બને તેમના પર અલ્લાહનો અઝાબ છે અને તેમને મહાન અઝાબ છે (૧૦૬) આ એટલા માટે કે તેમણે દુનિયાના જીવનને આખેરત કરતાં વહાલુ ગણ્યુ.[૩૪૯] અને એટલા માટે કે અલ્લાહ (એવા) કાફિરોને રસ્તો આપતો નથી (૧૦૭) આ છે તેઓ જેમના દિલ અને કાન અને આંખો પર અલ્લાહે મહોર મારી દીધી છે[૩૫૦] અને તેઓ જ ગફલતમાં પડયા છે[૩૫૧] (૧૦૮) દેખીતુંજ છે કે આખેરતમાં તેઓ જ ખરાબ છે[૩૫૨] (૧૦૯) પછી બેશક! તમારો રબ તેમના માટે જેમણે પોતાના ઘરો છોડયાં,[૩૫૩] સતાવવામાં આવ્યા, પછી[૩૫૪] તેમણે જિહાદ કર્યું[૩૫૫] અને ધીરજવાન રહ્યા, બેશક! તમારો રબ ત્યાર પછી [૩૫૬] જરૂર માફ કરનાર મહેરબાન છે (૧૧૦) જે દિવસે પ્રત્યેક જીવ પોતાની તરફ જ ઝગડતો આવશે[૩૫૭]

ربما ١٤ النحل ١٦

يُؤْمِنُوْنَ بِاٰيٰتِ اللّٰهِ ۚ وَاُولٰٓئِكَ هُمُ الْكٰذِبُوْنَ ﴿١٠٥﴾ مَنْ
كَفَرَ بِاللّٰهِ مِنْۢ بَعْدِ اِيْمَانِهٖٓ اِلَّا مَنْ اُكْرِهَ وَقَلْبُهٗ
مُطْمَئِنٌّۢ بِالْاِيْمَانِ وَلٰكِنْ مَّنْ شَرَحَ بِالْكُفْرِ صَدْرًا
فَعَلَيْهِمْ غَضَبٌ مِّنَ اللّٰهِ ۚ وَلَهُمْ عَذَابٌ عَظِيْمٌ ﴿١٠٦﴾
ذٰلِكَ بِاَنَّهُمُ اسْتَحَبُّوا الْحَيٰوةَ الدُّنْيَا عَلَى الْاٰخِرَةِ ۙ
وَاَنَّ اللّٰهَ لَا يَهْدِي الْقَوْمَ الْكٰفِرِيْنَ ﴿١٠٧﴾ اُولٰٓئِكَ
الَّذِيْنَ طَبَعَ اللّٰهُ عَلٰى قُلُوْبِهِمْ وَسَمْعِهِمْ وَاَبْصَارِهِمْ ۚ
وَاُولٰٓئِكَ هُمُ الْغٰفِلُوْنَ ﴿١٠٨﴾ لَا جَرَمَ اَنَّهُمْ فِي الْاٰخِرَةِ
هُمُ الْخٰسِرُوْنَ ﴿١٠٩﴾ ثُمَّ اِنَّ رَبَّكَ لِلَّذِيْنَ هَاجَرُوْا
مِنْۢ بَعْدِ مَا فُتِنُوْا ثُمَّ جٰهَدُوْا وَصَبَرُوْٓا ۙ اِنَّ رَبَّكَ
مِنْۢ بَعْدِهَا لَغَفُوْرٌ رَّحِيْمٌ ﴿١١٠﴾ يَوْمَ تَأْتِيْ كُلُّ نَفْسٍ تُجَادِلُ

કહેવું કેટલુ ખોટુ અને બેશરમીનું કામ છે. અલ્લાહનું કરવું કે જે ગુલામ વિષે તેઓ એવું કહેતા હતા તેને પણ આ કલામની અજાયબીએ તાબે કર્યો અને તે પણ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના આજ્ઞાપાલકોના વર્તુળમાં જોડાયો અને સાચી રીતે નિખાલસતાથી ઇમાન લાવ્યો.

૩૪૩. અને તેને સાચી જાહેર કરતા નથી.

૩૪૪. કુરઆનનો ઇન્કાર અને રસૂલને જૂઠાડવાના કારણે.

૩૪૫. અર્થાત જૂઠ બોલવું અને આક્ષેપો મૂકવા એ બેઇમાનોનું જ કામ છે.

**મસઅલો** : આ આયતથી જણાયું કે જૂઠ બોલવું કબીરા ગુનાહોમાં સહુથી ખરાબ ગુનોહ છે.

૩૪૬. તેના પર અલ્લાહનો કેર.

૩૪૭. તેના પર ગઝબ નથી.

**શાને નુઝૂલ** : આ આયત અમ્માર બિન યાસિર વિષે ઉતરી તેમને અને તેમના બાપ યાસિર અને તેમની મા સમિય્યા અને સુહેબ અને બિલાલ અને ખબ્બાબ અને સાલિમ રદીયલ્લાહુ અન્હૂમને પકડીને કાફિરોએ સખત સખત તકલીફો આપી કે જેથી તેઓ ઇસ્લામથી ફરી જાય પણ એ લોકો ફર્યા નહિ ત્યારે કાફિરોએ હઝરત અમ્મારના માં-બાપને ખૂબજ નિર્દયતાથી મારી નાખ્યા અને અમ્માર વૃદ્ધ હતા નાસી શકતા ન હતા તેમણે લાચાર થઇને જ્યારે જોયું કે જીવ પર આવી બન્યું છે ત્યારે અનિચ્છાએ કુફ્ર કલમો બોલી નાખ્યો. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમને ખબર આપવામાં આવી કે અમ્માર કાફિર બની ગયા ત્યારે આપે ફરમાવ્યું કે, કદાપી નહિ! અમ્માર માથાથી પગ સુધી ઇમાનથી ભરેલા છે અને તેના માંસ અને લોહીમાં

عَنْ نَّفْسِهَا وَتُوَفّٰى كُلُّ نَفْسٍ مَّا عَمِلَتْ وَهُمْ لَا
يُظْلَمُوْنَ ﴿١١١﴾ وَضَرَبَ اللّٰهُ مَثَلًا قَرْيَةً كَانَتْ اٰمِنَةً
مُّطْمَئِنَّةً يَّاْتِيْهَا رِزْقُهَا رَغَدًا مِّنْ كُلِّ مَكَانٍ فَكَفَرَتْ
بِاَنْعُمِ اللّٰهِ فَاَذَاقَهَا اللّٰهُ لِبَاسَ الْجُوْعِ وَالْخَوْفِ بِمَا
كَانُوْا يَصْنَعُوْنَ ﴿١١٢﴾ وَلَقَدْ جَآءَهُمْ رَسُوْلٌ مِّنْهُمْ فَكَذَّبُوْهُ
فَاَخَذَهُمُ الْعَذَابُ وَهُمْ ظٰلِمُوْنَ ﴿١١٣﴾ فَكُلُوْا مِمَّا رَزَقَكُمُ اللّٰهُ
حَلٰلًا طَيِّبًا وَّاشْكُرُوْا نِعْمَتَ اللّٰهِ اِنْ كُنْتُمْ اِيَّاهُ
تَعْبُدُوْنَ ﴿١١٤﴾ اِنَّمَا حَرَّمَ عَلَيْكُمُ الْمَيْتَةَ وَالدَّمَ وَلَحْمَ
الْخِنْزِيْرِ وَمَآ اُهِلَّ لِغَيْرِ اللّٰهِ بِهٖ فَمَنِ اضْطُرَّ غَيْرَ
بَاغٍ وَّلَا عَادٍ فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿١١٥﴾ وَلَا تَقُوْلُوْا لِمَا
تَصِفُ اَلْسِنَتُكُمُ الْكَذِبَ هٰذَا حَلٰلٌ وَّهٰذَا حَرَامٌ

**અને દરેક જીવને તેના કર્મો બદલ પુરૂ ભરણું આપવામાં આવશે અને તેમના પર ઝુલ્મ નહિ થાય[૩૫૮] (૧૧૧) અને અલ્લાહે દ્રષ્ટાંત આપ્યું[૩૫૯] એક ગામ[૩૬૦] જે શાંતિ અને રાહતમાં હતું[૩૬૧] દરેક બાજુથી તેની રોજી વિપુલ પ્રમાણમાં આવતી ત્યારે તેઓ અલ્લાહની નેઅમતોની નાશુક્રી કરવા માંડયા[૩૬૨] તો અલ્લાહે તેમને એવી સજા ચખાડી કે તેને ભૂખ અને ભયનો પોશાક પહેરાવ્યો.[૩૬૩] તેમના કર્મોનો બદલો (૧૧૨) અને બેશક ! તેમની પાસે તેમનામાંથી જ એક રસૂલ પધાર્યો[૩૬૪] તો તેમણે તેને જૂઠાડયો તો તેમને અઝાબે પકડયા[૩૬૫] અને તેઓ અન્યાયી હતા (૧૧૩) તો અલ્લાહની આપેલી રોજી[૩૬૬] હલાલ પાક ખાઓ[૩૬૭] અને અલ્લાહની નેઅમતનો આભાર માનો જો તમે તેને પૂજતા હોવ તો (૧૧૪) તમારા પર તો આટલું જ હરામ કર્યું છે (કે) મરેલું અને લોહી અને સુવ્વરનું માંસ અને જેને ઝુબેહ કરતી વખતે અલ્લાહ સિવાય બીજાનું નામ પોકારવામાં આવ્યુ હોય તે.[૩૬૮] પછી જે લાચાર હોય[૩૬૯] ઇચ્છા કર્યા વગર અને હદથી વધ્યા વગર[૩૭૦] તો બેશક ! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૧૧૫) અને તે કહો નહિ જે તમારી જીભો જૂઠ બોલે છે (કે) આ હલાલ છે અને આ હરામ છે કે(એવી રીતે)**

ઇમાન પેસી ગયું છે. પછી હઝરતે અમ્માર રડતાં રડતાં આપની સેવામાં આવ્યા. હુઝૂરે ફરમાવ્યું, શું થયું ? કહ્યું, અય અલ્લાહના રસૂલ ! ઘણું ખરાબ થયું ખૂબ ખરાબ શબ્દો મારી જીભ પર આવ્યાં. ફરમાવ્યું, તે સમયે તારા દિલની હાલત કેવી હતી ? કહ્યું, દિલ ઇમાન પર ખૂબ જામેલુ હતું. હુઝૂરે તેમના પર ખૂબ હેત દેખાડયું અને કહ્યું, ફરી જો આવું બને તો આમ જ કરવું જોઇએ. (ખાઝિન)

**મસઅલો** : આયતથી જણાયું કે લાચારીની હાલતમાં જીભ પર કુફ્રનો શબ્દ આવી જાય તો જાઇઝ છે જ્યારે કે માણસને પોતાનો જીવ અથવા શરીરનો કોઇ અવયવ જવાનો ભય હોય.

**મસઅલો** : જો એવી હાલતમાં સબર કરે અને મારી નાખવામાં આવે તો તેને સવાબ મળશે અને શહીદ ગણાશે. જેમકે હઝરત ખૂબેબ રદીયલ્લાહુ અન્હૂએ સબર કરી અને તેમને સૂળીએ લટકાવીને શહીદ કરી દેવાયા.

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે તેમને સૈયદુશ્શુહદાનું નામ આપ્યું.

**મસઅલો** : જે માણસને લાચાર કરવામાં આવે અને જો તેનું દિલ ઇમાન પર જામેલુ ન હોય તો તે કુફ્ર કલામ જીભ પર લાવવાથી કાફિર થઇ જશે.

**મસઅલો** : જો કોઇ માણસ લાચારી વગર મજાક મશ્કરીમાં અથવા અજ્ઞાનતાથી કુફ્ર કલામ ઝબાન પર લાવે તો કાફિર થઇ જશે. (તફસીરે અહમદી)

૩૪૮. ખુશી અને આસ્થા સાથે.

૩૪૯. અને જ્યારે આ દુનિયા ઇસ્લામથી ફરી જવાનું કારણ બને છે.

૩૫૦. ન તેઓ ચિંતન કરે છે ન શિખામણો પર કાન ધરે છે ન તો સદમાર્ગને જુએ છે.

૩૫૧. કે પોતાનું પરિણામ વિચારતા નથી.

૩૫૨. કે તેમના માટે કાયમનો અઝાબ છે.

૩૫૩. અને મક્કા શરીફથી મદીના શરીફ તરફ હિજરત કરી.

૩૫૪. કાફિરોએ તેમના પર અત્યાચારો ગુજાર્યા અને તેમને કુફ્ર પર લાચાર કર્યા.

૩૫૫. હિજરત કર્યા પછી.

૩૫૬. હિજરત જિહાદ અને સબર.

૩૫૭. તે કયામતનો દિવસ છે જ્યારે દરેક નફસી નફસી પોકારતું હશે અને બધાને પોત પોતાની જ પડી હશે.

૩૫૮. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હૂમાએ આ આયતની તફસીરમાં ફરમાવ્યું છે કે, કયામતના દિવસે લોકોમાં એક બીજાનો વિરોધ એટલો વધી જશે કે શરીર અને જીવમાં ઝઘડો થશે. જીવ કહેશે, યા અલ્લાહ ! મારે તો હાથ હતા નહિ કે હું કોઇને પકડું ન પગ હતા કે જેનાથી ચાલું ન આંખો હતી કે જેનાથી જોઉ. શરીર કહેશે કે, યા અલ્લાહ ! હું લાકડાની જેમ હતું ન મારા હાથ પકડી શકતા હતા, ન પગ ચાલી શકતા હતા, ન આંખો દેખી શકતી હતી, જ્યારે આ જીવ પ્રકાશના કિરણ જેમ આવ્યો તો એનાથી મારી જીભ બોલવા માંડી, આંખ જોવા લાગી, પગોએ ચાલવાનું શરૂ કર્યુ, જે કંઇ કર્યું તે એણે જ કર્યું. ત્યારે અલ્લાહ એક દ્રષ્ટાંત આપશે કે, એક આંધળો અને એક અપંગ, બન્ને એક વાડીમાં ગયા, આંધળાને ફળો દેખાતાં હતાં નહિ અને અપંગનો હાથ ત્યાં સુધી પહોંચતો ન હતો, ત્યારે આંધળાએ અપંગને પોતાની ઉપર બેસાડયો અને એ રીતે તેમણે ફળો તોડયાં. તો તે બન્ને સજાને પાત્ર ઠર્યા. માટે શરીર અને જીવ બન્ને ગુનેહગાર છે.

૩૫૯. એવા લોકો માટે જેમના પર અલ્લાહે ઇનામ ઉતાર્યું અને તેઓ ઇનામ પર ઘમંડી બનીને નાશુક્રી કરવા લાગ્યા અને કાફિર થઇ ગયા અને અલ્લાહની નારાજીનું કારણ બન્યું, એની મિસાલ એમ સમજો જાણે કે...

૩૬૦. દા.ત. મક્કા.

૩૬૧. તેમના પર ન તો દુશ્મન ચઢાઇ કરી શકતો હતો ન ત્યાંના લોકો કત્લ અને કેદની મુસીબતોમાં સપડાતા હતા.

૩૬૨. અને તેમણે અલ્લાહના નબી સલ્લલ્લાહુ અલયહે વસલ્લમને જૂઠાડયા.

૩૬૩. કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની દુઆના કારણે સાત વર્ષો સુધી દુકાળની મુસીબતમાં સપડાએલા રહ્યા એટલે સુધી કે મુરદાર ખાતા હતા પછી શાંતિ અને રાહતને બદલે ભય અને બ્હીક તેમના પર લાદી દેવામાં આવ્યાં અને દરેક પળે મુસલમાનોના હુમલાનો ભય રહેવા લાગ્યો.

૩૬૪. અર્થાત સૈયદે અમ્બિયા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ.

૩૬૫. ભૂખ અને ભયના.

૩૬૬. જે તેને સૈયદે અમ્બિયા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ.

૩૬૭. આ હરામ અને નાપાક વસ્તુઓના બદલે જે ખાતા હતા, લૂંટ, ઝપટ અને નાપાક કમાણીઓથી મેળવેલી. વધુ તફસીરકારોના મતે આ આયતમાં મુસલમાનોને સંબોધન કરાયું છે. અને એક કથન એવું પણ

لِّتَفۡتَرُوۡا عَلَی اللّٰہِ الۡکَذِبَ ؕ اِنَّ الَّذِیۡنَ یَفۡتَرُوۡنَ
عَلَی اللّٰہِ الۡکَذِبَ لَا یُفۡلِحُوۡنَ ﴿۱۱۶﴾ مَتَاعٌ قَلِیۡلٌ ۪
وَّ لَہُمۡ عَذَابٌ اَلِیۡمٌ ﴿۱۱۷﴾ وَ عَلَی الَّذِیۡنَ ہَادُوۡا حَرَّمۡنَا
مَا قَصَصۡنَا عَلَیۡکَ مِنۡ قَبۡلُ ۚ وَ مَا ظَلَمۡنٰہُمۡ وَ لٰکِنۡ
کَانُوۡۤا اَنۡفُسَہُمۡ یَظۡلِمُوۡنَ ﴿۱۱۸﴾ ثُمَّ اِنَّ رَبَّکَ لِلَّذِیۡنَ
عَمِلُوا السُّوۡٓءَ بِجَہَالَۃٍ ثُمَّ تَابُوۡا مِنۡۢ بَعۡدِ ذٰلِکَ
وَ اَصۡلَحُوۡۤا ۙ اِنَّ رَبَّکَ مِنۡۢ بَعۡدِہَا لَغَفُوۡرٌ رَّحِیۡمٌ ﴿۱۱۹﴾
اِنَّ اِبۡرٰہِیۡمَ کَانَ اُمَّۃً قَانِتًا لِّلّٰہِ حَنِیۡفًا ؕ وَ لَمۡ یَکُ
مِنَ الۡمُشۡرِکِیۡنَ ﴿۱۲۰﴾ شَاکِرًا لِّاَنۡعُمِہٖ ؕ اِجۡتَبٰہُ وَ ہَدٰىہُ
اِلٰی صِرَاطٍ مُّسۡتَقِیۡمٍ ﴿۱۲۱﴾ وَ اٰتَیۡنٰہُ فِی الدُّنۡیَا حَسَنَۃً ؕ
وَ اِنَّہٗ فِی الۡاٰخِرَۃِ لَمِنَ الصّٰلِحِیۡنَ ﴿۱۲۲﴾ ثُمَّ اَوۡحَیۡنَاۤ اِلَیۡکَ

**અલ્લાહ પર જૂઠ ઠોકી બેસાડો.[૩૭૧] બેશક ! જેઓ અલ્લાહ પર જૂઠ ઠોકી બેસાડે છે તેમનું ભલું નહિ થાય (૧૧૬) થોડું વાપરવાનું છે[૩૭૨] અને એમના માટે દુ:ખદાયક અઝાબ છે [૩૭૩] (૧૧૭) અને ખાસ યહૂદીઓ પર અમે તે વસ્તુઓ હરામ કરી જે પહેલાં તમને સંભળાવી[૩૭૪]અને અમે તેમના પર જુલ્મ કર્યો નહિ, હા ! તેઓજ પોતાના જીવો પર જુલ્મ કરતા હતા[૩૭૫] (૧૧૮) પછી બેશક ! તમારો રબ તેમના માટે જે નાદાનીથી[૩૭૬] બુરાઇ કરી બેસે ફરી ત્યાર બાદ તવબહ કરે અને સારા બની જાય (તો) બેશક ! તમારો રબ ત્યાર પછી[૩૭૭] જરૂર માફ કરનાર મહેરબાન છે (૧૧૯) બેશક ! ઇબ્રાહીમ એક ઇમામ હતો[૩૭૮]અલ્લાહનો આજ્ઞાંકિત અને બધાથી જુદો[૩૭૯] અને મુશ્રિક ન હતો[૩૮૦] (૧૨૦) તેના એહસાનો બદલ શુક્ર કરનાર, અલ્લાહે તેને ચૂંટી કાઢયો[૩૮૧] અને તેને સીધો રસ્તો દેખાડયો (૧૨૧) અને અમે તેને દુનિયામાં ભલાઇ આપી[૩૮૨] અને બેશક ! તે આખેરતમાં નજીકીને લાયક છે (૧૨૨) પછી અમે તમને**

છે કે મક્કાના મુશ્રિકોને સંબોધન કરવામાં આવ્યું છે. કલ્બીએ કહ્યું કે, જ્યારે મક્કાવાસીઓ દુકાળના કારણે ભૂખથી પીડાયા અને તકલીફ વેઠવાની તાકાત રહી નહિ ત્યારે તેમના સરદારોએ સૈયદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કહ્યું, તમારાથી દુશ્મની તો પુરૂષો કરે છે સ્ત્રીઓ અને બાળકોને જે દુ:ખ થાય છે તેનો તો વિચાર કરો. ત્યારે હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમે રજા આપી કે તેમના માટે જમવાનું લઇ જવામાં આવે. આ આયતમાં તેનું બયાન છે. આ બન્ને કથનોમાં પહેલું વધારે ખરૂં છે. (ખાઝિન)

૩૬૮. અર્થાત તેને મૂર્તિઓના નામ પર ઝુબેહ કર્યું હોય.

૩૬૯. અને એ હરામ વસ્તુઓમાંથી કંઇક ખાધા વગર છુટકો ન હોય.

૩૭૦. એટલે કે જરૂર જેટલા પર સબર કરે.

૩૭૧. અજ્ઞાનયુગના લોકો પોતાની તરફથી અમુક વસ્તુઓને હલાલ અને અમુકને હરામ ઠેરવી લેતા હતા અને કહેતા હતા કે આ અલ્લાહે કર્યું છે તેની મનાઇ ફરમાવવામાં આવી અને અલ્લાહ પર આક્ષેપ મૂકવાનું કહ્યું. આજકાલ પણ જે લોકો હલાલ વસ્તુઓને હરામ કહે છે જેમકે મીલાદ શરીફની શીરીની, ફાતિહા, ઉર્સ, અગ્યારમી શરીફ વિગેરે ઇસાલે સવાબની વસ્તુઓ જેનું હરામ હોવું શરીઅતમાં આવ્યું નથી, તેઓને આ આયતના હુકમથી ડરવું જોઇએ કે આવી વસ્તુઓ વિષે એવું કહેવું કે આ શરીઅતમાં હરામ છે એ અલ્લાહ પર જૂઠ ઠોકી બેસાડવા જેવું છે.

૩૭૨. અને દુનિયાની અમુક દિવસોની રાહત છે જે બાકી રહેનાર નથી.

૩૭૩. આખેરતમાં.

**વહી મોકલી કે ઇબ્રાહીમના દીન અનુસાર[૩૮૩] ચાલો જે દરેક અસત્યથી અલગ હતો અને મુશ્રિક ન હતો (૧૨૩) શનિવાર તો તેમના પર જ મૂકવામાં આવ્યો હતો જે તેમાં મતભેદ કરનાર થઇ ગયા હતા[૩૮૪] અને બેશક ! તમારો પરવરદિગાર તમારો રબ કયામતના દિવસે તેમનામાં ફેંસલો કરી દેશે જે વાતમાં મતભેદ કરતા હતા[૩૮૫] (૧૨૪) પોતાના રબના રસ્તા તરફ બોલાવો[૩૮૬] પાકી તદબીર અને સારી શિખામણ વડે[૩૮૭] અને એમની સાથે એવી રીતે ચર્ચા કરો જે સર્વોત્તમ હોય.[૩૮૮] બેશક ! તમારો રબ સારી રીતે જાણે છે જે તેના માર્ગથી ભટકયો (હોય તેને) અને તે ખૂબ જાણે છે માર્ગ પામેલાઓને (૧૨૫) અને જો તમે સજા આપો તો તેવી જ સજા આપો જેવી તકલીફ તમને આપી હતી[૩૮૯] અને જો તમે સબર કરો[૩૯૦] તો બેશક ! સબરવાળાઓને સબર સર્વશ્રેષ્ઠ (છે) (૧૨૬) અને અય મહબૂબ ! તમે સબર કરો, અને તમારો સબર અલ્લાહની દેણથી જ છે, અને તેમની ચિંતા કરો નહિ[૩૯૧] અને તેમની ચાલબાજીઓથી દિલ તંગ થાવ નહિ[૩૯૨] (૧૨૭) બેશક ! અલ્લાહ તેમની સાથે છે જેઓ ડરે છે અને જેઓ નેકીઓ કરે છે (૧૨૮)**

النحل ١٦ ربما ١٤

أَنِ اتَّبِعْ مِلَّةَ إِبْرٰهِيمَ حَنِيفًا ۖ وَمَا كَانَ مِنَ
الْمُشْرِكِينَ ﴿١٢٣﴾ إِنَّمَا جُعِلَ السَّبْتُ عَلَى الَّذِينَ اخْتَلَفُوا
فِيهِ ۚ وَإِنَّ رَبَّكَ لَيَحْكُمُ بَيْنَهُمْ يَوْمَ الْقِيٰمَةِ
فِيمَا كَانُوا فِيهِ يَخْتَلِفُونَ ﴿١٢٤﴾ ادْعُ إِلٰى سَبِيلِ رَبِّكَ
بِالْحِكْمَةِ وَالْمَوْعِظَةِ الْحَسَنَةِ ۖ وَجَادِلْهُمْ بِالَّتِي
هِيَ أَحْسَنُ ۚ إِنَّ رَبَّكَ هُوَ أَعْلَمُ بِمَنْ ضَلَّ عَنْ
سَبِيلِهِ ۖ وَهُوَ أَعْلَمُ بِالْمُهْتَدِينَ ﴿١٢٥﴾ وَإِنْ عَاقَبْتُمْ
فَعَاقِبُوا بِمِثْلِ مَا عُوقِبْتُمْ بِهِ ۖ وَلَئِنْ صَبَرْتُمْ لَهُوَ
خَيْرٌ لِلصّٰبِرِينَ ﴿١٢٦﴾ وَاصْبِرْ وَمَا صَبْرُكَ إِلَّا بِاللَّهِ ۚ وَلَا تَحْزَنْ
عَلَيْهِمْ وَلَا تَكُ فِي ضَيْقٍ مِمَّا يَمْكُرُونَ ﴿١٢٧﴾ إِنَّ اللَّهَ
مَعَ الَّذِينَ اتَّقَوْا وَالَّذِينَ هُمْ مُحْسِنُونَ ﴿١٢٨﴾

૩૭૪. સૂરએ 'અન્‌આમ' માં ''વઅલ્લઝીન હાદુ હર્રમના કુલ્લ ઝીઝૂફર...'' વાળી આયત.

૩૭૫. બંડખોરી અને ગુનાહો કરીને જેની સજામાં તે વસ્તુઓ તેમના પર હરામ થઇ. જેમકે 'ફબિઝુલમીમ્મીનલ લઝીન હાદુ...' માં ફરમાવ્યું છે.

૩૭૬. પરિણામનો વિચાર કર્યા વગર.

૩૭૭. અર્થાત તવબહ પછી.

૩૭૮. નેક આદતો અને સુસ્વભાવ તેમજ સદ્‌ગુણોનું એકત્રીકરણ.

૩૭૯. દીને ઇસ્લામ પર જામેલો.

૩૮૦. આમાં કુરૈશી કાફિરોને રદિયો અપાયો છે જેઓ પોતાને ઇબ્રાહીમી દીનને અનુસરનાર કહેતા હતા.

૩૮૧. પોતાની નુબુવ્વત અને ખુલ્લત (ગાઢ મિત્રતા) માટે.

૩૮૨. રસૂલ બનાવ્યા દૌલત આપી ઔલદથી નવાજ્યા દુનિયામાં વખાણ કરાવ્યાં અને સંપૂર્ણ માન આપ્યું કે બધા જ ધર્મોવાળા મુસલમાન અને યહૂદીઓ તેમજ ખ્રિસ્તીઓ અને અરબના મુશ્રિકો બધા જ તેમને માનની નજરે જુએ છે અને તેમની સાથે પ્રેમ ધરાવે છે.

૩૮૩. 'ઇત્તેબાઅ' (અનુસરણ) નો મતલબ અહીં અકીદાઓ અને દીનની પાયાની વાતોમાં સરખાપણું હોવું છે. સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમને આવી 'ઇત્તેબા' નો હુકમ કરવામાં આવ્યો, એમાં આપની અઝમત (મહત્તા) મન્ઝેલત (ઉચ્ચ સ્થાન) અને મહોબ્બત જાહેર થાય છે, કારણ કે આપનું દીને

ઇબ્રાહીમને અનુસરવું એ હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલાતો વસ્સલામ માટે તેમની તમામ મહત્તા અને કમાલોમાં સહુથી ઊંચી મહત્તા અને માન છે, કારણ કે હુઝૂર પહેલા - પાછલામાં સહુથી વધારે માનમરતબો ધરાવનાર છે જેમકે સહીહ હદીષમાં બયાન થયું છે અને બધા જ પૈગમ્બરો અને તમામ મખ્લૂક કરતાં આપનો મરતબો ઊંચો છે.

૩૮૪. અર્થાત શનિવારનું માન જાળવવું અને તે દિવસે શિકાર ન કરવો અને ઇબાદત માટે સમય કાઢવો યહૂદીઓ પર ફર્ઝ કરવામાં આવ્યું હતું અને એ બનાવ એમ બન્યો હતો કે, હઝરત મૂસા અલયહિસ્સલામે તેમને જુમ્‌આના દિવસનું સન્માન કરવાનો હુકમ કર્યો હતો અને કહ્યું હતું કે અઠવાડિયામાં એક દિવસ અલ્લાહની ઇબાદત માટે નક્કી કરો તે દિવસે કંઇ કામકાજ કરો નહિ (રજા પાડો). આ બાબત તેમણે મતભેદ કર્યો અને કહ્યું, તે દિવસ જુમ્‌આ નહિ પણ શનિવાર હોવો જોઇએ, સિવાય કે એક નાનું જુથ જે હઝરત મૂસા અલયહિસ્સલામના કહેવાથી જુમ્મા બાબત રાજી થઇ ગયું હતું. અલ્લાહ તઆલાએ યહૂદીઓને શનિવારની પરવાનગી આપી અને શિકાર હરામ ઠેરવીને અજમાયશમાં નાખ્યા. તો જે લોકો જુમ્‌આથી રાજી હતા તે તો આજ્ઞાંકિત રહ્યા અને તેમણે આ હુકમ પણ માની લીધો પણ બાકીના લોકો સબર કરી શક્યા નહિ તેમણે (શનિવારે) શિકાર કર્યો અને પરિણામ એ આવ્યું કે તેમની શિકલો બગાડી નાખવામાં આવી. આ બનાવ વિગતવાર 'સૂરએ અઅરાફ' માં બયાન થઇ ચૂક્યો છે.

૩૮૫. એવી રીતે કે આજ્ઞાંકિતને સવાબ આપશે અને અનાજ્ઞાકિત ને સજા કરસે. ત્યાર બાદ સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમને સંબોધન કરવામાં આવે છે.

૩૮૬. અર્થાત મખ્લૂકને ઇસ્લામનું નિમંત્રણ આપો.

૩૮૭. પાકી તદબીરનો મતલબ તે મજબૂત દલીલ છે જે સત્યને સ્પષ્ટ અને શંકાઓને દૂર કરી આપે, અને સારી શિખામણનો મતલબ સવાબ અને નેઅમતોના વાયદાઓ અને અઝાબનો ડર દેખાડવો.

૩૮૮. સર્વોત્તમ રીતનો મતલબ એ છે કે અલ્લાહ તઆલા તરફ તેની આયતો અને દલીલો વડે બોલાવે.

**મસઅલો** : આથી જણાયું કે હક તરફ બોલાવવા અને સત્ય જાહેર કરવા માટે 'મુનાઝરો' જાઇઝ છે.

૩૮૯. એટલે કે ગુનાહ જેટલી જ સજા હોય એનાથી વધારે ન હોય.

**શાને નુઝૂલ** : ઉહદની લડાઇમાં કાફિરોએ મુસલમાનોના શહીદોના ચહેરાઓને જખ્મી કરી તેમની શિકલો બદલી નાખી હતી અને તેમના પેટ ચીર્યાં હતાં, તેમના અવયવો કાપી નાખ્યા હતા. તે શહીદોમાં હઝરત હમઝા પણ હતા, હુઝૂર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમે જ્યારે તેમને જોયા ત્યારે આપને ઘણું લાગી આવ્યુ અને હુઝૂરે કસમ ખાધી કે, એક હમઝાનો બદલો સિત્તેર કાફિરો વડે લેવામાં આવશે અને સિત્તેર સિત્તેરની આવી જ દશા કરવામાં આવશે. ત્યારે આ આયત ઉતરી, પછી હુઝૂરે તે ઇરાદો જતો કર્યો અને પોતાની કસમનો કફફારો આપ્યો.

**મસઅલો** : 'મુસલા' એટલે કે નાક કાન વિગેરે કાપી નાખીને કોઇની શિકલ બગાડી નાખવી શરીઅતમાં હરામ છે. (મદારિક)

૩૯૦. અને વેર લો નહિ.

૩૯૧. જો તેઓ ઇમાન લાવે નહિ.

૩૯૨. કારણ કે તમારા સહાયક અને મદદગાર છીએ.